નીરવ®

નીરવ® પ્રકાશન

એજ્યુકેશનલ પબ્લિશર્સ

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ-1

ફોન નં. (ઓ) : 079-25352172, 25353572

E-mail : info@niravprakashan.com

નીરવ®

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જૂન-2017 ના નવા સુધારેલા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્.ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

SEMESTER-I

EDEPC-1301

પાઠ્યસામગ્રીનું વાંચન અને ચિંતન

Reading And Reflecting on Texts

બી.એડ્.

રીપ્રિન્ટ આવૃત્તિ

2021

નીરવ® પ્રકાશન

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના
જૂન - 2016 ના પ્રવર્તમાન નવા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્. ના
વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

(SEMESTER - I)

EDEPC - 1301

પાઠ્યસામગ્રીનું વાંચન અને ચિંતન

READING AND REFLECTING ON TEXTS

રીપ્રિન્ટ આવૃત્તિ : 2020-21 **(બી.એડ્.)** **₹. 80/-**

: લેખકો :

ડૉ. રવીન્દ્ર અંધારીયા (નિવૃત પ્રિન્સીપાલ) જી. એચ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, મુ. ભાવનગર.	**ડૉ. સુરેશ સી. પાડવી** એલ. એન. કે. કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. પાટણ.
ડૉ. મહેશ એ. વાઘેલા સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મુ. મહેસાણા.	**પ્રિ. ડૉ. વિઠ્ઠલભાઈ વી. ચૌધરી** રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ, મુ. મહેસાણા.
પ્રિ. ડૉ. સી. પી. સ્વામી શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, મુ. ઊંઝા.	**પ્રિ. ડૉ. હર્ષદ કે. પ્રજાપતિ** શ્રી અમરદીપ બી.એડ્. કોલેજ, મુ. પિલવાઈ.
ડૉ. પિનાક્ષીબેન પી. પટેલ માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, મુ. પાલનપુર.	**કાશ્મિરાબેન બી. પંડ્યા** (ઇન્ચાર્જ પ્રિન્સીપાલ) આશ કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. વિજાપુર.
નિલેશભાઈ એમ. પટેલ (ઇન્ચાર્જ પ્રિન્સીપાલ) ઉત્તર-પૂર્વ બી.એડ્. કોલેજ, મુ. પિલવાઈ.	**કનુભાઈ વાલાભાઈ પ્રણામી** વિદ્યાસાગર એમ.એડ્. કોલેજ, મુ. દાણોદરડા.
દમયંતીબેન એલ. પટેલ બી.એડ્. કોલેજ મુ. ત્રાંસવાડ.	**મોનિકાબેન અતુલભાઈ ભટ્ટ** એક્ષપરીમેન્ટલ કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. પ્રાંતિજ.

નીરવ પ્રકાશન

-: પ્રકાશક :-

નીરવ પી. શાહ

નીરવ® પ્રકાશન

(એજ્યુકેશનલ પબ્લિશર્સ)

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ-1.

ફોન નં. : (079) 25352172, 25323659, 25353320, 25353572

E-mail : info@niravprakashan.com

કિંમત ₹. 80/-

-: ચેતવણી :-

આ પુસ્તકના લખાણ કે તેના કોઇપણ ભાગને તેમજ તેની શૈલી, ગોઠવણી તથા રજૂઆતને બીજા કોઈપણ પાઠ્યપુસ્તક, ગાઇડ, મેગેઝિન, સજેશન, કસોટીપત્ર, પેમ્ફલેટ્સ, ઝેરોક્ષ કે અન્ય કોઈપણ પ્રકારના સ્વરૂપે છાપતાં કે ઉપયોગ કરતાં પહેલાં લેખકોની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી ખાસ આવશ્યક છે.

-: પ્રકાશકની નોંધ :-

નીરવ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પ્રકાશનમાં શક્ય તેટલી ચોક્સાઈ રાખી વિષયને ન્યાય આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આમ છતાં, કોઈ સંભવિત ત્રુટિ કે હકીકત દોષ રહી ગયેલાં હોય તો તેને કારણે પરીક્ષાનાં પરિણામો તેમજ અન્ય કોઈ બાબતો અંગે લેખક / પ્રકાશકની કોઈ જવાબદારી રહેતી નથી.

-: ગ્રાફિક્સ :-

મૌર્ય ગ્રાફિક્સ

44 - 45, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ - 1.

... અભ્યાસક્રમ...

એકમ – 1

(અ) વાચનનો અર્થ અને મહત્ત્વ

(બ) પાઠ્યસામગ્રીની વિવિધતા : વર્ણનાત્મક, વૃતાંત કે કથનાત્મક પાઠ્યસામગ્રી, નિરૂપણાત્મક પાઠ્યસામગ્રી, પાઠ્યપુસ્તક, સંદર્ભ સામગ્રી, પ્રયોગ મૂલક, સંકલ્પનાત્મક અને ઐતિહાસિક કાર્ય, નીતિ દસ્તાવેજો, શાળાને લગતા અભ્યાસ, અધ્યયન અને અધ્યાપન

(ક) ⇒ વાચન અર્થગ્રહણ : ઘટકો, વાચન અર્થગ્રહણનું સ્તર, વાચનના ભાવ, વાચન અર્થગ્રહણમાં જોડાયેલ જ્ઞાનાત્મક અને અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા.

⇒ જુદા જુદા પુસ્તકની સંરચના અને અર્થગ્રહણ વચ્ચેનો સંબંધ.

એકમ – 2

વાચન પ્રતિબિંબ : પૂર્વાલોકન, સંદર્ભીકરણ, પ્રશ્નોની સમજ અને યાદ રાખવું, પોતાની માન્યતાઓ અને મૂલ્યો સામેના પડકારો ઉપર પ્રતિબિંબ, રૂપરેખા અને સારાંશ, દલીલોનું મૂલ્યાંકન, વાચન સંબંધિત વિરોધાભાસ અને સરખામણી

⇒ વાચન સાથે લેખનનું સંયોજન

⇒ શ્રોતાઓ અને પ્રયોજન સાથેના અર્થમાં લેખન

⇒ અન્ય વિચારોના સંદર્ભમાં લેખન

અનુક્રમણિકા...

ક્રમ	વિગત	પાન. નં.
1	વાચનનો અર્થ અને મહત્ત્વ	01
2	પાઠ્યસામગ્રીની વિવિધતા	31
3	વાચન અર્થગ્રહણ	45
4	પુસ્તકની સંરચના અને અર્થગ્રહણ	63
5	ચિંતનાત્મક વિચાર	81
6	વાચન પ્રતિબિંબ (ચિંતનાત્મક વાચન)	95
7	વાચન અને લેખન	101
	પ્રશ્નપત્ર : January – 2018	107

પ્રકરણ. 1

વાચનનો અર્થ અને મહત્ત્વ

1.1 પ્રસ્તાવના

1.2 અર્થ અને સંકલ્પના

1.2.1 કોશગત અર્થ

1.2.2 વ્યાવહારિક અર્થ / પ્રક્રિયાગત અર્થ

1.2.3 પરિભાષાગત અર્થ

1.2.4 વાચનની સંકલ્પના

1.3 વાચનનાં ધ્યેયો

1.4 વાચનનું મહત્ત્વ

1.4.1 જ્ઞાનપ્રાપ્તિનું સંગીન સાધન

1.4.2 વ્યક્તિત્વ વિકાસનું સાધન

1.4.3 સાર્થક અભિવ્યક્તિ માટે વાચન

1.4.4 દૈનિક કાર્યો માટે વાચનનું મહત્ત્વ

1.4.5 સાંસ્કૃતિક વિકાસ માટે વાચન

1.4.6 શૈક્ષણિક દૃષ્ટિએ વાચનનું મહત્ત્વ

1.5 વાચન શોખ વિકસાવવા માટેના પ્રયાસો

✿ સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના

કલ્પના કરો કે, મનુષ્યને વાંચતાં જ ન આવડ્યું હોત તો ? જીવન કેવું અંધકારમય ભાસે છે ! વાચન ન હોત તો જીવનરસ સુકાવા લાગત. કદાચિત તેથી જ વિશ્વનો કોઈપણ શાળેય અભ્યાસક્રમ, વાચનને સમાવિષ્ટ કર્યા વગરનો નહિ હોય. વિશ્વની તમામ માનવજાતે વાચનનો મહિમા સ્વીકાર્યો છે. પોતાની વાચન માહિતીનો મહાસાગર પગ પાસે લાવી મૂકે છે, તો વાચન દિવ્યાનુભૂતિના દરવાજા ખોલી આપે છે. વળી એકવીસમી સદી તો માહિતીના વિસ્ફોટની સદી છે. વિશ્વ સમાજ વૈશ્વિક સમાજમાં રૂપાંતરિત થઈ રહ્યો છે. તમામ જીવનમૂલ્યોમાં જ્ઞાન મૂલ્ય સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. તેથી જે સમાજ પાસે વધુ જ્ઞાન તે સમાજ સર્વોપરી સમાજ બનશે. સમાજને જ્ઞાન સમાજ બનાવશે.

1.2 અર્થ

કોઈપણ શબ્દના ત્રણ પ્રકારના અર્થ મળી શકે. તે પ્રકાર આ મુજબ છે :

1.2.1 કોશગત અર્થ

1.2.2 વ્યાવહારિક અર્થ / પ્રક્રિયાગત અર્થ

1.2.3 પરિભાષાગત અર્થ

પ્રથમ કોશગત અર્થ જોઈએ....

1.2.1 કોશગત અર્થ

(અ) ભગવદ્‌ગોમંડળ :

ભગવદ્‌ગોમંડળ એ આઝાદી પૂર્વે ગોંડલ નરેશ શ્રી ભગવતસિંહજીના માર્ગદર્શનમાં તૈયાર થયેલ બાર મંડળનો શબ્દકોશ છે. તેમાં વાચન અંગે આ મુજબનો અર્થ આપેલ છે :

વાચન એટલે વાંચવું તે, પાઠ કરવો, ભણવું તે, વાંચવાની ઢબ, વાંચવાની રીત, ધારાસભામાં બિલ રજૂ થાય તે, પ્રતિપાદન.

(બ) સાર્થ જોડણી કોશ :

'સાર્થ ગુજરાતી જોડણી કોશ' વાચનનો અર્થ આ રીતે અપાયો છે. વાંચ > વાચક > વાંચન, વાંચવું તે, વાંચવાની ઢબ, ધારાસભામાં ચર્ચા માટે બિલ આવવું તે, 'રીડિંગ'. મૂળ લખાણનું પઠન કરવું તે.

હવે અંગ્રેજી શબ્દકોશગત અર્થ જાણીએ.

The Greater Dictionary :

Reading to understand the meaning of something written or printed, to speak aloud something written or printed, to determine the intent or mood of, to comprehend, to indicate, founder take course of study, read between the line.

Oxford English Dictionary :

Inspect and silently interpret or say aloud (letter, words, sentences, etc.) by passing eyes or fingers over written or printed, engraved, or embossed characters; render (written or printed matter) in speech, esp. aloud or to other person can also with pers, take the sense of a book, or magazine, or habitually, peruse an another writtings, a newspaper etc. by inspecting and interpreting letters.

1.2.2 વ્યાવહારિક અર્થ / પ્રક્રિયાગત અર્થ

❑ **વાચનનો પ્રક્રિયાગત અર્થ :**

વાચન એક જટિલ પ્રક્રિયા છે. તેની શરૂઆત મુદ્રિત આકૃતિઓ જોવાથી થાય છે અને એ મુદ્રિત આકૃતિઓ જોયા પછી તેમાંથી સર્જાતા અર્થના બોધન સમયે પૂર્ણ થાય છે. એટલે જો વાચનનો પ્રક્રિયાગત અર્થ કરવો હોય તો આ રીતે થઈ શકે : વાચન એટલે ચર્મચક્ષુ દ્વારા (અંધ વ્યક્તિ આંગળીઓના સ્પર્શથી) મુદ્રિત આકૃતિઓને જોવી, એ આકૃતિઓને ઓળખવી, આકૃતિઓ વચ્ચેનો સંબંધ ઊભો કરવો અને તેના દ્વારા કોઈ એક પ્રતિબિંબની રચના કરવી, ત્યારબાદ આ પ્રતિબિંબને પૂર્વાનુભવ જોડે સાંકળવું અને તેનો અર્થ તારવવો.

1.2.3 પરિભાષાગત અર્થ

કોઈપણ વિચારને સૈદ્ધાંતિક સ્વરૂપ આપવાની જરૂર ઊભી થાય ત્યારે પ્રથમ તેનો પરિભાષાગત અર્થ રચવામાં આવે છે. વાચન એટલે ? એ પ્રશ્ન અનુત્તર રહે છે. આવા તબક્કે પરિભાષાગત અર્થ ખપમાં આવે છે. વાચનનો પરિભાષાગત અર્થ આ મુજબ થાય છે.

1.2.4 વાચનની વ્યાખ્યા (સંકલ્પના)

ઘણા મનોવૈજ્ઞાનિકોએ વાચનની વ્યાખ્યા આપવા પ્રયત્ન કર્યા છે. જેમ બુદ્ધિની વ્યાખ્યાની બાબતમાં મતભેદ છે, તેવા જ મતભેદ વાચનની વ્યાખ્યામાં પણ જોવા મળે છે. વાચનની કોઈ એક સર્વસામાન્ય વ્યાખ્યા નથી. વાચનની વિવિધ વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

- "સંજ્ઞાઓ અને અવાજોને જોઈ તેનો અર્થઘટન કરવાની શક્તિને વાચનશક્તિ કહે છે." **– રોબિન્સન**

  "Reading ability is the ability to perceive and interpret the sounds and symbols. **– Robinson**

- "વાચન એ અર્થ સંશોધવાની અને પ્રાપ્ત કરવાની સક્રિય પ્રક્રિયા છે." **– જહોન જે. ડેબોર**

  "Reading is an active process of reaching and searching for meaning." **– John J. Deboer**

- "વાચન એ ચિંતનાત્મક પ્રક્રિયા છે." **– બેટ્સ**

  "Reading is a process of thinking. **– E. A. Betts**

- "વાચન એ તર્કની પ્રક્રિયા છે." **– થોર્નડાઇક**

  "Reading is a process of Reasoning."

  – E. L. Thorndike

- "વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે." **– ગુડમેન**

  "Reading is a meaning seeking rather than meaning extracting process." **– Goodman**

- "વાચન એ શાબ્દિક અર્થગ્રહણ કરતાં કંઈ વિશેષ છે."

  (OR)

  "વાચન એ માત્ર મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રાપ્તિના કરતાં પણ વિશેષ છે." **– રુથ સ્ટ્રેંગ**

  "Reading, as we now view it, is more than seeing words, clearly, more than pronouncing printed words correctly, more than recognizing the meaning of individual words."

  – Ruth Strang

❑ **ટૂંકમાં, વાચન એટલે....**

- મુદ્રિત શબ્દો કે સંકેતોના અર્થગ્રહણની પ્રક્રિયા.
- શબ્દોમાંથી સાચું અનુમાન તારવવાની શક્તિ.
- શબ્દોના અનેક વિચારોનો સમન્વય અને તેમના વચ્ચેના સંબંધો જોવાની પ્રક્રિયા.
- શબ્દો કે સંકેતોને અર્થઘટન કરવાની પ્રક્રિયા.
- માનવીને માનવ બનાવનારી પ્રક્રિયા.
- અર્થ, તારવણી, ચિંતન, વિચાર કે તર્કની પ્રક્રિયા.
- લિપિબદ્ધ શબ્દોને જોઈને ઉકેલવા અને સમજવા.
- વ્યંજનાની કક્ષાએ પહોંચવાની પ્રક્રિયા.
- પ્રતીકોનું દૃશ્ય–ધ્વનિ અને અર્થઘટન સ્વરૂપ.

આમ, વાચન એ વાક્ય કે શબ્દમાં આવતા અક્ષરો કે સંકેતોના ધ્વનિને એક પછી એક ક્રમશઃ ઉકેલીને બોલવાની પ્રક્રિયા છે. બીજા શબ્દોમાં કહીએ તો, વાચન એ મુદ્રિત શબ્દોના અર્થગ્રહણ વગર ઉચ્ચારણની પ્રક્રિયા છે.

❑ **વાચન સાથે ત્રણ બાબતો સંકળાયેલી છે.**

(1) વાચકની ક્ષમતા

(2) વાચકની શીખવાની તત્પરતા–વાચનની ક્રમિકતા.

(3) મુદ્રિત સંકેતોનું દર્શન, ઓળખ, ભેદપરખ, અર્થઘટન, તર્ક, વિચાર અને ચિંતનની પ્રક્રિયા.

હવે દરેક વ્યાખ્યાને વિગતે સમજીએ.....

ડેબોરના અભિપ્રાય મુજબ, વાચન એ અર્થ સંશોધવાની અને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા, સક્રિય પ્રક્રિયા છે. બેશક વાચન પ્રક્રિયા મુદ્રિત સામગ્રીમાંથી અર્થ સંશોધવાની પ્રક્રિયા જરૂર છે, પછી સંશોધિત અર્થને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. જો અર્થ ન મળવાનો હોય તો મુદ્રિત સામગ્રી પર નજર ફેરવ્યા કરવાનો શો અર્થ ? અર્થ મેળવ્યા વગરનું શ્રેષ્ઠ વાચન તો કેમેરો કરી શકે, પરંતુ તેથી તેને કોઈ શ્રેષ્ઠ વાચક કહેશે નહિ. કારણ કે વાચનનો મૂળ હેતુ જ અર્થની પ્રાપ્તિ છે. બાકી તો બધી દેહધર્મ ક્રિયાઓ છે.

અલબત્ત, આપણે આગળ જોઈ ગયા છીએ કે, વાચન પ્રક્રિયા પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા તથા સંદર્ભમાં શબ્દનો અર્થ તારવવાની ક્રિયા. અલબત્ત, એક બાબત સ્વીકારી શકાય તેવી છે અને તે અર્થ શોધવાની, પ્રાપ્ત કરવાની સક્રિય પ્રક્રિયા. અહીં સક્રિય શબ્દ મહત્ત્વનો છે. વાચકની સક્રિયતાને પરિણામે જ વાચન શક્ય બને છે. જેમ ઘોડાને તરસ ન લાગી હોય છતાં અવેડા સુધી તેને લઈ જઈ શકાય. પરંતુ તેને પાણી ન પાઈ શકાય એવું જ વાચકનું છે. જો તે સક્રિય ન થાય તો વાચન શક્ય ન બને, માટે સક્રિય શબ્દ મહત્ત્વનો છે ને સ્વીકાર્ય છે.

રુથ સ્ટ્રેંગના અભિપ્રાય મુજબ, વાચન એ મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થ પ્રત્યભિજ્ઞા કરતાં વિશેષ છે. આ વ્યાખ્યામાં વાચન માટેના પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા પક્ષનો ઉલ્લેખ કરીને

એમ પણ જણાવ્યું છે કે એ જ વાચન નથી. અર્થ પ્રત્યભિજ્ઞાનો પણ ઉલ્લેખ છે. પરંતુ એમ કહીને–વાચન એ એથીય કંઈક વિશેષ છે – વ્યાખ્યાએ વાચનના અર્થને ખુલ્લો મૂક્યો છે. આમ તેમણે વાચનના બીજા માનસિક પાસાને વણી લીધું છે. વાચન પ્રક્રિયાના બે પાસાં – દેહધર્મ ક્રિયાઓ અને બીજું મનોધર્મ ક્રિયાઓ. વાચનનો અર્થ એ થયો કે, વાચન એ શબ્દગત શબ્દના અર્થ, વાચ્યાર્થ માત્ર મેળવવાની પ્રક્રિયા નથી બલકે બે લીટી વચ્ચે વાંચવાની પ્રક્રિયા છે. વાચક જ્યારે મુદ્રિત સામગ્રીનું વાચ્યાર્થલક્ષી વાચન કરે છે ત્યારે રુથની દૃષ્ટિએ વાચન પ્રક્રિયા પૂર્ણ થતી નથી, બલકે વાચક જ્યારે બે લીટી વચ્ચેનું વાંચે છે ત્યારે વાચન થાય છે. રુથે આપેલી વ્યાખ્યા – વધુ અર્થપૂર્ણ અને સારગર્ભિત છે. તેમણે વાચન પ્રક્રિયાના શારીરિક તંત્રની સાથે બોધાત્મક પ્રક્રિયાને પણ રજૂ કરી છે, ને તેમાંય તેમણે ઉચ્ચ બોધાત્મક સ્તર સુધી લંબાવી છે.

રોબિન્સન વાચનની વ્યાખ્યા આપતાં લખે છે, 'વાચન શક્તિ એટલે સંજ્ઞાઓ અને અવાજનું પ્રત્યક્ષીકરણ કરી, તેનો અર્થ ઘટાવવાની શક્તિ.' બેશક રોબિન્સને વાચનને એક શક્તિ (Ability) ગણીને તેની વ્યાખ્યા આપી છે. વાચકે બે બાબતો પરત્વે શક્તિ દેખાડવાની છે. તેમાંની એક સંજ્ઞાઓ અને અવાજનું પ્રત્યક્ષીકરણ કરવામાં તથા બીજું પ્રત્યક્ષીકરણ થયેલ અવાજ કે સંજ્ઞાનો અર્થ ઘટાવવામાં. બેશક બંને મુશ્કેલ કાર્યો છે તેથી તેને કરવામાં શક્તિની જરૂર પડે. પરંતુ મનોવિજ્ઞાન તો એમ કહે છે કે, જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે ઉત્તેજકો મળે છે તેનું પ્રત્યક્ષીકરણ તો ત્યારે જ થયું ગણાય કે જ્યારે તેની અર્થપ્રાપ્તિ થાય. જ્યારે રોબિન્સન તો એમ કહે છે કે, સંજ્ઞાઓ અને અવાજનું પ્રત્યક્ષીકરણ સાધ્યા પછી તેનો અર્થ ઘટાવવાનો છે. અલબત્ત, અર્થ ઘટાવવા શબ્દ પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો વાચન શક્તિની આ વ્યાખ્યા વધુ વાજબી લાગે છે.

જ્યારે કોઈ શબ્દ કે સંજ્ઞાનું પ્રત્યક્ષીકરણ થાય છે ત્યારે તેનો એક અર્થ મળે છે, પરંતુ સંદર્ભ વાચકને જુદો અર્થ કરવા દબાણ કરે છે. ત્યારે વાચક તેને લગતા કે ભળતા બીજા અર્થો શોધવા લાગે છે ને છેવટે સંજ્ઞાનો યોગ્ય અર્થ સ્વીકારે છે. અર્થ સ્વીકાર્યા પછી તેના સંદર્ભમાં અર્થ ઘટાવવા પ્રયત્ન કરે છે.

વાચન વિજ્ઞાની ડિચાન્ટે આપેલી વાચનની વ્યાખ્યા : ડિચાન્ટે વાચનની અતિ સંક્ષિપ્ત અને સટીક વ્યાખ્યા આપી છે. તેમના અભિપ્રાય અનુસાર, વાચન એ પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા છે. એ સાચું છે કે, પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા દેહધર્મ ક્રિયાથી શરૂ થાય છે. એટલે કે, જ્ઞાનેન્દ્રિયો સમક્ષ કોઈ ઉત્તેજક આવી ચડે કે તરત જ દેહધર્મક્રિયા શરૂ થાય. કોઈ મુદ્રિત સંજ્ઞા કે કોઈ વસ્તુ કે ઘટના જોવામાં આવે એટલે આંખ સક્રિય થાય. આમ ઉત્તેજક આવતાં જ દેહધર્મ ક્રિયા શરૂ થાય. દેહધર્મક્રિયા પૂરી થયા પછી મનોધર્મક્રિયા શરૂ થાય. તેમાં મુદ્રિત સંજ્ઞા કે સામગ્રીની ઓળખ કરે તથા એ ઓળખને પૂર્વાનુભવ સાથે જોડીને તેનો અર્થ કરે એટલે મનોધર્મક્રિયા લગભગ પૂરી થાય એ સાથે જ વાચન પણ પૂરું થાય. તેથી તો કોઈકે કહ્યું છે, વાચન એ સંજ્ઞાની ઓળખથી શરૂ થઈને સંજ્ઞાના અર્થ પ્રાપ્તિ સુધીની પ્રક્રિયા છે. પછી જ્યારે વાચક સંજ્ઞાના વિશેષ અર્થની શોધ આદરે છે ત્યારે પણ પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા ચાલુ જ રહેતી હોય છે. આ દૃષ્ટિએ ડિચાન્ટની વ્યાખ્યા સરળ અને સ્વીકારવા યોગ્ય છે.

ગુડમેને વાચન પ્રક્રિયા જાણવા અનેક સંશોધનો કર્યા પછી તારવ્યું કે, વાચન સમયે વાચક મુદ્રિત સામગ્રીનો અર્થ મેળવે છે એમ ભલે લાગતું હોય, પરંતુ હકીકતમાં તે મુદ્રિત સામગ્રીમાંથી અર્થ તારવતો હોય છે. જેમ કોઈ વેપારી પોતાના માલનું ગુણવત્તાના ધોરણે વર્ગીકરણ કરતો હોય છે, એ હેતુસર તે સારો, નબળો ને ખરાબ માલ તારવતો હોય છે તેમ વાચન દરમિયાન વાચક પણ મુદ્રિત સામગ્રીમાંથી અર્થ તારવતો હોય છે. તેની હંમેશાં ઝંખના એ હોય છે કે તે મુદ્રિત સામગ્રીના સર્વોત્તમ અર્થ સુધી પહોંચે. આ માટે તેણે એક પછી એક એમ સામગ્રીના ઘણા બધા અર્થો તારવવા પડતા હોય છે. આ હેતુસર વાચક વાચનમાં આવશ્યકતાનુસાર પુનઃદૃષ્ટિ પણ કરતો હોય છે.

બેટ્સનો અભિપ્રાય – વાચન એ વિચાર પ્રક્રિયા છે, તે ગુડમેનની વ્યાખ્યાને પુષ્ટ કરે છે, સમર્થન આપે છે. અર્થ તારવવાનો આધાર વાચકની વિચાર પ્રક્રિયા છે. તેથી વાચનને વિચાર પ્રક્રિયા ગણી શકાય નહિ. વિચાર પ્રક્રિયા એ વાચન માટેની જરૂરી પ્રક્રિયા છે. પરંતુ વ્યક્તિની વાચન સિવાય પણ વિચાર પ્રક્રિયા ચાલુ જ હોય છે. વિચારવું એ મનનો એક ગુણધર્મ છે.

થોર્નડાઇકનો અભિપ્રાય : થોર્નડાઇકનો અભિપ્રાય – વાચન એ તર્કની પ્રક્રિયા છે. વાચન સમયે તર્કની પ્રક્રિયા સતત ચાલુ હોય છે. વાચન પ્રક્રિયાના ડગલે ને પગલે તર્ક કરવાનું ચાલુ જ રહેતું હોય છે. તેથી વાચનને તર્કની પ્રક્રિયા કહી શકાય. પરંતુ એક વાત સ્પષ્ટ કરવી જોઈએ કે, વાચક માત્ર તર્ક કરી અટકી જતો નથી. તેને તો વાચન સામગ્રીના શ્રેષ્ઠ અર્થની તલાશ હોય છે, તેથી તે વિચારપૂર્વકનો તર્ક કરવા લાગે છે. એક તબક્કે તે તર્કને છોડી વિચારને આગળ ધપાવે છે.

આ રીતે વિવિધ વાચન વિજ્ઞાનીઓ તથા વાચન પ્રક્રિયાના સંશોધકોએ જે વ્યાખ્યાઓ આપી છે તે જોઈ. એ ઉપરથી તારવી શકાય કે 'વાચન એટલે શું ?'. ના જવાબમાં એકમતી નથી, મત ભિન્નતા વધુ જોવા મળે છે. તેમ છતાં એટલું સ્પષ્ટ છે કે, દરેકના દૃષ્ટિકોણ ભિન્ન ભિન્ન હોવાથી વાચન વિશેની આપણી સમજણ વધુ વિસ્તૃત બને છે.

વાચન એ કળા પણ છે ને કૌશલ પણ છે. તેથી તે પ્રયત્ન દ્વારા અર્જિત કરી શકાય છે અને પ્રયત્ન દ્વારા જ તેને સુધારી શકાય છે. શરૂઆતમાં નાનું બાળક મોટેરાના અનુકરણથી પુસ્તક ખોલીને તો બેસે છે, પૃષ્ઠો ઉપર નજર ફેરવે છે. અરે, હોઠ સુધ્ધાં ફફડાવે છે, વાચન તેણે વાંચી હોય છે તે સામગ્રી વિશે પ્રશ્નો પૂછવામાં આવે તો તેના જવાબો પણ આપવા લાગે છે. એ સિદ્ધ કરે છે કે વાચન પ્રયત્ન દ્વારા શીખી શકાય છે, પ્રયત્ન દ્વારા તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકાય છે. વાચન જ્ઞાનપ્રાપ્તિનું મહત્ત્વનું ઉપકરણ છે. તેથી દરેક વ્યક્તિએ પોતાની વાચનક્ષમતા વધારતા રહેવું જોઈએ. આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે. આ માટે શિક્ષકોએ, વાલીઓએ વાચન વિજ્ઞાન અથવા વાચન પ્રક્રિયા જાણવી જરૂરી છે.

પ્રથમ દૃષ્ટિએ વાચન પ્રક્રિયા સરળ લાગે, સહજ લાગે. પરંતુ એ આપણે સમજીએ છીએ તેટલી સરળ અને સહજ નથી, કારણ કે વાચન એ અનેક નાની મોટી, શારીરિક અને માનસિક પ્રક્રિયાઓનું પરિણામ છે. વાચન સમયે કઈ કઈ શારીરિક અને કઈ કઈ માનસિક પ્રક્રિયા થાય છે તે અંગે પ્રયત્નપૂર્વક જાણવું પડે ને સમજવું પડે. વાચન પ્રક્રિયાની જાણકારી મેળવવા કેટલાક પ્રયોગો કરવા પડે. પ્રયોગપાત્રની ક્રિયાઓનું સતત અવલોકન કરવું પડે. આમ વાચન પ્રક્રિયાનો અભ્યાસ એ પ્રાયોગિક

મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં સમાવેશ પામે છે. જીવનમાં વાચનનું મહત્ત્વ જેમજેમ સમજાવા લાગ્યું તેમ તેમ તેમાં મનોવિજ્ઞાનીઓનો રસ વધવા લાગ્યો અને તે શૈક્ષણિક ક્ષેત્રમાં સંશોધનનો અગત્યનો મુદ્દો બન્યો.

ઈ.સ. 1880માં વાચન પ્રક્રિયા અંગેના વૈજ્ઞાનિક સંશોધનોના શ્રીગણેશ થયા, પરંતુ એ પહેલાં પણ જિજ્ઞાસાવશ કેટલાક પ્રારંભિક પણ પાયાના પ્રયત્નો થયેલા. એ પ્રયોગકર્તાઓમાં સર્વપ્રથમ યાદ કરવા જેવું નામ છે – પ્રા. જાવલ. તેમને વાચન દરમિયાન આંખની ગતિ–સ્થિતિ જાણવામાં રસ પડ્યો. તેથી તેમણે વાચન દરમ્યાન વાચકની આંખની ગતિ–વિધિનું અવલોકન કરવાનું શરૂ કર્યું. અનેક અવલોકનના અંતે તેમણે તારવ્યું કે, વાચક વાંચે છે ત્યારે તેની આંખ લીટીને અનુસરે છે. એટલે કે, ઉપર–નીચે થતી નથી હોતી. એ સાથે એમણે એ પણ અવલોકન કર્યું કે, વાચન દરમિયાન વાચકની નજર લીટીને અનુસરે છે પણ તે એકધારી ગતિએ અનુસરતી નથી હોતી. બલકે વાચન દરમિયાન આંખ કૂદકા મારે છે. અલબત્ત, આ કૂદકા તે સીધી લીટી ઉપર જ મારે છે. એટલે કે, વાચકની નજર શબ્દ દર શબ્દ સરકતી નથી. પરંતુ કૂદકો મારી બે શબ્દો ઉપરથી ઝડપથી સરકીને ત્રીજા શબ્દ ઉપર અટકે છે. આમ કૂદકા મારવાનું ચાલુ રહે છે. જાવલનું આ તારણ વાચન વિજ્ઞાનના પાયાની પહેલી ઈંટ જેવું હતું. ત્યારબાદ પરવર્તી સંશોધક કેટલ, અર્ડમન અને ડાજ નામના પ્રયોગકર્તાઓએ પ્રયોગો કરી કરીને થોડાં જ વર્ષોમાં વાચન પ્રક્રિયા અંગેનાં ઘણાં તથ્યો શોધ્યાં.

આ પ્રયોગકર્તાના પ્રયોગોને અંતે વાચન પ્રક્રિયા અંગે કેટલીક બાબતો સ્પષ્ટ થઈ. તે આ મુજબ હતી.

- વાચન દરમિયાન બે પ્રક્રિયા થાય છે : એક શારીરિક અને બીજી માનસિક. તેથી વાચન આંખથી જ થાય છે ને માન્યતાનું ખંડન થયું ને માનસિક પ્રક્રિયા સામેલ થઈ.
- શારીરિક પ્રક્રિયાનું પણ વિશદ્ વિશ્લેષણ થયું. તેને કારણે આંખની ગતિ અંગે ઘણાં નવાં તથ્યો પ્રગટ થયાં. આંખના કૂદકા મારવા અને જ્યાં તે ઠરે ઊભી રહે તેને રુકાવટ બિન્દુ એવું નામકરણ થયું. આ

ઉપરાંત વાચન દરમિયાન વાક્‌યંત્રના જુદા જુદા સ્નાયુઓ સક્રિય હોય છે, જીભ સતત ગતિશીલ હોય છે, અને સ્વરતંત્ર પણ કાર્યરત હોય છે. મૂકવાચન સમયે પણ વાક્‌યંત્ર કાર્યરત હોય છે.

- ઉપરોક્ત તમામ શારીરિક ક્રિયાઓ ચાહે પ્રગટ રૂપે અથવા અપરોક્ષ રૂપે થતી હોય છે. મુખવાચન સમયે તો વાક્‌યંત્રની ક્રિયાઓ પ્રત્યક્ષ થતી હોય છે, પરંતુ મૂકવાચન સમયે તે અપ્રત્યક્ષ રહી ક્રિયાશીલ હોય છે.
- વાચન દરમિયાન થતી તમામ શારીરિક ક્રિયાઓનું સંયુક્ત નામ વાચનનું દેહધર્મ વિદ્યાકીય પાસું આપવામાં આવ્યું.

હવે, વાચન સમયે આંખની ગતિ–દિશા અને સ્થિતિ અંગે થયેલાં સંશોધનોની વિગત જોઈએ.

❑ વાચન દરમિયાન આંખની ગતિ :

વાચન દરમિયાન આંખની ગતિનો અભ્યાસ કરવા માટે કોઈ પણ અભ્યાસી પ્રયોગ કરી શકે. પ્રયોગ ખૂબ જ સરળ છે, જોખમ વગરનો છે. એ માટે મિત્ર વાચકની જરૂર પડે. વાચક મિત્રને વાચન-સામગ્રી આપીને તેને વાંચવાનું કહો. વાચન-સામગ્રી આંખથી સહેજ ઉપર રાખીને વાંચવાનું કહો. પ્રયોગકર્તા એટલે કે તમે તમારે તે વાચક મિત્રની આંખોનું સતત નિરીક્ષણ કરવાનું છે. પરંતુ વાચક મિત્રએ વાચન સામગ્રી પરથી આંખ હટાવવાની નથી. આ પ્રયોગ મૂકવાચન, મુખવાચન દરમિયાન કરવાનો છે.

તમારા નિરીક્ષણને અંતે તમે આટલું તારવી શકશો :

- આંખ સ્થિર નથી રહેતી....ગતિ કરે છે.
- ગતિ ડાબેથી જમણી તરફની હોય છે.
- આ આંખની ગતિ એકધારી નથી હોતી.
- આંખની ગતિ મુદ્રિત લીટીને અનુસરે છે.
- લીટીના વાચન માટે આંખે કેટલાક કૂદકા મારવા પડે છે.

- આંખની ગતિ તથા કૂદકાને રુકાવટ બિન્દુ કહેવામાં આવે છે, તો રુકાવટ બિન્દુનો વધુ વૈજ્ઞાનિક અભ્યાસ માટે તથા ગતિનો અને રુકાવટ બિન્દુની સ્થિતિ જાણવા તેના ગ્રાફ ચિત્રો લઈ શકાય છે. ગ્રાફચિત્રો મેળવવા માટે ઓપ્થેલ્મોગ્રાફ નામના યંત્રની મદદ લઈ શકાય.
- આંખની ગતિ ડાબેથી જમણી તરફ હોય છે ત્યારે આંખ ઠેકડા મારે છે. આંખ દરેક ઠેકડા પછી થોડો વિરામ (રેસ્ટ) લે છે. જે બિન્દુએ ઠેકડા અટકે છે તેને રુકાવટ બિન્દુ (Fixation Point) છે.
- પ્રયોગોને અંતે એક નવું તથ્ય એ જાહેર થયું કે, આંખ/નજર લીટી ઉપર ફરે છે ત્યારે તે વાંચે છે, એ માન્યતા સાચી નથી.
- તો આંખ વાંચે છે ક્યારે ? તેના જવાબમાં પ્રયોગકર્તાઓ કહે છે કે, આંખ જ્યારે રુકાવટ બિન્દુએ વિરામ કરે છે ત્યારે વાંચે છે. આ એટલા માટે શક્ય બને છે કે જ્યારે આંખ ડાબેથી જમણી તરફ ગતિ કરતી હોય છે ત્યારે એક એક અક્ષર ઉપર તે ફરતી હોય છે. અક્ષરોને અર્થ હોતો નથી, કે થોડાક અક્ષરોનું પ્રત્યક્ષીકરણ થવાથી અર્થ મળતો નથી. પરંતુ રુકાવટ બિન્દુએ તે સમગ્ર શબ્દનું પ્રત્યક્ષીકરણ કરે છે તેથી ત્યારે તેને અર્થનો બોધ થાય છે, માટે રુકાવટ બિન્દુએ વાચન થાય છે.
- આંખ દ્વારા વાચન થાય છે, એ માન્યતા પણ ભૂલભરેલી છે. હકીકતમાં વાચન મન દ્વારા થાય છે. આંખ તો કેમેરાનું કામ કરે છે. આંખ સામે જે જે આવે તેની છબી તે માનસપટલ પર મોકલે છે. જેવી છબી માનસપટલ પર પ્રગટે કે એ જ ક્ષણે ચેતાતંત્ર સક્રિય થઈ ઊઠે છે અને પેલી છબીના પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા શરૂ થાય છે. જેનું પ્રત્યક્ષીકરણ થાય તેનો અર્થબોધ થાય. આ આખીય પ્રક્રિયા માનસિક છે. માટે આંખ નહિ, મન વાંચે છે, તેમ કહી શકાય.

આમ, વાચન શારીરિક અને માનસિક બંને પ્રકારની પ્રક્રિયા છે. વાચન એ શારીરિક અવયવોથી શરૂ થતી અને મન મસ્તિષ્કમાં પરિણમતી પ્રક્રિયા છે, તેથી વાચનને મનોશારીરિક પ્રક્રિયા કહેવામાં આવે છે.

જો રુકાવટ બિન્દુએ વાચન થતું હોય તો રુકાવટ બિન્દુ અંગે સંશોધનો કરવામાં સંશોધકોને રસ પડ્યો. સૌપ્રથમ તેમણે એ જાણવા પ્રયત્ન કર્યો કે કેટલા રુકાવટ બિન્દુ એક લીટીનું વાચન કરવા માટે વાચક લેતો હોય છે. જો કે રુકાવટ બિન્દુની સંખ્યાનો આધાર વાક્ય તથા સામગ્રીની કઠિનતા પર રહે છે. છતાં સામાન્ય (Normal) વાચન-સામગ્રી હોય તો તેની એક લીટી વાંચતાં ચારથી પાંચ રુકાવટ બિન્દુઓ થતાં હોય છે.

વાચનમાં રુકાવટ બિન્દુઓની સંખ્યા અંગે થયેલાં સંશોધનોનાં તારણો આ મુજબ છે :

- વાચનમાં રુકાવટ બિન્દુની સંખ્યાનો આધાર વાચન–સામગ્રીના લખાણની લંબાઈ પર રહે છે. ટૂંકી લંબાઈની વાચન–સામગ્રી હોય તો વાચન દરમિયાન રુકાવટ બિન્દુની સંખ્યા ઓછી પરંતુ લાંબા લખાણવાળી વાચન–સામગ્રીના વાચન માટે વધુ રુકાવટ બિન્દુ આવે છે. આમ રુકાવટ બિન્દુની સંખ્યાનો આધાર વાક્યની લંબાઈ પર રહે છે.
- વાચનમાં રુકાવટ બિન્દુની સંખ્યાનો આધાર વાચન–સામગ્રીની કઠિનતા કે સરળતા, દુર્બોધતા કે સબોધતા પર રહે છે. જેમ વાચન –સામગ્રી કઠિન ઓછી અને સરળ વધારે તેમ તેના વાચનમાં રુકાવટ બિન્દુની સંખ્યા ઓછી, પરંતુ વાચન–સામગ્રીની જેમ દુર્બોધતા વધારે તેમ રુકાવટ બિન્દુની સંખ્યા વધારે. આથી આવું **સૂત્ર** તૈયાર થઈ શકે.

  ⇒ **સામગ્રી દુર્બોધ તો રુકાવટ બિન્દુ વધારે**
  સામગ્રી સુબોધ તો રુકાવટ બિન્દુ ઓછાં

  ⇒ **જેમ રુકાવટ બિન્દુ વધારે તેમ સામગ્રી દુર્બોધ**
  જેમ રુકાવટ બિન્દુ ઓછાં તેમ સામગ્રી સુબોધ

આ રીતે વાચનમાં રુકાવટ બિન્દુનું મહત્ત્વ સૌથી વધુ છે, તેથી રુકાવટ બિન્દુને લઈને ઘણાં સંશોધનો થયાં.

તદ્અનુસાર જે પરિણામો મળ્યાં તે શિક્ષકે લક્ષમાં રાખવા જેવાં છે, એ પરિણામો આ મુજબ હતાં :

- વાચન શીખવાની શરૂઆત કરતાં શિશુ વાચકોને વાચન દરમિયાન વધુ રુકાવટ બિન્દુ લેવાં પડે છે, તેથી તેમને અતિ સરળ સામગ્રી પૂરી પાડવી જોઈએ. વળી તેઓને વાચનમાં વધુ મુશ્કેલી પડે ત્યારે શિક્ષકે અકળાવાની જરૂર નથી.
- શિશુ વાચકોની માફક જે નબળા વાચકો છે, અપવાદરૂપ બાળકો છે તેમના વાચનમાં પણ રુકાવટ બિન્દુની સંખ્યા વધારે રહેવાની. ત્યારે પણ શિક્ષકે તેમની સાથે સ્નેહભર્યો વ્યવહાર કરવો પડશે. તેને નબળા વાચકનું બિરુદ આપી તરછોડવાની જરૂર નથી.
- વાચક વાચન દરમિયાન કેટલાં રુકાવટ બિન્દુ લેશે તેનો આધાર તેની વાચન ક્ષમતા પર રહેલો છે. બીજા અર્થમાં એમ કહેવાય કે, વાચકની વાચનક્ષમતા વધારવી હોય તો વાચનમાં રુકાવટ બિન્દુ ઘટાડવા માટેની તાલીમ આપવી જોઈએ.
- વાચન ઝડપ અને રુકાવટ બિન્દુને હકારાત્મક સંબંધ છે. જે વાચકના વાચનમાં રુકાવટ બિન્દુની સંખ્યા ઓછી તે વાચકની વાચન ઝડપ વધારે. વાચકનો મોટાભાગનો સમય આ રુકાવટ બિન્દુઓમાં વપરાય છે. ટિંકર નામના એક વાચન વિજ્ઞાનીએ ઈ.સ. 1936માં સંશોધન કરેલું. તેના સંશોધન પરથી એવું ફલિત થયું હતું કે, વાચનના કુલ સમયના 90 ટકા સમય આ રુકાવટ બિન્દુઓમાં વપરાય છે, જ્યારે નબળા કે મંદ વાચકો હોય તો તેને 95 ટકા સમય રુકાવટ બિન્દુઓમાં ખર્ચાય છે. એ દર્શાવે છે કે, વાચન ઝડપ અને રુકાવટ બિન્દુઓને હકારાત્મક સંબંધ છે.
- વાચન–સામગ્રીની કઠિનતા અને રુકાવટ બિન્દુઓની સંખ્યાને હકારાત્મક સંબંધ છે. તે અંગેનાં સંશોધનોનાં તારણ જણાવે છે કે, વાચન સામગ્રીમાં જ્યારે અપરિચિત શબ્દો – અજાણ્યા શબ્દો વધુ વપરાયા હોય ત્યારે રુકાવટ બિન્દુની સંખ્યા વધી જાય છે. આ જ પ્રમાણે રૂઢિગત અર્થ કરતાં જુદા સંદર્ભમાં શબ્દ વપરાયો હોય ત્યારે

પણ આંખને રુકાવટ બિન્દુઓ વધુ લેવા પડતાં હોય છે. વળી, ક્યારેક વાચન સામગ્રીમાં અલંકારિક ભાષાનો ઉપયોગ વધારે થયો હોય ત્યારે પણ રુકાવટ બિન્દુઓની સંખ્યા વધી જાય છે.

- રુકાવટ બિન્દુઓની સંખ્યાનો આધાર વાક્યલંબાઈ પર રહે છે. જેમ વાક્યો લાંબાં એટલે કે સંયુક્ત વાક્યોની સંખ્યા વધારે તો વાચકને રુકાવટ બિન્દુ વધારે લેવાં પડે છે. જુઓ વર્તમાનપત્રોની છપાઈ. તેમાં વાક્યો નાનાં–નાનાં હોય છે. તેથી તેનું વાચન સરળ અને ઝડપી બને છે, જ્યારે બીજા ગ્રંથો કે પુસ્તકોમાં વાક્યો લાંબાં હોય છે, તેથી તેના વાચનમાં રુકાવટ બિન્દુ વધે છે.
- અનુભવી વાચક અને બિનઅનુભવી વાચકના વાચનમાં એક જ વાચન–સામગ્રી હોવા છતાં રુકાવટ બિન્દુની સંખ્યામાં તફાવત જોવા મળે છે.

❑ શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક (Word Recognition Span)

વાચનની સંકલ્પના અન્તર્ગત વાચન પ્રક્રિયાના વિવરણમાં શબ્દપ્રત્યભિજ્ઞા ફલકની ચર્ચા પણ થવી જોઈએ. રુકાવટ બિન્દુ દરમિયાન વાચક કેટલા શબ્દો કે અક્ષરો વાંચી શકે છે ? એ સન્દર્ભે જ્યારે સંશોધનો થયાં ત્યારે જાણવા મળ્યું કે વાચક, વાચન–સામગ્રીની લીટી પર નજર કેન્દ્રિત કરે છે ત્યારે તેની નજરના કેન્દ્રમાં કોઈ શબ્દ કે શબ્દો આવે છે. એ જ સમયે સ્થિર કરેલી આંખ જમણી તરફના કેટલાક શબ્દો જોઈ શકે છે. તદુપરાંત એ પછીના કેટલાક શબ્દોની છાપ મેળવી શકે છે. પ્રયોગના અંતે જાણવા મળ્યું કે, વાચક એક લાંબો શબ્દ કે ત્રણેક ટૂંકા શબ્દો સ્પષ્ટ રીતે જોઈ શકે છે. તે પછીના બે એક શબ્દોની છાપ મેળવી શકે છે. આમ, આંખ જે વાચન દરમિયાન જે બિન્દુએ રુકાવટ કરે છે, તે પછીના જમણી તરફ (કારણ કે, આંખ ડાબેથી જમણી તરફ ગતિ કરે છે) આવેલા કેટલાક શબ્દોને નજરમાં લે છે. જેટલા શબ્દો એ નજરમાં લે છે તેટલા શબ્દો માટેનું તેનું શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક કહેવાય. આ શબ્દ પ્રત્યભિજ્ઞાને રુકાવટ બિન્દુ સાથે સંબંધ છે. શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક મોટું તેમ રુકાવટ બિંદુની સંખ્યા ઓછી, રુકાવટ બિન્દુની સંખ્યા ઓછી તેમ વાચન ઝડપ વધુ.

શબ્દ પ્રત્યભિજ્ઞા ફલકની લંબાઈનો આધાર વાચકના શબ્દભંડોળ તથા વાચનના મહાવરા ઉપર રહેલો છે. જેનું શબ્દભંડોળ વધુ તેનું શબ્દ પ્રત્યભિજ્ઞાન ફલક મોટું હોય છે. એ જ રીતે જેમ વાચન મહાવરો (અનુભવ) વધુ તેમ તેનું શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક મોટું. શબ્દ પ્રત્યભિજ્ઞા ફલકનું માપ સામાન્ય રીતે શબ્દ સંખ્યા ગણીને કે અક્ષરોની સંખ્યાને મિલિમીટરમાં ગણી કાઢવામાં આવે છે. સામાન્ય વાચકનું શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક છ થી આઠ અક્ષર જેટલું હોય છે.

શિક્ષક વિદ્યાર્થીનું શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક વધારી શકે છે. આ માટે ટેલિસ્ટોસ્કોપ નામનું ઉપકરણ ઉપયોગમાં લઈ શકાય. આ ઉપકરણ જાતે પણ બનાવી શકાય એવું સરળ હોય છે. ગામડામાં નાનાં બાળકોને ફિલ્મ બતાવવા, ચિત્રો બતાવવાવાળા વાપરે છે, તેવું આ સાધન હોય છે. તેમાં ચિત્રોને બદલે જુદા જુદા શબ્દો લખેલા કાર્ડ બતાવવામાં આવે છે. વાચકની નજરને સ્થિર કરવા ઉપરાંત જમણી તરફના શબ્દો જોવાની તાલીમ પણ મળે છે.

❑ વાચનમાં પુનઃદૃષ્ટિ :

સામાન્ય રીતે વાચન દરમિયાન આંખ ડાબેથી જમણી દિશા તરફ સરકે છે, ગતિ કરે છે. પરંતુ ક્યારેક સંજોગવશાત્ આંખ ઊલટી ગતિ પણ કરે છે, એટલે કે, ડાબેથી જમણી તરફ. આ ક્રિયાને પુનઃદૃષ્ટિ કહેવામાં આવે છે. શિશુવાચકો અથવા શિખાઉ વાચકોમાં પુનઃદૃષ્ટિનું પ્રમાણ વધુ હોય છે. તેમાં શિશુવાચક એકનો એક શબ્દ બે થી વધુ વખત ઉચ્ચારે છે. પછી અનુભવ વધતાં તેના વાચનમાં પુનઃદૃષ્ટિનું પ્રમાણ ઘટે છે. વાચનમાં પુનઃદૃષ્ટિનો વિચાર બઝવેલ નામના વાચન વિજ્ઞાનીએ આપેલો. તેમણે દરેક ધોરણમાંથી 8 થી 20 વિદ્યાર્થીઓ કે જેમની માતૃભાષા અંગ્રેજી હતી – તેમના વાચન દરમ્યાનના આંખોના ફોટોગ્રાફ લીધા. તેની સરાસરી કાઢીને એક લીટી દરમિયાન રુકાવટ બિન્દુઓ, સરાસરી રુકાવટ સમય અને એક લીટીમાં પુનઃદૃષ્ટિની આવૃત્તિ શોધી આપી. તેના આધારે તારવી આપ્યું કે, નીચલા ધોરણના વિદ્યાર્થીઓની એક લીટીમાં રુકાવટ બિંદુની સંખ્યા, રુકાવટ સમય તથા પુનઃદૃષ્ટિની સંખ્યા વધારે હતી, પરંતુ જેમ જેમ ઉપલા ધોરણોમાં જતાં એ ત્રણેય ઘટકોમાં સંખ્યા ઘટતી ચાલી હતી.

વાચનમાં પુનઃદૃષ્ટિ કેવા કેવા સંજોગોમાં કરવી પડતી હોય છે ? તેનો જવાબ આ મુજબ મળે છે :

- વાચકની વિચાર પ્રક્રિયાને અવરોધક અપરિચિત શબ્દ વાચન–સામગ્રીમાં આવી જાય ત્યારે.
- વાક્યની પુનઃ તપાસ કરવાનો વાચકનો ઇરાદો થાય ત્યારે
- એક અનુચ્છેદનો એક વિચાર બીજા વિચાર સાથે સંબંધ સ્થાપિત કરવાના પ્રયત્નમાં
- વાચન દરમિયાન પ્રત્યક્ષીકરણ પૂરતું ન થયું હોય ત્યારે
- વાચકની આંખ તેની વિચાર પ્રક્રિયા કરતાં વધુ ગતિ પકડી લેતી હોય ત્યારે
- વાચન-સામગ્રી અઘરી હોય, સંકુલ હોય અથવા અરસિક હોય ત્યારે
- પુનઃ ફૂદકો ખૂબ ટૂંકો હોય ત્યારે
- વાચન દરમિયાન કોઈ સંકલ્પનાત્મક શબ્દાવલિ આવી જાય ત્યારે.

પુનઃદૃષ્ટિના કેટલાક ફાયદા પણ છે. તેનાથી વાચન–સામગ્રીનું અર્થગ્રહણ વધુ સારું થાય છે. તેનાથી વાચકને વાચન-સામગ્રી વિશે બીજો વિચાર (Second Thought) કરવાની તક મળે છે. તેનાથી વાચકને પોતાના પૂર્વાનુભવ સાથે વાચન–સામગ્રીના વિચારને જોડવાની તક મળે છે. તેમ છતાં વાચકને વાચન દરમિયાન વારંવાર પુનઃદૃષ્ટિ કરવી પડે તો એ નબળી વાચન ક્ષમતાની નિશાની બને છે.

વાચન પ્રક્રિયામાં રુકાવટ બિન્દુ, તથા વાચનમાં પુનઃદૃષ્ટિની જેટલી જ અગત્યની એક સંકલ્પના છે, તે છે વાચનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ નજર.

❑ વાચનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ નજર :

સામાન્ય રીતે આપણે એમ માનતા હોઈએ છીએ કે, વાચન વખતે વાચકની નજર શબ્દના પ્રત્યેક અક્ષર પર કેન્દ્રિત થતી હોય છે. પરંતુ વાચનના દેહધર્મ વિદ્યાકીય પાસા ઉપર થયેલ સંશોધનો આ માન્યતાને બેબુનિયાદ ઠેરવે છે. સંશોધનોએ એવું તારવ્યું છે કે, વાચન વખતે વાચક રુકાવટ બિન્દુ લે છે.

પછી બીજો કૂદકો મારી બીજા રુકાવટ બિન્દુએ થોભે છે. એ દરમિયાન બે કૂદકા વચ્ચે આવતા લીટીમાંના દરેક શબ્દ ઉપર નજર પડે છે, પરંતુ દરેક વખતે પ્રત્યેક શબ્દના પ્રત્યેક અક્ષર ઉપર નજર પડતી હોતી નથી. બલકે, શબ્દના કેટલાક અક્ષરો ઉપર નજર પડે છે, બાકીના અક્ષરોને જોયા વગર પણ શબ્દો વાંચી લેતા હોય છે. ટેલિસ્ટોસ્કોપના પ્રયોગ ઉપરથી એવું જાણવા મળ્યું કે, દરેક શબ્દ કે અક્ષર આંખની દૃષ્ટિમાં આવતો હોતો નથી તેથી કેટલાક શબ્દોના વાચનમાં આડકતરી કે પરોક્ષ નજરનો જ ઉપયોગ થતો હોય છે. અહીં શબ્દ પ્રત્યભિજ્ઞા ફલકને યાદ કરો. શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક વિસ્તારવાનો એક અર્થ આડકતરી કે પરોક્ષ નજરના ઉપયોગને વધારવાનો વિકલ્પ, જેની પરોક્ષ અને આડકતરી નજર અસરકારક તેની વાચનઝડપ વધુ.

વાચન પ્રક્રિયામાં પરોક્ષ કે આડકતરી નજરના જેવી જ અગત્યની સંકલ્પના છે, દૃષ્ટિ-ધ્વનિ ફલક. આવો તેને સમજીએ.

❑ **દૃષ્ટિ-ધ્વનિ ફલક :**

વાચન શીખનાર પ્રથમ મૌખિક વાચન કરે છે. શિક્ષક પણ તેની પાસે મૌખિક વાચન કરાવે છે. મૌખિક વાચનમાં પણ રુકાવટ બિન્દુ આવે, વાચનમાં પુનઃદૃષ્ટિ થાય અને વાચનમાં પરોક્ષ અને પ્રત્યક્ષ નજરનો ઉપયોગ થતો હોય છે. આ તથ્ય તો વાચનના દેહધર્મ વિદ્યાકીય પાસાના સંશોધન ઉપરથી સિદ્ધ થઈ ચૂક્યું છે. તદ્‌ઉપરાંત મૌખિક વાચનમાં એક વધારાની પ્રક્રિયા થતી હોય છે. મૌખિક વાચનમાં વાચક નજર સમક્ષ રહેલા શબ્દનો ઉચ્ચાર કરતો હોય છે. એ દરમિયાન જ તેની નજર જમણી દિશામાં આવતા શબ્દો ઉપર પણ સરકી જતી હોય છે. આ રીતે ઉચ્ચાર અને દૃષ્ટિ વચ્ચે જે ગાળો રહે છે તેને દૃષ્ટિ-ધ્વનિ ફલક કહે છે. શબ્દનું ઉચ્ચારણ કરતાં વાર લાગતી હોય છે ત્યારે નજર ત્યાં સુધી એ શબ્દ ઉપર ખોડાયેલી રહેતી નથી હોતી. તે તો ઉચ્ચારણ દરમિયાન પણ આગળને આગળ સરકતી જાય છે. તેથી તે ઉચ્ચરિત સિવાયના અલ્પ શબ્દોને પણ જોઈ વળી હોય છે. પરિણામે દૃષ્ટિ-ધ્વનિ ફલકની રચના થતી હોય છે. અલબત્ત, અનુભવી વાચકનો દૃષ્ટિ-ધ્વનિ ફલક મોટો હોય છે અને શિખાઉ વાચકનો દૃષ્ટિ-ધ્વનિ ફલક ટૂંકો હોય છે; નાનો હોય છે. દૃષ્ટિ-ધ્વનિ ફલકનું માપન પણ થઈ શકતું

હોય છે. જુદા જુદા વાચકનો દૃષ્ટિ-ધ્વનિ ફલક વિસ્તાર જુદો જુદો હોય છે. દૃષ્ટિ-ધ્વનિ ફલકમાં લવચિકપણું પણ જોવા મળે છે. જુદા જુદા વાચકમાં તેનો વિસ્તાર જુદો જુદો હોય છે, પણ એક જ વાચકના દૃષ્ટિ-ધ્વનિ ફલકમાં જુદા જુદા વખતે તફાવત જોવા મળે છે. ક્યારેક વાચન દરમિયાન કોઈ અપરિચિત કે ક્લિષ્ટ શબ્દ આવી જાય છે. દૃષ્ટિ-ધ્વનિ ફલક શૂન્ય પણ થઈ જતું હોય છે. કારણ કે જ્યાં સુધી એ શબ્દનો અર્થબોધ પૂરેપૂરો થતો નથી ત્યાં સુધી વાચકની નજર એ શબ્દ પરથી હટતી નથી. આથી જ જ્યારે આંખ સરળતાથી વાંચતી હોય ત્યારે દૃષ્ટિ-ધ્વનિ ફલકનો વિસ્તાર લંબાતો હોય છે.

ઉપરની ચર્ચા દ્વારા એટલું સ્પષ્ટ થયું હશે કે, વાચન એક દૃષ્ટિએ શારીરિક અથવા દેહધર્મક્રિયા છે, પરંતુ તે પૂરતી નથી. તેની સાથે માનસિક ક્રિયાઓ પણ જોડાય છે ત્યારે વાચનક્રિયા સંપૂર્ણ બને છે. છતાં વાચનને દેહધર્મક્રિયાના મર્યાદિત દૃષ્ટિકોણથી જોઈ વાચનની પરિભાષા આપવી હોય તો કંઈક આવી રીતે આપી શકાય : જે વાચનમાં રુકાવટ બિન્દુની સંખ્યા તથા પુનઃદૃષ્ટિની સંખ્યા ઓછી તે વાચનને સારું વાચન કહી શકાય.

આટલી ચર્ચા પછી હવે વાચનની સંકલ્પનાનો બીજો ભાગ એટલે કે મનોવૈજ્ઞાનિક પાસાને જાણીએ.

❑ **વાચનમાં મનોવૈજ્ઞાનિક ગતિવિધિઓ :**

વાચનની સંકલ્પના વાચનના મનોવૈજ્ઞાનિક પાસાની ચર્ચા વગર પૂર્ણ થઈ શકે નહિ. વાચનની સંકલ્પનાને બે પરિમાણો છે. આ પરિમાણો આ મુજબ છે :

(1) વાચન એક શારીરિક ક્રિયા / વાચનનું દેહધર્મ પાસું

(2) વાચન એક મનોવૈજ્ઞાનિક ક્રિયા / વાચનનું વિદ્યાકીય પાસું

કેટલીક શારીરિક ક્રિયાઓના થવાથી વાચન શક્ય બને છે તેની ચર્ચા અગાઉ થઈ છે, તેથી હવે વાચન સંકલ્પનાનાં બીજા પાસાની ચર્ચા અહીં પ્રસ્તુત છે. આ પાસું તે વાચનમાં મનોવૈજ્ઞાનિક ક્રિયાઓ કે મનોવૈજ્ઞાનિક ગતિવિધિઓ.

સ્પષ્ટ છે કે, વાચન એ માત્ર મુદ્રિત સંકેતો ને ઉકેલવાની ક્રિયા નથી કે નથી મુદ્રિત સંકેતોને ઓળખવાની ક્રિયા, બલકે વાચન એ તો મુદ્રિત સંકેતો થકી ફલિત થતાં સંદેશને પામવાની ક્રિયા છે. સંદેશને પામવા માટે કેટલીક મનોવૈજ્ઞાનિક ક્રિયાઓ થવી જરૂરી બને છે. તેથી વાચનની સંકલ્પનામાં મનોવૈજ્ઞાનિક ક્રિયાઓને પણ સ્થાન મળ્યું છે.

વાચન સમયે અનેક શારીરિક ક્રિયાઓની સાથે સાથે માનસિક ક્રિયાઓ પણ થતી હોય છે. અલબત્ત, એ બધી ક્રિયાઓ શારીરિક ક્રિયાઓ જેટલી મુખર, સ્થૂળ કે દૃષ્ટિગમ્ય નથી. માનસિક ક્રિયાઓ સૂક્ષ્મ છે અને સંકુલ છે, જટિલ છે. તેથી તેને જાણવી કેં સંશોધવી અપેક્ષાકૃત અઘરી છે. પરંતુ સંશોધન વિજ્ઞાન એટલું વિકસ્યું છે કે ત્યાં કશું જ અશક્ય કે અઘરું નથી. *Sky is the limit* એ સંશોધન વિજ્ઞાનનું ધ્યેય વાક્ય છે. આ સંશોધન શાસ્ત્રએ વાચનના મનોવૈજ્ઞાનિક પાસાની ઘણી બાબત છતી કરી છે.

વાચન માટે પાયાની જરૂરિયાત જો કોઈ હોય તો તે છે શબ્દોની ઓળખ. વાચન વિજ્ઞાનીઓ તેને શબ્દ પ્રત્યભિજ્ઞા કહે છે. શબ્દ પ્રત્યભિજ્ઞા મૂળભૂત રીતે એક કૌશલ છે, તે વાચન પ્રક્રિયા માટે પાયાનું કૌશલ છે. શબ્દ પ્રત્યભિજ્ઞા એ શબ્દનો ધ્વનિ અને અર્થ ઓળખવાની પ્રક્રિયા છે. આલ્બર્ટ હેરિસ લખે છે, *"Words are the bricks, cannot recognize many of the words. Which an author has used, he is at a great disadvantage in trying to extract meaning from the printing page."* એટલે કે, શબ્દોરૂપી ઈંટોથી વિચાર આકાર પામે છે, વ્યક્ત થાય છે. તેથી જ્યારે લેખકે વાપરેલા શબ્દોમાંના મોટાભાગના શબ્દો બાળક ઓળખી શકતો નથી ત્યારે તે મુદ્રિત પાનાઓમાંથી અર્થ તારવવાના પ્રયત્નમાં નિષ્ફળ નીવડે છે. એનો અર્થ એ થયો કે, શબ્દ પ્રત્યભિજ્ઞાન કૌશલના પર્યાપ્ત વિકાસ સિવાય મુખવાચન યા મૂકવાચન શક્ય નથી. શબ્દ પ્રત્યભિજ્ઞા કૌશલ્યનો આધાર વાચકના શબ્દભંડોળ ઉપર રહેલો છે. આ દૃષ્ટિએ શબ્દ પ્રત્યભિજ્ઞા પ્રક્રિયા એક સોપાનવાળી તેમ જ સરળ નથી. આ પ્રક્રિયાનો એક છેડો પ્રત્યક્ષીકરણ વિજ્ઞાન સાથે જોડાય છે ને બીજો છેડો અર્થવિજ્ઞાન જોડે જોડાય છે. એટલે કે, શબ્દ પ્રત્યભિજ્ઞા પ્રક્રિયામાં બે અન્તર્નિહિત પ્રક્રિયા થાય છે, તે આ મુજબ છે :

(1) મુદ્રિત શબ્દોના આકાર પ્રત્યેની પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા

(2) સંદર્ભમાં અર્થ તારવવાની પ્રક્રિયા

હવે આપણે આ બંને અન્તર્નિહિત પ્રક્રિયા વિશે સમજીએ. પ્રથમ પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા વિષે જાણીએ.

આમાં 'પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા' મહત્ત્વનો શબ્દ છે. પ્રત્યક્ષાત્મક એટલે જે પ્રત્યક્ષ છે તે, જે સામે છે તે, જે દૃષ્ટિ પથમાં છે તે. પ્રત્યક્ષાત્મક એટલે જે પ્રત્યક્ષ છે તેને સંબંધિત જે સામે છે, જે નજરમાં છે તેને સંબંધિત. પ્રતિક્રિયા એટલે પ્રતિચાર, પ્રતિભાવ અથવા એમ કહો કે તેને કારણે પેદાથી ક્રિયાઓ. અહીં મનોવિજ્ઞાનનો પ્રવેશ થાય છે. સ્ટિમ્યુલ રિસ્પોન્સ, સ્ટિમ્યુલસ – રિસ્પોન્સની થિયરી S > R S > R. સ્ટિમ્યુલસ હોય તો રિસ્પોન્સ મળે. અહીં મુદ્રિત સામગ્રી સ્ટિમ્યુલસ છે, ઉદાહરણ તરીકે, 'કમળ' લખેલું છે. આંખ તેને જુએ છે. –ક–મ–ળ. આંખનું જોવાનું કામ અહીં શરૂ થાય છે. દર્શેન્દ્રિય ક–મ–ળની છબી માનસ પટલ ઉપર પહોંચાડે છે. આ માનસ-પટલ જ્ઞાનતંતુઓથી જોડાયેલ હોય છે. જેવી દર્શેન્દ્રિય કમળ મુદ્રિત અક્ષરો માનસ-પટલ પર પહોંચાડે છે કે તરત જ માનસ-પટલ સાથે સંકળાયેલાં જ્ઞાનતંતુઓ સક્રિય થાય છે. પરિણામે માનસ-પટલ પર પડેલી છબીને ઓળખવાની પ્રક્રિયા શરૂ થાય છે ને છેવટે તે ઓળખી બતાવે છે. આ આખી પ્રક્રિયાને પ્રત્યક્ષાત્મક પ્રક્રિયા કહેવામાં આવે છે. નજર સમક્ષ જે આવે તેને પરિણામે તેને ઓળખવા માટે મસ્તિષ્ક સ્તરે જે કંઈ ગતિવિધિ થાય તેને પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા કહેવાય. વાચન માટે આ પ્રક્રિયા અનિવાર્યપણે થવી જ જોઈએ. જેમને કોઈ માનસિક ક્ષતિ હોય અને તેના મસ્તિષ્કમાં મુદ્રિત સામગ્રી જોતાં જ કોઈ ગતિવિધિ ન થાય તો તે વાંચી શકતો નથી, કે વાંચી શકતી નથી અથવા વાંચી શકતું નથી. વાચન પ્રક્રિયામાં પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયાનું ઘણું મહત્ત્વ છે. બીજા શબ્દોમાં કહીએ તો, વાચન પ્રક્રિયાના પાયાની આ પહેલી ઈંટ છે. તેથી બાળકને વાચન શીખવતી વખતે મુદ્રિત અક્ષરોની ઓળખની ક્રિયા વારંવાર કરવામાં આવે છે.

પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયા શરૂ થયા પછી મહત્ત્વની કામગીરી આવે છે તે અર્થ તારવવાની. પ્રત્યક્ષાત્મક પ્રતિક્રિયામાં આંખ માત્ર કેમેરાનું કામ કરે છે ને ત્યારે એનું કામ પૂરું થાય છે. વળી માનસ-પટલ પર આંખે લીધેલી

છબી અંકિત થઈ ગયા પછી જ્ઞાનતંતુઓ ઝંકૃત થાય છે ને તે મસ્તિષ્ક કહેતાં ચેતાતંત્ર સક્રિય બને છે. હવે દશ્યાનુભવને ચેતાનુભવમાં રૂપાન્તરણની પ્રક્રિયા શરૂ થાય છે. અહીં મનોભાષિક પ્રક્રિયા થાય છે. મુદ્રિત સામગ્રીનો અર્થ મેળવવાની કસ્મકશ શરૂ થાય છે. મનની ગતિને મારુતતુલ્ય વેગ કહેવામાં આવે છે, તેનો પરચો અહીં થાય છે. મન તેના અનુભવ ભંડારની ચાવી વડે ભંડારને ખોલી નાખે છે અને અનુભવોના લેખાંજોખાં લેવા લાગે છે. દર્શેન્દ્રિય દ્વારા જે મુદ્રિત સામગ્રી માનસ-પટલ પર અંકિત થયેલી છે તેને મળતા ભળતા અનુભવની શોધ કરવા લાગે છે. જ્યારે તેને એને મળતો ભળતો અનુભવ મળી જાય છે ત્યારે આ શોધખોળની પ્રક્રિયા અટકે છે અને મુદ્રિત સામગ્રીનો અર્થ ઊઘડે છે. આ આખી પ્રક્રિયાને કહેવામાં આવે છે – સંદર્ભમાં શબ્દોના અર્થ ઘટાડવાની પ્રક્રિયા.

વાચનમાં મુદ્રિત શબ્દો એ ઉત્તેજક છે ને વાચન તે તેની પ્રતિક્રિયા છે. આ પ્રક્રિયા શરૂ થાય ત્યારે વાચન શરૂ થાય અને આ પ્રક્રિયા પૂરી થાય ત્યારે વાચનપ્રક્રિયા પૂરી થાય. વળી પ્રત્યક્ષાત્મક પ્રક્રિયા અને સંદર્ભ અર્થ ઘટાડવાની પ્રક્રિયા સમાંતર ચાલે છે એવું નથી, બલકે તે આનુક્રમિક ક્રિયા છે. વાંચન દરમિયાન તે સતત ચાલ્યા કરે છે પરંતુ તે એટલી ઝડપી ગતિએ થાય છે, તેથી વાચકને એની ખબર પડતી નથી. વળી બે પૈકીની કોઈ પણ એક પ્રક્રિયા પણ ન થાય કે અટકે એટલે વાચન પ્રક્રિયા અટકે. આ દષ્ટિએ વાચન રથનાં આ બે પૈડાં છે. બંને ચાલે તો વાચન થાય. બંને દોડે તો વાચન ઝડપી થાય.

1.3 વાચનનાં ધ્યેયો

- વિદ્યાર્થીઓ અપેક્ષિત ગતિ, લય સાથે શુદ્ધ રીતે મુખવાચન કરે.
- વાચન દ્વારા શબ્દના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ, ધ્વન્યાર્થ સમજે.
- અર્થબોધ તથા યતિ સાથે મૂકવાચન કરે.
- મધ્યવર્તી વિચાર કે સાર આપી શકે.
- વાંચેલી સામગ્રી પર પોતાના પ્રતિભાવ આપે.

- જ્ઞાન, આનંદ અને પ્રેરણા માટે વાંચે.
- સાહિત્ય પ્રત્યે અભિરુચિ વિકસાવે.
- શબ્દો અને રૂઢિપ્રયોગના જ્ઞાનમાં ક્રમિક વૃદ્ધિ કરે.
- ઉપસર્ગ, પ્રત્યય, સંધિ, સમાસના આધારે શબ્દોનું વિશ્લેષણ કરી અર્થ તારવે.
- સંદર્ભ પ્રમાણે શબ્દોના અર્થ અને અર્થવાચાઓ ઓળખે.
- શબ્દોના વિશિષ્ટ પ્રયોગ તેમ જ શબ્દોના લાક્ષણિક તેમ જ ધ્વન્યાર્થ સમજે.
- પાઠમાં આલેખાયેલાં મુખ્ય તથ્યો, ભાવો અને વિચારોને સમજે તથા તેઓ વચ્ચેના પારસ્પરિક સંબંધને સમજે.
- ભાષાની શક્તિ અને સૌંદર્યનો આસ્વાદ કરાવે.
- સાહિત્યના સ્વરૂપોથી પરિચિત થાય.
- વિષયવસ્તુના ભાવ, વિચાર તથા તથ્યોના ગુણ-દોષોનું વિશ્લેષણ કરે.
- વિષયવસ્તુ અને સાહિત્યમાં રજૂ થયેલા વિચાર અને ભાષાશૈલી અંગે પોતાનો પ્રતિભાવ આપે.

1.4 વાચનનું મહત્ત્વ

વાચનનું વિવિધ દષ્ટિએ મહત્ત્વ છે કારણ કે વાચન વ્યક્તિના જીવન વિકાસ માટે જેટલો પ્રાણવાયુ પૂરો પાડે છે તેટલો જ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે પ્રાણવાયુ પૂરો પાડે છે. અર્થાત્ વાચન વ્યક્તિ અને સમાજ, સમાજ અને રાષ્ટ્ર, રાષ્ટ્ર અને વિશ્વના વિકાસની આધારશિલા બને છે.

1.4.1 જ્ઞાનપ્રાપ્તિનું સંગીન સાધન

વિકસવું એ માનવ માત્રની ઇચ્છા, ઝંખના અને મહત્ત્વાકાંક્ષા હોય છે. તેથી તે વિકાસ માટે પ્રયત્ન કરતો હોય છે. વિકાસ માટેનો રાજમાર્ગ છે શિક્ષણ. તેથી તે શિક્ષણ સંસ્થામાં જોડાય છે, વિકાસ માટે જ્ઞાન અનિવાર્ય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે વાચન જરૂરી છે. તેથી વાચનને જ્ઞાનપ્રાપ્તિનો રાજપથ કહેવાય છે. કોઈ પણ સ્તર કે કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી હોય તો તેણે વાચન તો કરવું જ પડે છે.

એમાંય આ યુગ તો માહિતીના વિસ્ફોટનો યુગ છે. તાર્સ્તન હસન નામના એક સંશોધકે તારવ્યું છે કે, દરરોજ વર્તમાનપત્રો, સામયિકો અને પુસ્તકો દ્વારા 50,000 /– પાનાનું સાહિત્ય બહાર પડે છે. 30,000 /– જેટલાં વૈજ્ઞાનિક સામયિકો દર વર્ષે 6 લાખ લેખોનું પ્રકાશન કરે છે. વળી આ જ્ઞાન દર વર્ષે બમણું થાય છે. આ સ્થિતિમાં સમાજે જ્ઞાનકેન્દ્રી સમાજ બનવું જ રહ્યું. આ માટે વિદ્યાર્થીની જ્ઞાનભૂખ વધવી જોઈએ. વિદ્યાર્થીઓના વાચન રસ, વાચનઝડપ અને વાચનશક્તિ વધારવાં જોઈએ. આમ, વાચન વ્યક્તિનો જ નહિ, સમાજ અને રાષ્ટ્રનો પણ વિકાસ કરે છે. આમ, વાચનનું મહત્ત્વ વ્યક્તિગત સ્તરે જ નહિ, રાષ્ટ્રીય સ્તરે પણ ઘણું મહત્ત્વ છે.

1.4.2 વ્યક્તિત્વ વિકાસનું સાધન

વાચન વ્યક્તિત્વ વિકાસ માટેનું બળવાન ઉપકરણ છે. સમાજના નવજાગરણ માટે પણ વાચન ઊર્જા સમાન છે.

વાચન એ વ્યક્તિના માનસિક, સાંવેગિક, બૌદ્ધિક, વગેરે પાસાઓનો વિકાસ કરવા માટેનું ચાવીરૂપ સાધન છે. એક અભ્યાસના તારણ મુજબ, જીવનની શરૂઆતના તબક્કે બાળક નિરીક્ષણ દ્વારા જ્ઞાન મેળવે છે, પછી ઉંમર વધતાં શ્રવણ દ્વારા જ્ઞાન મેળવે છે. પરંતુ જીવન દરમિયાન તે વધુમાં વધુ જ્ઞાન વાચન દ્વારા મેળવે છે, તેથી જીવન વૃદ્ધિ અને વિકાસ માટે વાચન મહત્ત્વનું ઉપકરણ છે.

વાચન એ સાક્ષરતાનો પાયો છે. સાક્ષરતાની વૃદ્ધિ માટે વાચન જરૂરી છે. આ રીતે સાક્ષરતાની વૃદ્ધિ માટે પણ વાચનનું મહત્ત્વ છે.

1.4.3 સાર્થક અભિવ્યક્તિ માટે વાચન

વાચન જેટલું અર્થગ્રાહી, અભિવ્યક્તિ એટલી સાર્થક. મોટાભાગના લેખકો અને તેમાંય ખાસ કરીને નિબંધકાર વાચનાનુભવની અભિવ્યક્તિ કરતા હોય છે. મોટાભાગના સાક્ષરો સ્વીકારે છે કે અમારી સચોટ અભિવ્યક્તિનું કારણ અમારું વ્યાપક વાચન છે. આ રીતે સાર્થક અભિવ્યક્તિની આધારશિલા વાચન બને છે.

1.4.4 દૈનિક કાર્યો માટે વાચનનું મહત્ત્વ

દૈનિક જીવનમાં વાચનનું અદકેરું મહત્ત્વ છે. વાચન દૈનિક કાર્યોને સરળ બનાવે છે. આજનો યુગ તો બહુ સંકુલ યુગ છે. દૈનિક જીવનમાં ઘણાં અટપટાં કાર્યો કરવાનાં થતાં હોય છે.

અલબત, આજના યુગમાં રેડિયો અને ટેલિવિઝનને વાંચનનું સ્થાન લેવું છે, પણ તે કદી શક્ય બનવાનું નથી. કારણ કે તે સમય અને સ્થળથી બંધાયેલા છે. માણસ રોજિંદા કામકાજમાં રોકાયેલો હોય તો એ સમય ન તો તે રેડિયો સાંભળી શકે કે ન ટી.વી. જોઈ શકે. એ દરમિયાન અગત્યના સમાચાર કે માહિતી તો પ્રસારિત થઈ જાય. પરિણામે વ્યક્તિ તે જાણવાથી વંચિત રહી જાય. જ્યારે વાચન તો ગમે ત્યારે, ગમે તે જગ્યાએ થઈ શકે, માટે વાચનનો કોઈ વિકલ્પ નથી. આમ સાંપ્રત સમયમાં વાચન ખૂબ જરૂરી છે. જીવવા માટે વાંચવું જરૂરી છે. સારી રીતે જીવવા માટે વધુ વાંચવું જરૂરી છે. વાચન દ્વારા વ્યક્તિ સમાજમાં બનતા બનાવો, વિજ્ઞાનમાં થતી વૈજ્ઞાનિક શોધો, દેશ–વિદેશના સમાચારો, વગેરેથી માહિતગાર રહી શકે છે. વાચન દ્વારા વ્યક્તિ પોતાના જીવનવ્યવહારોને વ્યવસ્થિત બનાવી શકે છે. વ્યક્તિ વર્તમાન અને ભૂતકાળના જીવન અને જગત વિષે વાચન દ્વારા માહિતી મેળવી શકે છે. વિવિધ વ્યવસાયોના વ્યક્તિઓને વાચનની જુદી જુદી જરૂરિયાત રહેતી હોય છે. જો તે પોતાના વ્યવસાય અંગેની તાજામાં તાજી માહિતીથી અજાણ રહે તો તે પોતાના વ્યવસાયમાં સફળ થઈ શકતો નથી, તેથી જો દરેક વ્યવસાયી પોતપોતાના વ્યવસાયની વાચન-સામગ્રી વાંચતા રહે તો તે વ્યવસાયના વર્તમાન પ્રવાહોથી જાણકાર રહી શકે.

રોજિંદા જીવનમાં વાચન જે ભૂમિકા ભજવે છે તેવી ભૂમિકા અન્ય કોઈ નથી ભજવી શકે તેમ. જેવું વાંચન તેવા વિચાર અને જેવા વિચાર તેવા દૈનિક વ્યવહાર, તો પણ દૈનિક જીવનમાં શું વાંચવું, ક્યારે વાંચવું તેનો નિર્ણય કરવો જોઈએ.

1.4.5 સાંસ્કૃતિક વિકાસ માટે વાચન

સંસ્કાર વાચનનું પરિણામ જેમનું વાંચન શુભમ્ તેમના સંસ્કાર પણ શુભમ્ ! જેમનું વિચાર વૈવિધ્યસભર તેમ તેના દૃષ્ટિકોણ પણ વિશાળ. વિશાળ દૃષ્ટિકોણ અન્યના શુભ વિચારો, સુસંસ્કાર તથા માનવીય મૂલ્યોની સ્વીકૃતિ સરળ. જે વ્યક્તિ અન્યના શુભ વિચારો સ્વીકારે તેના વિચારો પણ અભિવૃદ્ધ થાય. જે વ્યક્તિ અન્યોના સુસંસ્કારોનું આચરણ કરે તેના પણ સુસંસ્કારમાં વૃદ્ધિ થાય. જે વ્યક્તિ અન્યોનાં માનવીય મૂલ્યોને પણ સ્વીકારે છે તેના આચાર અને વિચાર પણ શ્રેયસ્કર બને છે. શુભ વિચાર, સુસંસ્કાર તથા માનવીય મૂલ્ય એ ત્રણે સંસ્કૃતિની આધારશિલાઓ છે. આ ત્રણેય માટે વાચન ખૂબ જરૂરી છે. વાચન જ આ બધા માટે ઊર્જા સમાન છે. વાચનથી વિચાર વિકસે. વિકસેલ વિચાર શુભ વિચાર બને. શુભ વિચાર સુસંસ્કારોને ઓળખી શકે છે ને તેને આત્મસાત્ કરવાની મનોસ્થિતિ ધરાવે છે. ત્રીજી બાબતો તે માનવીય મૂલ્યોનું આત્મસાતીકરણ. એ એવી વ્યક્તિ જ કરી શકે જેનું મન અને દિલ વિશાળ હોય તથા જે આત્મસાતન માટે તત્પર હોય. આ બધી બાબતના પાયામાં વાચન છે. વાચન એ વિટામિન છે કે જે મનોક્ષિતિજોને વિસ્તારે છે, જે દૃષ્ટિકોણને વિસ્તારે છે તથા જે વ્યક્તિને તત્પર બનાવે છે. આમ વાચનનું સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ પણ મહત્ત્વ છે.

1.4.6 શૈક્ષણિક દૃષ્ટિએ વાચનનું મહત્ત્વ

સત્તરમી સદીના વિખ્યાત ચિંતક શ્રી ફ્રાન્સિસ બેકનના નિબંધોના સંપાદક શ્રી એફ.જી. સેલબોય નોંધે છે :

'Reading maketh a full man' વાચન મનુષ્યને પૂર્ણ બનાવે છે.

કદાચિત વાચનના આ મહત્ત્વને પિછાણીને જ શાળેય અભ્યાસક્રમમાં વાચન મહત્ત્વનું અંગ બની રહ્યું છે. વાચન શિક્ષણ એ શૈક્ષણિક કાર્યક્રમોનું મહત્ત્વનું કાર્ય બની ગયું છે. શૈક્ષણિક સંશોધકોએ એ પણ તારવી આપ્યું છે કે જે અધ્યેતા વાચનમાં નબળો તેની શૈક્ષણિક સિદ્ધિ પણ નબળી અને જે અધ્યેતાનું વાચન સારું તેની શૈક્ષણિક સિદ્ધિ પણ ઊંચી. આમ વાચન અધ્યેતાની શૈક્ષણિક સિદ્ધિની ગુરુચાવી છે. આ તથ્યને લક્ષમાં રાખી પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી શ્રી ડિચાન્ટ નોંધે છે,

'If the first button of man's coat is wrongly buttoned, all the rest are certain to be crooked. Reading is that first button in the garment of education.'

શિક્ષણમાં વાચનનું મહત્ત્વ અનન્ય છે. દુનિયાનો કોઈ વર્ગખંડ એવો જોવા નહિ મળે કે જ્યાં વાચન કૌશલના વિકાસ અર્થે કોઈ ને કોઈ પ્રવૃત્તિ ન થતી હોય. શાળામાં વિવિધ વિષયોનું શિક્ષણ થતું હોય છે. માટે પણ વાચન જરૂરી હોય છે. વાચન દ્વારા અધ્યેતા વિવિધ વિષયોનું જ્ઞાન મેળવે છે. મળેલ જ્ઞાનનું દૃઢીકરણ કરે છે.

Learning to read અને Reading to learn આ શબ્દો સમજવા જેવા છે. શરૂઆતમાં બાળકને ગુણવત્તાયુક્ત વાચન પ્રક્રિયાનું અધ્યાપન–અધ્યયન કરવામાં આવે, મહાવરો આપવામાં આવે તો તે તેના આધારે બીજા વિષયોનું વધુ અધ્યયન કરી શકે છે, તેથી અધ્યયનની પ્રક્રિયામાં વાચન એક અગત્યનું પરિબળ છે.

શિક્ષણપ્રક્રિયામાં પુસ્તક–પાઠ્યપુસ્તક કેન્દ્રમાં હોય છે. એ અધ્યયનની શરૂઆત છે, અંત નથી. એટલે વિદ્યાર્થીની વાચનક્ષમતા સારી.હશે તો જ તે એક સારા શિક્ષકની ગરજ સારી શકશે. આમ, અધ્યયન પ્રક્રિયામાં વાચન એ ગુરુચાવી છે.

વાચન એ સાક્ષરતાનું અગત્યનું અંગ છે. તે જ રીતે પ્રાથમિક શિક્ષણનું પ્રમુખ કૌશલ છે. આ રીતે શૈક્ષણિક દૃષ્ટિએ વાચનનું મહત્ત્વ વધુ છે.

1.5 વાચન શોખ વિકસાવવા માટેના પ્રયાસો

વિદ્યાર્થીઓમાં વાચન શોખ વિકસે, તેઓ પુસ્તકાભિમુખ બને, તેમનામાં સ્વપ્રયાસે અભ્યાસ કરવાની નિષ્ઠા અને દૃષ્ટિ કેળવાય તે માટે નીચે જેવા પ્રયાસો હાથ ધરી શકાય.

- વાચન માટે પ્રાપ્ત પુસ્તકો–સામયિકોની માહિતી વિદ્યાર્થીઓને મળી રહે તેવી સુવિધા ઊભી કરવી.
- વાચન પ્રોત્સાહન કાર્યક્રમનું આયોજન કરવું.
- શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવી વિદ્યાર્થી વાંચતા થાય તેવી પદ્ધતિઓ અમલમાં મૂકવી.
- શિક્ષણ દરમિયાન સંદર્ભ પુસ્તકોનો ઉલ્લેખ કરવો.
- પુસ્તક પ્રદર્શનો ગોઠવવાં, તેની માહિતી આપવી, મુલાકાતે લઈ જવા.
- વિદ્યાર્થીઓમાં વાચન પ્રત્યેના અભિગમોના માપન માટે કસોટીઓ યોજવી.
- પ્રાર્થના સંમેલનમાં પુસ્તક સમીક્ષાનો કાર્યક્રમ રાખવો.
- શાળાનું પુસ્તકાલય અને વર્ગપુસ્તકાલય બાળકો માટે સદાય ખુલ્લાં રાખવાં.
- નવાં આવેલાં પુસ્તકોની વિશિષ્ટતાની આકર્ષક જાહેરાત કરવી.
- વાચન મંડળ કે સાહિત્ય વર્તુળની સ્થાપના કરી સમૂહ વાચન કાર્યક્રમો યોજવા.
- પુસ્તકાવલોકનની પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- શાળા સમયપત્રકમાં ઇતર વાચનના તાસ રાખવા.

સ્વાધ્યાય

પ્ર.–1 વિસ્તારથી ઉત્તર લખો.

(1) વાચનનો પ્રક્રિયાગત અર્થ લખો.

(2) વાચનની સંકલ્પના સ્પષ્ટ કરો.

(3) વાચન એ શિક્ષણ સિદ્ધિની ગુરુચાવી છે – સાબિત કરો.

(4) સાંસ્કૃતિક વિકાસમાં વાચન શી રીતે ફાળો આપે છે ?

(5) વાચન વ્યક્તિત્વ વિકાસનું સાધન કઈ રીતે છે ?

■

પ્રકરણ. 2

પાઠ્યસામગ્રીની વિવિધતા

2.1 પ્રસ્તાવના

2.2 પાઠ્યસામગ્રીના શૈલીગત પ્રકાર

2.2.1 વર્ણનાત્મક પાઠ્યસામગ્રી

2.2.2 વૃત્તાંતકેન્દ્રી પાઠ્યસામગ્રી

2.2.3 કથનાત્મક પાઠ્યસામગ્રી

2.2.4 નિરૂપણાત્મક પાઠ્યસામગ્રી

2.3 પાઠ્યસામગ્રીના વસ્તુગત પ્રકાર

2.3.1 પાઠ્યપુસ્તક

2.3.2 સંદર્ભ સામગ્રી

2.3.3 પ્રયોગમૂલક સામગ્રી

2.3.4 સંકલ્પનાત્મક સામગ્રી

2.3.5 ઐતિહાસિક સામગ્રી

2.3.6 નીતિ દસ્તાવેજો

2.3.7 સંશોધન અહેવાલો

✿ સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના

વાચન એ બે અંત્યબિંદુને જોડનાર કડી છે અથવા કહો તો પ્રક્રિયા છે. ઉક્ત બે અંત્યબિન્દુ એટલે વાચન અને ટેક્સ્ટ (Text), વાચક અને પાઠ્યસામગ્રી વાચનસામગ્રી વગર વાચન શક્ય નથી. તો વાચ્યસામગ્રી હોય પણ વાચક ન હોય તો પણ વાચન શક્ય નથી. આમ, વાચક અને વાચ્યસામગ્રી અન્યોન્ય પૂરક છે.

પ્રસ્તુત પ્રકરણમાં પાઠ્યસામગ્રી કેન્દ્રમાં છે, પાઠ્યસામગ્રીનું વાચનમાં વિવિધ દૃષ્ટિકોણથી મહત્ત્વ છે. અહીં પાઠ્યસામગ્રીનું સ્વરૂપ અને તેની અભિવ્યક્તિની રીત વિશે રજૂઆત કરવામાં આવી છે. પાઠ્યસામગ્રીનું સ્વરૂપ પાઠ્યસામગ્રીના પ્રકાર દર્શાવે છે જ્યારે અભિવ્યક્તિની રીત તેની શૈલીનો સંકેત કરે છે. પાઠ્યસામગ્રીનું સ્વરૂપ એટલે પાઠ્યસામગ્રીનું વસ્તુ, જ્યારે પાઠ્યસામગ્રીના વસ્તુની રજૂઆત કરવાની રીત એટલે શૈલી. પ્રસ્તુત પ્રકરણમાં પાઠ્યસામગ્રીની રજૂઆત કરવામાં આવી છે.

2.2 પાઠ્યસામગ્રીના શૈલીગત પ્રકાર

સાહિત્યશાસ્ત્રમાં એક એવા કથનનું ચલણ છે શીલ એવી શૈલી અર્થાત્ વસ્તુની અસર શૈલી ઉપર છે. વસ્તુની જેવી પ્રકૃતિ તે મુજબની તેની રજૂઆત. શૈલી વસ્તુની રજૂઆતની દૃષ્ટિએ કે વસ્તુની શૈલીની દૃષ્ટિએ નીચે મુજબના પ્રકારો પડે છે.

2.2.1 વર્ણનાત્મક પાઠ્યસામગ્રી

2.2.2 વૃત્તાંતકેન્દ્રી પાઠ્યસામગ્રી

2.2.3 કથનાત્મક પાઠ્યસામગ્રી

2.2.4 નિરૂપણાત્મક પાઠ્યસામગ્રી

હવે દરેક પ્રકારની પાઠ્યસામગ્રી વિશે વિગતે જાણીએ.

2.2.1 વર્ણનાત્મક પાઠ્યસામગ્રી

જે પાઠ્યવસ્તુનું વર્ણન કરવામાં આવ્યું હોય તેને વર્ણનાત્મક પાઠ્યસામગ્રી કહેવાય. વર્ણનનો અંગ્રેજી પર્યાય છે નેરેશન – NARRATION. તેનો કોશગત અર્થ કંઈક આવો થાય છે : વર્ણન, વર્ણન કરવું, વિવરણ, વિવરણ કરવું, આખ્યાન કરવું.

સાર્થ ગુજરાતી જોડણી કોશ મુજબ વર્ણનનો અર્થ છે વર્ણવવું, કે વર્ણવેલું, બયાન કરવું, વર્ણનવાળું, વર્ણનરૂપ.

અર્થ જાણ્યા પછી પ્રશ્ન થાય છે કે, વર્ણન ખરું પણ શેનું વર્ણન ? વર્ણન શેનું થઈ શકે ?...વિચાર કરતાં તેના જવાબો નીચે મુજબના મળે છે.

(ક) દૃશ્ય :

જે કોઈ દૃશ્ય જોયું હોય તો તેનું વર્ણન થઈ શકે. જેમ કે શરદપૂનમનો ચંદ્ર અને ચાંદનીનું દૃશ્ય, તો તેનું વર્ણન થઈ શકે.

(ખ) કોઈ વ્યક્તિ પશુ – પક્ષી :

આમાંના કોઈને જોયા હોય તો તેનું વર્ણન થઈ શકે. વ્યક્તિ, પશુ–પક્ષીનો પરિચય એ તેનું વર્ણન છે.

(ગ) કોઈ પદાર્થ–વસ્તુ :

કોઈ પદાર્થ કે વસ્તુ જોઈ હોય તો તેનું વર્ણન થઈ શકે. જેમ કે,ત્રિપાર્શ્વકાચ – તો તેનું વર્ણન થઈ શકે.

❑ **વર્ણનના પ્રકાર :**

વર્ણનના બે પ્રકાર પાડી શકાય.

(1) સ્થૂળ વર્ણન – અનાત્મલક્ષી વર્ણન

(2) સૂક્ષ્મ વર્ણન – આત્મલક્ષી વર્ણન

(1) સ્થૂળ વર્ણન :

તેને અનાત્મલક્ષી વર્ણન કહેવાય. બીજા શબ્દોમાં ફોટોગ્રાફિક વર્ણન પણ કહી શકાય. જેમ કૅમેરો જે છે ને જેવું છે તે ફોટોગ્રાફમાં રજૂ કરે છે. તેમાં કૅમેરો પોતાના તરફથી કશું ઉમેરતો નથી કે નથી તેમાંથી કશું દૂર કરતો. જેવું હોય તેવી રજૂઆત એટલે સ્થૂળ વર્ણન, કોઈ દુષ્કાળના સમયની જમીન–ખેતીનું વર્ણન કરે કે જમીન સુકાઈ ગઈ હતી, જમીન તરડાઈ ગઈ હતી, ઝાડ બધાં પાંદડા વગરનાં થઈ ગયાં હતાં, પક્ષીઓનો કલરવ ખોવાઈ ગયો હતો, નદીનાળાં સુકાઈ ગયાં હતાં, મનુષ્યના નૂર હણાઈ ગયા હતા....વગેરે વગેરે...આ એક સ્થૂળ વર્ણનનો નમૂનો થયો. જે સ્થિતિ છે, જે તથ્ય છે, તેની શબ્દશઃ રજૂઆત તેમાં વર્ણનકર્તાની કોઈ જ લાગણી, કે સંવેદનાનો પુટ નથી.

સ્થૂળ વર્ણનમાં ઊંડાણ નથી હોતું. સાહિત્યમાં આવા પ્રકારના વર્ણનનું પણ મહત્ત્વ છે. 'માનવીની ભવાઈ' નવલકથામાં લેખક પન્નાલાલ પટેલે દુષ્કાળના વર્ણનમાં કેટલીક જગ્યાએ આ પ્રકારનાં વર્ણનો કરેલાં છે.

વિજ્ઞાન, ઇતિહાસ અને શાસ્ત્રગત રજૂઆતમાં આ પ્રકારનાં વર્ણનો હોય છે. પાઠ્યસામગ્રીમાં આવાં પ્રકારનાં વર્ણનો પણ જોવા મળે છે. તેનું અર્થગ્રહણ સરળ અને સહજ હોય છે. અહીં શાબ્દિક અર્થગ્રહણ થતું હોય છે. આ પ્રકારના અર્થગ્રહણનું સ્તર પણ સામાન્ય ગણાય છે. અહીં કોઈ પણ વિગતના અર્થઘટન માટે પરિશ્રમ કરવાની જરૂર પડતી નથી કે વર્ણ્યવસ્તુ પરત્વે સાંવેગિક પ્રતિચાર આપવાનો રહેતો નથી. આ પ્રકારની પાઠ્યસામગ્રીમાં સ્મરણ શક્તિનો જ વિનિયોગ થતો હોય છે.

આપણા શાળેય પાઠ્યપુસ્તકોમાં સ્થૂળ વર્ણનાત્મક શૈલીની કૃતિઓને સ્થાન આપવામાં આવતું હોય છે. તે શૈલીનું વિષયવસ્તુ મોટેભાગે માહિતીપ્રધાન હોય છે. તેના મૂલ્યાંકન માટે પણ માહિતીપ્રધાન અને અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્ન પ્રકારોનો ઉપયોગ થતો હોય છે.

(2) સૂક્ષ્મ વર્ણન :

વર્ણનનો આ બીજો પ્રકાર છે. તેને આત્મલક્ષી વર્ણન પણ કહી શકાય. એટલે કે, અહીં વર્ણન કૅમેરાની આંખે નથી થતું, પરંતુ અહીં વર્ણન જીવતા જાગતા ચેતનવંતા મનુષ્યની આંખથી જોવાયેલ અને હૈયાથી અનુભવાયેલ કલમે થાય છે.

આપણાં પાઠ્યપુસ્તકોમાં પણ સૂક્ષ્મ વર્ણનો રજૂ થયાં હોય છે. તેનું અધ્યાપન કાળજીપૂર્વક થવું જોઈએ.

2.2.2 વૃત્તાંતકેન્દ્રી પાઠ્યસામગ્રી

અગાઉ જણાવ્યા મુજબ પાઠ્યસામગ્રી ઘણાં પ્રકારની હોઈ શકે. તથા સામગ્રીની રજૂઆતની શૈલી પણ ઘણા પ્રકારની હોઈ શકે. અહીં વૃત્તાંત-કેન્દ્રી પાઠ્યસામગ્રીની ઓળખ કરવાની છે, પરંતુ એ પહેલાં વૃત્તાંતનો અર્થ સમજી લઈએ.

સામાન્ય રીતે ગુજરાતી સાર્થકોશ પ્રમાણે વૃત્તાંતનો અર્થ વૃત્ત અંગેનું નિવેદન, આલેખન.

- વૃત્ત એટલે વરાયેલું, પસંદ કરાયેલું, આવરિત, ઢંકાયેલું, સમાચાર હકીકત, પત્ર, વર્તમાનપત્ર બનેલા બનાવોનું વિવેચન
- વૃત્તાંત એટલે વર્ણન, ખબર, હકીકત
- અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે, Report અર્થ. એટલે સમાચાર અથવા માહિતી આપવી, પહોંચાડવી, બતાવવું, વિવરણ આપવું.

એટલે ટૂંકમાં બનાવ, પ્રસંગ કે બાબત અંગે માહિતી આપવી અથવા સમાચાર પહોંચાડવા.

આપણે ત્યાં વૃત્તાંત લેખનની તાલીમ આપવાનું ભાષાના અભ્યાસક્રમમાં સૂચિત છે. તેથી પાઠ્યપુસ્તકોમાં પણ વૃત્તાંતકેન્દ્રી પાઠ્યસામગ્રીને સ્થાન મળે છે.

❑ **વૃત્તાંત લેખનનાં લક્ષણો :**

- કોઈપણ બનાવ, પ્રસંગ અંગેનું સિલસિલાબંધ વર્ણન.
- ઝીણવટભર્યું અવલોકનયુક્ત વર્ણન
- હકીકતોનું પ્રાધાન્ય, અભિપ્રાયોનો અભાવ
- પૂર્ણ અનાત્મલક્ષી
- સાદી, સરળ અને સપાટ ભાષા. અલંકારયુક્ત ભાષાનો નિષેધ
- સંક્ષેપ, લાઘવયુક્ત રજૂઆત
- વચ્ચે વચ્ચે અવતરણો કે સૂક્તિઓનો નિષેધ
- પ્રસંગ કે બનાવનું ખંડદર્શન નહિ, અખંડ દર્શનનો આગ્રહ
- બનાવ કે પ્રસંગની તમામ ખાસિયતોનો ઉલ્લેખ
- ક્રમબદ્ધ રજૂઆત
- ઉચિત શીર્ષકનો પ્રયોગ

આવા પ્રકારની શૈલીવાળા લેખનનો અર્થબોધ સરળ હોય છે. અહીં વાચકે કશું અર્થઘટન કરવાનું હોતું નથી. માત્ર જાણવાનું જ હોય છે. તેથી આ પ્રકારની વાચન સામગ્રી માહિતીપ્રધાન સામગ્રી કહેવાય. તેથી આવા પ્રકારની પાઠ્યસામગ્રી માટે વાચકે માહિતીલક્ષી વાચન કરવું પડે છે.

2.2.3 કથનાત્મક પાઠ્યસામગ્રી

કથનાત્મક પાઠ્યસામગ્રીને સંવાદાત્મક સામગ્રી પણ કહેવાય છે. આ પ્રકારની પાઠ્યસામગ્રીમાં કોઈ વક્તા કથન કરીને માહિતીની રજૂઆત કરે છે તો કોઈ વખત સંવાદ શૈલીમાં વિષયવસ્તુ રજૂ થાય છે. ટૂંકમાં, અહીં લેખક કહેનાર નથી હોતો, અન્ય કોઈ કહેનાર હોય છે. આ પ્રકારની પાઠ્યસામગ્રી આપણને નાટકો, પ્રહસનો, એકાંકી તથા સંવાદોમાંથી મળે છે. પ્રશ્નોત્તર સ્વરૂપે રજૂ થતી હોવાથી સમજવી સરળ પડે છે. તે માટે અનુમાનાત્મક અર્થગ્રહણની આવશ્યકતા રહેતી નથી.

2.2.4 નિરૂપણાત્મક પાઠ્યસામગ્રી

આ પ્રકારની પાઠ્યસામગ્રી ચિંતન પ્રધાન હોય છે. તેમાં લેખકનો આશય કોઈ સિદ્ધાંત કે સંકલ્પનાના નિરૂપણનો હોય છે. આ માટે લેખક ખૂબ જ સાવચેતીપૂર્વક શબ્દો પ્રયોજે છે, વાક્યરચના યોજે છે. તેમાં લેખકની કલમ કેન્દ્રોત્સારી ગતિ કરે છે. જેમ સરોવરના શાંત શીતળ જળમાં કોઈ કાંકરો ફેંકે ને તેને પરિણામે જળમાં જે રીતે વલયો જન્મે અને શમે તેવી કંઈક માનસિક પ્રક્રિયા અહીં થતી હોય છે. લેખક ગંભીર થઈ વિચારદોહન રજૂ કરે છે. સાર્થ ગુજરાતી જોડણીકોશ અનુસાર, નિરૂપણ એટલે વિવેચન, પ્રતિપાદન. આ શૈલીની પાઠ્યસામગ્રીમાં લેખકના વિચાર, મંતવ્ય કે ધારણાનું પ્રતિપાદન થતું હોય છે. આ હેતુસર લેખક વિવિધ પ્રકારના તર્કોનો સહારો લેતો હોય છે, દલીલો પણ રજૂ કરતો હોય છે. આ પ્રકારની પાઠ્યસામગ્રીમાં લેખક મૂળ સિદ્ધાંતને સુગ્રાહ્ય કરવા એક પછી એક તર્ક રજૂ કરતો હોય છે.

સંક્ષેપમાં વાચન માટે પાઠ્યસામગ્રી અનિવાર્ય છે તથા પાઠ્યસામગ્રી એક જ પ્રકારની હોય તે જરૂરી નથી. વાચકને વિવિધ શૈલીવાળી પાઠ્યસામગ્રીનો અનુભવ પૂરો પાડવો જોઈએ, કારણ કે વાચનશક્તિનો વિકાસ તો જ થઈ શકે. જીવનના વિવિધ તબક્કે વિવિધ શૈલીમાં રજૂ થયેલ પાઠ્યસામગ્રી સાથે તેણે કામ પાડવાનું જ હોય છે. તેથી એની પૂર્વતૈયારી રૂપે વિવિધ શૈલીવાળી પાઠ્યસામગ્રીનો પરિચય શાળાસ્તરેથી જ કરાવવો જોઈએ. વાચનના આ દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને પાઠ્યપુસ્તકોની સંરચના થતી હોય છે. તેમાં જેમ વિષય વૈવિધ્યનું ધ્યાન રાખવામાં આવે છે તેમ જ શૈલીગત વૈવિધ્યનું પણ ધ્યાન રાખવામાં આવતું હોય છે. પાઠ્યસામગ્રીનું શૈલીગત વૈવિધ્ય મહત્ત્વનું છે. તેના થકી વાચકને અર્થગ્રહણ બાબતે પણ યોગ્ય પ્રશિક્ષણ મળે છે. મૂળ વાત એ છે કે, શૈલી અને અર્થગ્રહણનો ઘનિષ્ટ સંબંધ છે. દરેક શૈલી વાચકની વિવિધ પ્રકારની અર્થગ્રહણ ક્ષમતાની અપેક્ષા રાખે છે. તેથી જુદી જુદી શૈલી યુક્ત પાઠ્યસામગ્રીના અર્થગ્રહણ માટે જુદા જુદા સ્તરના અર્થગ્રહણ અભિગમો જરૂરી બને છે.

2.3 પાઠ્યસામગ્રીના વસ્તુગત પ્રકાર

અગાઉ આપણે પાઠ્યસામગ્રીના શૈલીગત પ્રકારો જોયા, સમજ્યા તથા અર્થગ્રહણ પર તેની અસર જાણી હવે પાઠ્યસામગ્રીના વસ્તુગત કહો કે હેતુલક્ષી પ્રકારો જોઈએ, સમજીએ. એ પ્રકારો આ મુજબ છે :

2.3.1 પાઠ્યપુસ્તક

2.3.2 સંદર્ભ સામગ્રી

2.3.3 પ્રયોગમૂલક સામગ્રી

2.3.4 સંકલ્પનાત્મક સામગ્રી

2.3.5 ઐતિહાસિક સામગ્રી

2.3.6 નીતિ દસ્તાવેજો

2.3.7 સંશોધન અહેવાલો

2.3.1 પાઠ્યપુસ્તક

પાઠ્યપુસ્તક એ સૌથી વધુ વપરાતી પાઠ્યસામગ્રી છે. જ્યાં જ્યાં અધ્યયન પ્રવૃત્તિ છે, અધ્યાપન પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં પાઠ્યપુસ્તક અનિવાર્ય પાઠ્યસામગ્રી છે. આ એક હેતુલક્ષી પાઠ્યસામગ્રી છે કારણ કે ચોક્કસ હેતુઓને સિદ્ધ કરવા તે તૈયાર થઈ હોય છે. કેટલીક વખત પાઠ્યપુસ્તકો સંપાદકો દ્વારા સંપાદિત થયેલ હોય છે. ઔપચારિક શિક્ષણ વ્યવસ્થામાં પાઠ્યપુસ્તક મહત્ત્વની પાઠ્યસામગ્રી ગણાય છે. પાઠ્યપુસ્તક વગર ઔપચારિક શિક્ષણ શક્ય નથી બનતું. તેથી પાઠ્યપુસ્તક એક એવી પાઠ્યસામગ્રી ગણાય છે. પાઠ્યપુસ્તક વગર ઔપચારિક શિક્ષણ શક્ય નથી બનતું.

❑ **સ્વરૂપ :**

પાઠ્યપુસ્તક અધ્યેતાના અધ્યયન માટેની અતિ ઉપયોગી મુદ્રિત પાઠ્યસામગ્રી છે. તે એક પ્રકારનું દશ્ય ઉપકરણ છે. શબ્દો અને ચિત્રો વડે તેની દશ્યતા બેવડાઈ છે. પાઠ્યપુસ્તક શિક્ષણના હેતુઓને લક્ષમાં રાખીને તૈયાર કરવામાં આવે છે, તથા તજ્જ્ઞો દ્વારા તૈયાર થતું હોય છે, તો પણ તે સંદર્ભ ગ્રંથ બની શકતું નથી. દરેક વિષયનું પાઠ્યપુસ્તક હોય છે, જેમ કે, ઇતિહાસનું પાઠ્યપુસ્તક, વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક, ગણિતનું પાઠ્યપુસ્તક, દરેક ભાષાનાં પાઠ્યપુસ્તકો વગેરે. ટેક્નોલૉજીનાં પણ પાઠ્યપુસ્તકો હોય છે. તેમાં સંપાદિત થતાં વિષયવસ્તુ પણ ચીવટથી પસંદ કરાતા હોય છે. ઉદા. ભાષાનું પાઠ્યપુસ્તક હોય તો તે માટેની કૃતિઓ પસંદ કરતી વખતે તેનું સાહિત્ય સ્વરૂપ (કવિતા, વાર્તા, નિબંધ, આત્મકથાંશ, પ્રવાસ, વગેરે) તથા વિષયવૈવિધ્ય (કવિતા હોય તો પ્રકૃતિકાવ્ય, દેશપ્રેમનું કાવ્ય, ભક્તિ કાવ્ય,) વગેરે ધ્યાનમાં લેવાતા હોય છે. જેમ કે, શરૂઆતમાં કૃતિના કર્તાનો સંક્ષિપ્ત પરિચય, કૃતિનો પરિચય, કૃતિ, શબ્દસૂચિ, સ્વાધ્યાય પ્રવૃત્તિઓ, વગેરે મુદ્દાઓ રખાતા હોય છે. કેટલાંક પાઠ્યપુસ્તકોમાં વિશેષ વાચન કે સ્વઅધ્યયન વિભાગ પણ રખાતો હોય છે. એમાં રજૂ થયેલી પાઠ્યસામગ્રીનું અધ્યાપન થતું હોતું નથી. તેનું અધ્યયન અધ્યેતાએ સ્વયં કરવાનું હોય છે.

આમ, પાઠ્યપુસ્તક ખૂબ જ ઉપયોગી પાઠ્યસામગ્રી છે. તેની વાચ્યતા અધ્યેતાની વાચનક્ષમતાને લક્ષમાં રાખીને ગોઠવાતી હોય છે. પાઠ્યપુસ્તક એ શિક્ષક દ્વારા શીખવવાની પાઠ્યસામગ્રી છે. તેના થકી અધ્યેતાને જ્ઞાન, સમજ અને ઉપયોજનના હેતુ સિદ્ધ કરવાના છે. વાચકનું શબ્દભંડોળ વધે, વાચકની અભિવ્યક્તિ શૈલી ધારદાર બને તે પણ ધ્યાનમાં રખાતું હોય છે. ઘણી વખત પાઠ્યપુસ્તક શિક્ષકની ગરજ સારે છે. આ દૃષ્ટિએ પાઠ્યપુસ્તક બહુ ઉપયોગી પાઠ્યસામગ્રી છે.

2.3.2 સંદર્ભ સામગ્રી

વાચક વિવિધ હેતુસર વિવિધ પ્રકારની સામગ્રી વાંચતો હોય છે. તેની સામગ્રીની પસંદગી તેના વાચનના હેતુ મુજબ રહે છે. તેથી ગ્રંથાલય, જાહેર પુસ્તક ભંડાર, બુક શોપ, વગેરે સ્થળોએ વિવિધ પ્રકારની પાઠ્યસામગ્રી

મળતી હોય છે. વાચક વાચકે રુચિભિન્નતા જોવા મળતી હોય છે, તે તથ્યને લક્ષમાં રાખીને જ પુસ્તક પ્રકાશકો વિવિધ પ્રકારની વાચન સામગ્રી પ્રકાશિત કરતા હોય છે. તો પુસ્તક વિક્રેતાઓ પણ વિવિધ પ્રકારની વાચન સામગ્રી વેચતા હોય છે. પાઠ્યસામગ્રીના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય.

સંદર્ભ ગ્રંથો અત્યન્ત પરિશ્રમ તથા વિશાળ અધ્યયન પછી તૈયાર થતા હોય છે. તેથી તેને જ્ઞાનનો, માહિતીનો સાગર કહેવાય. માહિતીના વિસ્ફોટનો આ યુગ અને માહિતીની ભૂખ વધારનારો આ સમય, ત્યારે વિશેષ માહિતીનો સંતોષ પાઠ્યપુસ્તકોથી થતો નથી. તેને માટે સંદર્ભ ગ્રંથો જરૂરી છે.

સંદર્ભગ્રંથનો હેતુ જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો હોય છે. તેથી સંશોધનાત્મક અભિગમથી, આગમન–નિગમન અભિગમથી વિષયની રજૂઆત થઈ હોય છે, રજૂઆત ટૂંકી અને સંપૂર્ણ હોય છે. પરિણામે તે પાઠ્યસામગ્રી રૂપે ગુણવત્તાયુક્ત હોય છે. જે–તે વિષયના જિજ્ઞાસુ વાચકના મનમાં ઊઠેલા અનેક પ્રશ્નોના ઉત્તરો તેમાંથી મળી રહે છે. આમ, સંદર્ભ પુસ્તક કે ગ્રંથ વાચક માટે શ્રેષ્ઠ જ્ઞાનભંડાર બની જાય છે.

સંદર્ભગ્રંથ એ તો ગાગરમાં સાગર હોય છે. તેમાં જે–તે વિષયનું આદિથી અંત સુધીનું લખાણ હોય છે. તેને પરિણામે તે જુદી જુદી કક્ષાના વાચકો માટે પણ ઉપયોગી બને છે.

2.3.3 પ્રયોગમૂલક વૃત્તાન્ત

પાઠ્યસામગ્રીનો આ પણ એક પ્રકાર છે. તે પાઠ્યસામગ્રી કપોળકલ્પિત કથા નથી હોતી. પ્રયોગનો અહેવાલ પ્રયોગ એટલે હેતુપૂર્વક કરવામાં આવેલું, વૈજ્ઞાનિક પ્રવિધિને અનુસરનારું કાર્ય પ્રયોગમૂલક પાઠ્યસામગ્રીના બે પ્રકાર છે, તે આ મુજબ છે :

એ બન્ને પ્રકારને વિગતે સમજીએ.

❑ **પ્રયોગની રૂપરેખા રજૂ કરતી પાઠ્યસામગ્રી :**

પ્રયોગ કર્યા પહેલાં, પ્રયોગની પૂર્વતૈયારી રૂપે તૈયાર કરેલ લેખિત સામગ્રી એટલે પ્રયોગની રૂપરેખા. પ્રયોગ માટે પ્રયોગની રૂપરેખા અગત્યની છે. કારણ કે તે પ્રયોગકર્તાને માર્ગદર્શન પૂરું પાડે છે. રૂપરેખા જેટલી ચુસ્ત અને સંપૂર્ણ,

પ્રયોગ તેટલો સફળ રહેવાની સંભાવના રહે છે. પ્રયોગશાળામાં પ્રયોગ પાત્રો નિર્જીવ હોય છે તથા તેને અપાતી માવજત નિયંત્રણમાં રાખી શકાતી હોય છે. જ્યારે શિક્ષણક્ષેત્રે થતા પ્રયોગોના પાત્રો જીવંત, ચંચળ અને લાગણીશીલ હોય છે. તેથી તેને અપાતી માવજત પણ જીવંત અને ગતિશીલ હોય છે. પ્રયોગકર્તાના સંપૂર્ણ નિયંત્રણમાં હોતી નથી તેથી પ્રયોગની રૂપરેખાત્મક પાઠ્યસામગ્રી વધુ મહત્ત્વની બને છે.

પ્રયોગો બે રીતે કરી શકાય : વિજ્ઞાનના પ્રયોગો અને ભાષાઓ તથા સામાજિક વિજ્ઞાનોમાં થતા પ્રયોગો. વિજ્ઞાનના સંદર્ભ ગ્રંથોમાં આ પ્રયોગોનું જે વર્ણન રજૂ થાય છે તે પ્રયોગમૂલક રજૂઆત છે. તેમાં પ્રયોગના હેતુઓ, પ્રયોગ કરવાની રીત, અવલોકનો અને તારણો રજૂ થાય છે. વિજ્ઞાનમાં પ્રયોગો કેન્દ્રસ્થાને છે. પ્રયોગોનું અનાત્મલક્ષી વર્ણન એટલે પ્રાયોગિક વર્ણન.

ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનોમાં પણ પ્રયોગો થતા હોય છે. શિક્ષકો પણ વર્ગખંડોમાં પ્રયોગો – સંશોધનો કરતા હોય છે. દા.ત. હસ્તાક્ષર સુધારણાનો પ્રયોગ, ઉચ્ચારણશુદ્ધિનો પ્રયોગ. આવા પ્રયોગો રજૂ કરતું લખાણ એટલે પ્રયોગમૂલક રજૂઆત. આ રજૂઆત અનાત્મલક્ષી હોય છે.

મનોવિજ્ઞાનમાં અધ્યયનને લગતા જે પ્રયોગો થયા તેની રજૂઆત એટલે પ્રયોગમૂલક રજૂઆત. દા.ત. થોર્નડાઇકનો પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણનો પ્રયોગ. કોહ્લરનો આંતરસૂઝના ચિમ્પાન્ઝિ ઉપરના પ્રયોગોનું વર્ણન.

2.3.4 સંકલ્પનાત્મક પાઠ્યસામગ્રી

સંકલ્પના એક સંકુલ શબ્દ છે. તે પોતાનામાં અર્થ, પરિભાષા, લક્ષણ વગેરેનો સમાવેશ કરે છે. કોઈપણ શબ્દ સંકલ્પના બની શકે છે. સંકલ્પનાત્મક પાઠ્યસામગ્રીમાં શબ્દના વાચ્યાર્થ ઉપરાંત ગૂઢાર્થ અને લક્ષણાર્થ – વ્યંજનાર્થનું નિરૂપણ કરવાનું હોય છે. તેથી સ્વાભાવિક રીતે તે ગંભીર પ્રકારની વાચન સામગ્રી બને છે. તેની વાચ્યતા પણ ઘણી ઊંચી હોય છે. તેમાં શબ્દો પણ અપેક્ષાકૃત ક્લિષ્ટ અથવા સામાન્ય વાચક માટે અઘરા હોય છે. આ પ્રકારની

પાઠ્યસામગ્રી વિશિષ્ટ વાચક માટે જ હોય છે, સામાન્ય વાચક માટે નથી. સંકલ્પનાત્મક પાઠ્યસામગ્રીનાં ઉદાહરણો આ મુજબ છે. દા.ત. ઋતુઓની સંકલ્પના, વિજ્ઞાનમાં ઘનતા, ઉષ્મા, શક્તિ વગેરેની સંકલ્પના. ગણિતમાં ત્રિકોણ, ચતુષ્કોણ, સમતલ, વર્તુળ વગેરેની સંકલ્પના.

2.3.5 ઐતિહાસિક પાઠ્યસામગ્રી

ઇતિહાસ શબ્દનો સંધિ વિચ્છેદ કરીએ તો ઇતિ + હાસ. ઇતિ કહેતા ભૂતકાળ અને હાસ કહેતા વૃત્તાન્ત. જે પાઠ્યસામગ્રીમાં ભૂતકાલીન જનજીવન રીતરિવાજો, શિલ્પ સ્થાપત્ય, મુદ્દો અને જય-પરાજય, વેપાર – વાણિજ્ય વગેરે પ્રકારની સામગ્રીની રજૂઆત થઈ હોય તેને ઔતિહાસિક પાઠ્યસામગ્રી કહેવાય. ઐતિહાસિક નવલકથાઓ, નાટકો, નવલિકાઓ અને કાવ્યો વગેરે લખાતાં હોય છે. ક્યારેક-ક્યારેક નિબંધોમાં પણ ઐતિહાસિક બાબતો લખાતી હોય છે. ઐતિહાસિક સ્થળની મુલાકાત પછીના પ્રવાસ વર્ણનોમાં પણ ઐતિહાસિક વિગતો સ્થાન પ્રાપ્ત કરતી હોય છે. ઐતિહાસિક પાઠ્યસામગ્રી હકીકત પ્રધાન હોય છે, ને તે જાણકારી મૂલક રજૂ થતી હોય છે. તેથી શબ્દાવલિ પણ અપરિચિત હોવાની સંભાવના વધુ રહે છે. પરિણામે તેની વાચ્યતા ઘણી ઊંચી રહે છે. આવી સામગ્રી દરેક વાચક માટે રસમય જ હોય એવું ન પણ બને. છતાં તે ભૂતકાલીન જનજીવનનો પરિચય આપનાર સામગ્રી છે, તેથી તેનું આગવું મહત્ત્વ છે.

2.3.6 નીતિ દસ્તાવેજો

રાષ્ટ્રીય બંધારણ, કંપનીઓના ચાર્ટર, સંસ્થાઓના વિઝન, મિશન અને એક્શન વિષયક લખાણો, N.GO નાં જાહેરનામાં, ચૂંટણીપંચનાં જાહેરનામા વગેરે નીતિવિષયક દસ્તાવેજો ગણી શકાય. શિક્ષણને લાગે વળગે છે. ત્યાં સુધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ પંચોના અહેવાલો નીતિવિષયક દસ્તાવેજ કહેવાય. નાણાપંચના જાહેરનામાં, રાષ્ટ્રીય જ્ઞાનપંચના જાહેરનામા, રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ્‌ના જાહેરનામાં નીતિવિષયક દસ્તાવેજ ગણાય. બાળમજૂર અંગેનો કાયદો, નારીસંરક્ષણ અંગેની કાનૂની જોગવાઈઓ, માનવ અધિકાર, વગેરે પ્રકારના બંધારણીય સુધારાને લગતું

સાહિત્ય પણ નીતિવિષયક દસ્તાવેજ કહેવાય છે. તેમની ભાષા, રજૂઆતની શૈલી, તથા આદેશાત્મકતા વગેરે આ પ્રકારના દસ્તાવેજોની લાક્ષણિકતા ગણાય.

2.3.7 સંશોધન અહેવાલ

આધુનિક યુગ સંશોધનનો યુગ છે. તેમાં શિક્ષકને સંશોધકરૂપે જોવામાં આવે છે. તેથી તેમણે સંશોધનો કરતા રહેવું જોઈએ. અત્રે બે પ્રકારના સંશોધન અહેવાલો રજૂ કરવાનો ઉપક્રમ છે. સંશોધન અહેવાલની શૈલી, પ્રસ્તુતિ અને ભાષા વિશિષ્ટ પ્રકારની હોય છે. સંશોધન અહેવાલ લેખનનો ખાસ ઢાંચો નિશ્ચિત હોય છે. ભાષા આલંકારિક હોતી નથી. સંશોધન અહેવાલ મોટાભાગે અનાત્મલક્ષી હોય છે. તેના મુદ્દા ક્રમિક હોય છે. પ્રારંભમાં પ્રસ્તાવના, તેથી પછી સંશોધનનું મહત્ત્વ, સંશોધનના હેતુઓ, મર્યાદાઓ જો જરૂરી હોય તો ઉત્કલ્પનાઓ લખાય છે. તે પછી પૂર્વે થયેલાં સંશોધનો ટૂંકમાં અપાય છે. પ્રસ્તુત સંશોધનની વિશેષતા રજૂ થાય છે. તે પછી વ્યાપવિશ્વ, નમૂનો, સંશોધન ઉપકરણ, માહિતી એકત્રીકરણની રીત, માહિતીનું પૃથક્કરણ, તારણો અને સૂચનો રજૂ થાય છે. આ ઢાંચામાં જ સંશોધન અહેવાલ લખાય છે. છેલ્લે સંદર્ભસૂચિ અપાય છે.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ લખો.

(1) પાઠ્યસામગ્રીના શૈલીગત પ્રકારો જણાવી, કોઈ એક પ્રકારને વિગતે સમજાવો.

(2) સંદર્ભ સામગ્રીની લાક્ષણિકતાઓ જણાવો.

(3) સંકલ્પનાત્મક સામગ્રી અને નિરૂપણાત્મક સામગ્રી વચ્ચેનો તફાવત લખો.

(4) પ્રયોગમૂલક સામગ્રીની રૂપરેખા લખો.

■

પ્રકરણ. 3

વાચન અર્થગ્રહણ

3.1 પ્રસ્તાવના

3.2 વાચન અર્થગ્રહણની સંકલ્પના

3.2.1 અર્થ 3.2.2 ઘટકો

3.2.3 પ્રક્રિયા 3.2.4 સ્તરો

3.2.5 વાચન ઝડપ 3.2.6 વાચનના ભાવ

સ્વાધ્યાય

3.1 પ્રસ્તાવના

વાચન તો મનોશારીરિક પ્રક્રિયા છે. આંખ શરીરનું અંગ છે. તેનાથી મુદ્રિત સામગ્રી જોઈ શકાય છે, પરંતુ એ મુદ્રિત સામગ્રી શું કહેવા માગે છે તે જાણવા માનસિક પ્રક્રિયા થાય છે. વાચન થયું ત્યારે જ ગણાય કે, જ્યારે જોયેલી મુદ્રિત સામગ્રીનો અર્થ સમજાય.

વાચન સામગ્રીનો અર્થ સમજવો એટલે અર્થગ્રહણ કરવું. પ્રસ્તુત પ્રકરણમાં વાચન અર્થગ્રહણ વિશે વિગતે વાત રજૂ કરવામાં આવી છે.

3.2 વાચન અર્થગ્રહણની સંકલ્પના

સંકલ્પના ઘણો સંકુલ શબ્દ છે. તેની અંતર્ગત અર્થગ્રહણનો અર્થ, અર્થગ્રહણના ઘટકો, અર્થગ્રહણની પ્રક્રિયા તથા તેમાં જ્ઞાનાત્મક તથા અભિજ્ઞાનાત્મક વિનિયોગ, અર્થગ્રહણનાં સ્તરોનો સમાવેશ થાય છે. તેથી પ્રથમ વાચન અર્થગ્રહણનો અર્થ જાણીએ...

3.2.1 અર્થ

સમગ્ર વાચનપ્રક્રિયામાં અર્થગ્રહણ એ વાચકે પ્રાપ્ત કરવાનું સૌથી અગત્યનું અને જરૂરી કૌશલ્ય છે.

❑ **સામાન્ય અર્થ :**

વાચક શબ્દનો, શબ્દસમૂહનો કે ફકરાનો અર્થ સમજે તો તેનામાં અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થયેલો છે, એમ કહી શકાય.

- "સારો વાચક શબ્દનો અર્થ સંદર્ભમાં કરે છે." એ આપણે જાણીએ છીએ કે, એક જ શબ્દના અર્થ જુદા-જુદા સંદર્ભમાં જુદો-જુદો થાય છે. આ અર્થગ્રહણ કૌશલ્યનું એક અગત્યનું ઘટક છે.
- વાંચનાર જે વાચનસામગ્રી વાંચે છે, તેના સંદર્ભમાં જ શબ્દનો અર્થ સમજે તો જ એ સાચું અર્થગ્રહણ કરી શકે છે.
- "ફકરો સમજવો એ સામાન્ય કામ નથી. અર્થગ્રહણ કરવાની પ્રક્રિયા ગણિતશાસ્ત્રમાં સમસ્યા ઉકેલવા જેવી છે." — **થોર્નડાઈક**

જ્હોન જે. ડેવ્યોર કહે છે, Reading is an active process reaching and searching for meaning. અર્થાત્ વાચન એ અર્થ સંશોધવાની અને પ્રાપ્ત કરવાની (સમજવાની) સક્રિય પ્રક્રિયા છે.

રોબિન્સન વાચનનો અર્થ આ રીતે સમજાવે છે : *"Reading ability is the ability to preceive and interpret the sound and symbols."* અર્થાત્ વાચનશક્તિ એટલે સંજ્ઞાઓ અને ધ્વનિઓનું પ્રત્યક્ષીકરણ સાધી તેનો અર્થ ઘટાડવાની શક્તિ.

આલબર્ટ હેરિસના વિચાર અનુસાર, શબ્દરૂપી ઈંટોથી વિચાર દૃશ્યમાન થાય છે.

વાચન સંબંધી ઉપરોક્ત તમામ અભિપ્રાયોનું તાત્પર્ય એવું નીકળી શકે કે અર્થગ્રહણ એ વાચનપ્રક્રિયાનું અંતિમ સોપાન છે. અર્થગ્રહણ વગર વાચન થયું ન ગણાય. ટૂંકમાં, વાચન પ્રક્રિયાનું કેન્દ્ર અર્થગ્રહણ છે. વાચન

પ્રક્રિયામાં અર્થગ્રહણ પ્રક્રિયા અનિવાર્ય અંગ છે. ત્યારે વાચન શિક્ષણ કરવા નીકળેલા વાચન શિક્ષકે વાચન અર્થગ્રહણનો અર્થ સારી રીતે જાણી લેવો જોઈએ, સમજી લેવો જોઈએ.

વાચન અર્થગ્રહણનો અર્થ જુદા જુદા વાચન વિજ્ઞાનીઓ આ મુજબ આપે છે. ડિચાન્ટના અભિપ્રાય મુજબ, વાચક શબ્દનો અર્થ સંદર્ભમાં કરે છે. મોટાભાગના શબ્દો અનેકાર્થી હોય છે. ત્યારે વાચક સામગ્રીના સંદર્ભમાં તેને અર્થ ગ્રહણ કરે છે. તેથી જો વાચક વાચન સામગ્રીના સંદર્ભમાં સાચો અર્થ કરી શકતો હોય તો તેણે અર્થગ્રહણ કર્યું છે તેમ કહી શકાય. આ ઉપરથી વાચન અર્થગ્રહણનો અર્થ આ મુજબ થઈ શકે. વાચનસામગ્રીનું મહત્ત્વનું ઘટક એવા શબ્દોનો સામગ્રીના સંદર્ભમાં અર્થ કરવો એટલે અર્થગ્રહણ. આ દૃષ્ટિએ અર્થ પામવાની વસ્તુ છે. વાચકે એ માટે શબ્દોની આસપાસના સંદર્ભો તપાસવા પડે છે. અને સર્વથા યોગ્ય સંદર્ભમાં શબ્દને મુલાવવો પડે છે, અર્થ તારવવો પડે છે.

પ્રસિદ્ધ શિક્ષણ મનોવિજ્ઞાની થોર્નડાઈક અર્થગ્રહણનો અર્થ આ રીતે આપે છે. વાચક માટે વાચન સામગ્રી એક પ્રકારની સમસ્યા હોય છે. જેમ અધ્યેતા કોઈ સમસ્યાનો ઉકેલ શોધવા વ્યવસ્થિત, સોપાનબદ્ધ પ્રક્રિયા કરે છે તેમ વાચક પણ મુદ્રિત વાચ્ય સામગ્રીને સમજવા વ્યવસ્થિત, સોપાનબદ્ધ કાર્ય કરે છે. પ્રથમ તે વાચન સામગ્રી પાયાનાં એકમ સમા શબ્દને વાક્યના સંદર્ભમાં સમજે છે અથવા કહો કે તે અર્થ કરે છે. આમ વાક્યમાં પરોવાયેલા શબ્દોના અર્થ મળ્યા પછી વાચ્ય સામગ્રીના અનુચ્છેદના અન્ય વાક્યોના સંદર્ભમાં તે વાક્યાર્થ કરે છે. પછી છેવટે તે સમગ્ર અનુચ્છેદનો અર્થ કરે છે. આ દરમિયાન તેણે અગાઉ ધારેલા અર્થમાં પરિવર્તનની જરૂર જણાય તો વાચક અર્થ પરિવર્તન પણ કરે છે. આમ, અર્થગ્રહણ એટલે ક્રમશઃ સમગ્ર અર્થબોધ કરવાની પ્રક્રિયા.

આમ, ટૂંકમાં, અર્થગ્રહણ એટલે....

➡ સંબંધિત વિગતો અને તથ્યોની સમજ મેળવવી.

➡ મુખ્ય વિચાર કે કેન્દ્રવર્તી વિચાર પામવો.

- આપેલી સૂચનાઓ સમજવી.
- સમય, સ્થળ, ઘટના અને તબક્કાઓના ક્રમને ઓળખી બતાવવો.
- નિષ્કર્ષ કે તારણો ઓળખવાં.
- સામાન્યીકરણ કરવું.
- અનુમાન તારવવાં.
- પરિણામોની ધારણા બાંધવી.
- લખાણમાં વ્યક્ત થયેલાં ધ્વનિ, મનોભાવ અને ભાવનાને આધારે લેખકનો હેતુ નક્કી કરવો.
- ઘટના અને પાત્રો તથા કાર્ય અને કારણ વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરવા.

શબ્દની અર્થપ્રાપ્તિ એ અર્થગ્રહણના પાયામાં રહેલી શક્તિ છે. વાચક જ્ઞાન માટે વાંચતો હોય કે આનંદ માટે વાંચતો હોય, છતાં એ જે વાંચે છે એનો અર્થ, જો એ સમજે તો, એનામાં અર્થગ્રહણ શક્તિનો વિકાસ થયો છે, એમ કહી શકાય. જો કે, અર્થગ્રહણ કૌશલ્યમાં વ્યક્તિગત તફાવતો જોવા મળે છે. અર્થગ્રહણનો આધાર વાચનસામગ્રીની કઠિનતા વાચ્યતા અને વાચન ઉદ્દેશ્ય ઉપર રહેલો હોય છે, તેથી અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ કરવા માટે અથવા તેના શિક્ષણ માટે, અર્થગ્રહણ કૌશલ્યના વિવિધ ઘટકો કયાં-કયાં છે, તે જાણવું ખૂબ જ અગત્યનું છે.

3.2.2 અર્થગ્રહણના ઘટકો

વાચન અર્થગ્રહણની સંકલ્પના સમજ્યા પછી હવે વાચન અર્થગ્રહણના ઘટકો અંગે વિચારીએ. જો કે વાચન અર્થગ્રહણ પણ વાચન પ્રક્રિયાનો જ અંતર્ગત ભાગ છે તેથી તેના ઘટકો વાચનપ્રક્રિયાના ઘટકો સાથે સુમેળ ધરાવતા હોય છે. જેમ વાચનમાં વાચનસામગ્રી સ્થિર હોય છે ને વાચક સક્રિય હોય છે તેમ અર્થગ્રહણમાં પણ વાચકની સક્રિયતા અગત્યની છે. અર્થ વાચન-સામગ્રીમાં નથી, અર્થ તો વ્યક્તિના મસ્તિષ્કમાં હોય છે. વાચન–સામગ્રી રૂપી ઉદ્દીપન જ્યારે આંખ સમક્ષ આવે ત્યારે અર્થગ્રહણનું બૌદ્ધિક કમળ

ખીલી ઊઠે છે ને વાચનસામગ્રીના અર્થો તારવવામાં આવે છે. જે અર્થ વાચન સામગ્રી સાથે બંધબેસતો આવે છે તેને વાચક ગ્રાહ્ય રાખે છે. આમ અર્થગ્રહણ પ્રક્રિયા પૂરી થાય છે તેના ઉપરથી આ મુજબના ઘટકો તારવી શકાય :

❑ **શબ્દ પ્રત્યભિજ્ઞા :**

વાચનસામગ્રી શબ્દોનો સમુચ્ચય હોય છે. વાચનસામગ્રીના વાચન સમયે વાચકની પહેલી મુલાકાત શબ્દ સાથે થાય છે. આમ તો વર્ણ સાથે પરંતુ વર્ણને કોઈ અર્થ નથી માટે શબ્દ એકમને સ્વીકારવામાં આવે છે. શબ્દ વાક્યનું સૌથી નાનું સાર્થક એકમ છે. વાચકની પહેલી નજર શબ્દ ઉપર પડે છે. તે વર્ણોને ઓળખીને એ વર્ણસમૂહને શબ્દરૂપે ઓળખે છે ત્યારે જ અર્થગ્રહણની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. વાચક શબ્દને અર્થ હોવાની બાબતથી જ્ઞાત થાય છે. તેથી તેના વાચન સમયે જ તેનો અર્થ વાચકના મસ્તિષ્કમાં સ્ફુટ થાય છે. આ આખી બાબતને શબ્દ પ્રત્યભિજ્ઞા ઘટક ગણવામાં આવે છે. શબ્દના અર્થને જાણવો તે શબ્દાર્થગ્રહણ કહેવાય.

વાચક શબ્દનો અર્થ પોતાના પૂર્વાનુભવના સંદર્ભમાં મેળવતો હોય છે. એ સિવાય વાચન સામગ્રીમાં આવતાં શબ્દો કે શબ્દસમૂહના સંદર્ભમાં તે અર્થ મેળવી લેતો હોય છે. શબ્દ અનેકાર્થી હોય છે, પરંતુ તે પૈકીનો ચોક્કસ અર્થ તો સંદર્ભ અનુસાર નક્કી થતો હોય છે.

શબ્દ પ્રત્યભિજ્ઞા એ વાચન અર્થગ્રહણનો પાયાનો ઘટક છે. શબ્દ પ્રત્યભિજ્ઞા વગર અર્થગ્રહણ સંભવ નથી. તેથી જ વાચન અર્થગ્રહણ ક્ષમતાના વિકાસ કાર્યક્રમમાં શબ્દ પ્રત્યભિજ્ઞા કૌશલની ખિલવણી ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.

❑ **વાક્ય પ્રત્યભિજ્ઞા :**

શબ્દ પછી બીજું ઘટક છે વાક્ય. વાક્યની ઓળખ અને વાક્યના અર્થગ્રહણ માટે વાક્યમાં પ્રયોજિત શબ્દોના આંતર સંબંધોને સમજવાને વાક્ય પ્રત્યભિજ્ઞા કહે છે. શબ્દને અર્થ છે, પણ તે શંકાનું સમાધાન કરતો નથી. પણ, પ્રશ્નો જન્માવે છે. પરંતુ શબ્દ જ્યારે વાક્યમાં પ્રયોજાય છે ત્યારે એક સંતોષજનક

અર્થ નિષ્પત્તિમાં પોતાનો ફાળો આપે છે. આથી વાક્ય સાર્થક બને છે. વાક્યના અર્થને પામવો તે વાક્યાર્થ ગ્રહણ ગણાય. વાક્યને સુપેરે સમજ્યા વગર અનુચ્છેદનું અર્થગ્રહણ શક્ય નથી બનતું. વાચક જ્યારે વાચન સામગ્રીમાં ગૂંથાયેલી નાની–મોટી જરૂરી વિગતો સમજી શકે, તથા તત્સંબંધી પૂછાયેલા પ્રશ્નોના જવાબો આપી શકે ત્યારે વાચકે, વાક્યાર્થ.ગ્રહણ કર્યો છે, તેમ કહી શકાય. વાક્યાર્થ ગ્રહણને વાક્ય પ્રત્યભિજ્ઞા કહી શકાય. આ રીતે વાક્ય પ્રત્યભિજ્ઞા વાચન અર્થગ્રહણનું અગત્યનું ઘટક બને છે.

❑ **અનુચ્છેદ અર્થગ્રહણ :**

શબ્દાર્થ ગ્રહણ, વાક્યાર્થ ગ્રહણ અને ત્રીજો ઘટક અનુચ્છેદનું અર્થગ્રહણ. વાક્યોનો સમૂહ એટલે અનુચ્છેદ. વાક્યનો સાર્થક સમૂહ એટલે અનુચ્છેદ. કોઈ વિચાર કે સંકલ્પનાનું વિવરણ એટલે અનુચ્છેદ અર્થગ્રહણ. વાચક શબ્દમાત્રનું વાચન કરી અટકી જતો નથી કે વાક્ય વાંચીને સંતુષ્ટ થતો નથી તેને તો માહિતી મેળવવી છે માટે જ્યાં સુધી માહિતી પૂરતી ન મળે ત્યાં સુધી તે વાંચતો રહે છે.

શબ્દના આંતર સંબંધો સમજીને વાચક વાક્યાર્થ મેળવે છે. તે જ રીતે વાક્યો વચ્ચેના આંતરસંબંધો કેળવીને–સમજીને તે અનુચ્છેદનું અર્થગ્રહણ કરે છે. વાક્યો વાક્યો વચ્ચે અર્થ સંબંધો હોય છે. આ અર્થ સંબંધોને ઓળખવા એ અનુચ્છેદના અર્થગ્રહણ માટે ખૂબ જરૂરી છે. અર્થ સંબંધોને ઓળખવા એ એક પ્રકારનું કૌશલ છે. બધા વાચકો પાસે એ કૌશલ હોતું નથી, તેથી તેમનું અર્થગ્રહણ કૌશલ પણ નબળું રહી જતું હોય છે.

❑ **કૃતિનું અર્થગ્રહણ :**

કૃતિ કે રચના એ લેખકની અભિવ્યક્તિનું પરિણામ છે. કૃતિ એ વિચાર કે ભાવ તંતુઓથી ગૂંથાયેલ અનુચ્છેદના સમુચ્ચયનું નામ છે. વાચકનું વાચન માટેનું અંતિમ લક્ષ્ય કૃતિને સમજીને આનંદ મેળવવાનું હોય છે. પરંતુ આ માટે તેણે કૃતિનું અર્થગ્રહણ કરવું પડતું હોય છે, વાક્યાર્થ ગ્રહણ કે અનુચ્છેદ અર્થગ્રહણ અપેક્ષાકૃત સરળ કાર્ય છે, પરંતુ કૃતિનું અર્થગ્રહણ જટિલ કાર્ય

છે. એ માટે વાચકની વધુ સજ્જતાની અપેક્ષા રહે છે. વાચન અર્થગ્રહણનો અંતિમ ઘટક એટલે કૃતિનું અર્થગ્રહણ. જેમ કોઈ ઇમારત ચણવા કડિયો ઈંટો પર ઈંટો ગોઠવે છે, વાચન અર્થગ્રહણ પણ કંઈક અંશે આવી જ પ્રક્રિયા છે. વાચક કૃતિનો અર્થબોધ કરવા પેલા કડિયાની પેઠે શબ્દરૂપી ઈંટો પ્રથમ ગોઠવે છે, ત્યાર બાદ વાક્યોને ગોઠવે છે ને વાચ્ય સામગ્રીને કૃતિનો આકાર આપે છે. વાચક અર્થગ્રહણની સીડી પણ આ રીતે જ ચડે છે. પ્રથમ શબ્દાર્થ, પછી વાક્યાર્થ, પછી અનુચ્છેદના અર્થ ને અંતે એ બધાનું સંયોજન કરીને કૃતિનું અર્થગ્રહણ કરાય છે. કૃતિ પોતાની રીતે સંપૂર્ણ એકમ છે. વાચકે તેને એક એકમ રૂપે સમગ્રતાથી જોવી પડે છે ને તો જ તેનું અર્થગ્રહણ શક્ય બને છે. ત્યારે વાચકે પોતાની ઉચ્ચતમ માનસિક ક્ષમતાઓનો ઉપયોગ કરવો પડે છે. ઉચ્ચતમ ભાષિક કૌશલ્યોનો વિનિયોગ કરવો પડે છે.

3.2.3 વાચન અર્થગ્રહણ પ્રક્રિયા

વાચન એ અનેક ક્રિયાઓનું પરિણામ છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે વાચન સમયે દેહધર્મ ક્રિયાઓ તથા મનોધર્મ ક્રિયાઓ થતી હોય છે. તે પૈકીની આંખ મુદ્રિત સામગ્રીને જુએ એટલે જોવાની ક્રિયા, નજર ડાબેથી જમણી બાજુ ખસે એટલે ખસવાની ક્રિયા, નજર ખસતાં ખસતાં ઠેકડા મારે એ ઠેકડા મારવાની ક્રિયા, ઠેકડા મારતાં મારતાં અટકે, થંભે એ અટકવાની ક્રિયા, નજર તો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મુદ્રિત સંજ્ઞાઓ જુએ, એટલે નજરની પ્રત્યક્ષ અને પરોક્ષ જોવાની ક્રિયા...ખસતાં ખસતાં, ઠેકડા મારતાં મારતાં વચ્ચે કોઈ અવરોધ આવે તો પુનઃદૃષ્ટિ કરવાની ક્રિયા. અલબત્ત, દેહધર્મક્રિયાની શરૂઆત પછી તરત જ મનોધર્મ ક્રિયા શરૂ થઈ જાય છે. મનોધર્મ ક્રિયા પ્રત્યક્ષીકરણ સુધી વિસ્તરે છે. જ્યારે પ્રત્યક્ષીકરણમાં વિક્ષેપ પડે છે ત્યારે, વાચનમાં પુનઃદૃષ્ટિ કરવી પડે છે. આ વિક્ષેપ મુદ્રિત સંજ્ઞાના જોવામાં પણ થઈ શકે છે ને આ વિક્ષેપ મુદ્રિત સંજ્ઞાના બોધાત્મક ક્રિયામાં પણ થઈ શકે છે. આ બોધાત્મક ક્રિયાને અર્થગ્રહણ ક્રિયા કહેવામાં આવે છે. વાચન સામગ્રીમાં રહેલા ચાવીરૂપ શબ્દો/સંજ્ઞાઓનો સાચો અર્થબોધ થઈ જાય તો વાચન સામગ્રી સમજાય જાય, ગળે ઊતરી જાય...આ ક્રિયાને જ અર્થગ્રહણ કહેવાય.

અર્થગ્રહણ એક પ્રકારની માનસિક ક્રિયા છે. વાચન માટે મહત્ત્વની માનસિક ક્રિયા છે. વાચન ઉપક્રમની સાર્થકતાની કસોટી છે. અર્થગ્રહણ વગરના વાચનને વાચન કહેવાતું નથી. વાચક વાચન જ એટલા માટે કરે છે કે તેનો કશોક અર્થગ્રહણ કરી શકે. વાચનનાં મહત્ત્વ વર્ણવતાં લખેલું કે વાચન વાચકની મનોક્ષિતિજો વિસ્તારે છે. વાચન વાચકની બુદ્ધિને તીક્ષ્ણ બનાવે છે, વાચન વાચકના સંવેદન તંત્રને મઠારે છે. વાચન આ બધાં પ્રકાર્યો ત્યારે જ કરી શકે કે જ્યારે વાચક વાચન–સામગ્રીનું અર્થગ્રહણ કરી શક્યો હોય. અર્થગ્રહણ વગરનું વાચન એ તો પોથીમાંનાં રીંગણાં સમાન છે. આમ, વાચનમાં અર્થગ્રહણ એ મહત્ત્વની પ્રક્રિયા છે, તેને વાચનથી વેગળી કરી શકાતી નથી.

જો કે, અર્થબોધ કરવાની ક્ષમતા મનુષ્યને મળેલ ઈશ્વરીય શ્રેષ્ઠ વરદાન છે. તે જન્મદત્ત છે તો પણ તેને કેળવી શકાય છે, તેને મઠારી શકાય છે. વાચન અર્થગ્રહણ ક્ષમતા વધારવાના હેતુથી ઘણા કાર્યક્રમો તૈયાર થયા છે. વાચન અર્થગ્રહણ એક અગત્યની ક્રિયા છે. વાચન શિક્ષણનો હેતુ વાચનક્ષમતાને વિકસિત કરવાનો છે. તેનું તાત્પર્ય પણ અર્થગ્રહણ ક્ષમતાને વિકસિત કરવાનું છે. વાચનની દેહધર્મ ક્રિયામાં મુદ્રિત સંજ્ઞાને જોવી અને ઓળખવી એ પાયાની ક્રિયા છે તેમ વાચનની મનોધર્મ ક્રિયાઓમાં અર્થબોધ કે અર્થગ્રહણ પાયાની ક્રિયા ગણાય છે.

અર્થગ્રહણ એ કોઈ સ્વતંત્ર, સ્વાયત્ત માનસિક ક્રિયા નથી, બલકે બીજી અનેક નાની મોટી ક્રિયાઓ તેની સાથે સંકળાયેલી, ગૂંથાયેલી હોય છે. તેથી એમ કહી શકાય કે, અર્થગ્રહણ એ અનેક માનસિક ક્રિયાઓનું પરિણામ છે.

વાચન પ્રક્રિયાનું હાર્દ અર્થગ્રહણ પ્રક્રિયા છે. તેમાં વાચક શબ્દનો, શબ્દ સમૂહોનો કે અનુચ્છેદોનો અર્થ સમજે છે. અનુભવી વાચક સમગ્ર કૃતિ કે સમગ્ર વાચ્ય સામગ્રીનો અર્થબોધ કરતો હોય છે. આ શક્તિને વાચન અર્થગ્રહણ શક્તિ કહેવાય. ડિચાન્ટના અભિપ્રાય અનુસાર, સારો વાચક કે સાચો વાચક શબ્દનો અર્થ સંદર્ભમાં કરતો હોય છે. આમ જોઈએ તો, શબ્દના બે અર્થો થતા હોય છે : (1) કોશગત અર્થ, (2) સંદર્ભગત અર્થ. ઘણીવાર

એવું બનતું હોય છે કે, કોશગત અર્થ અને સંદર્ભગત એક જ હોય પણ કેટલીકવાર શબ્દનો કોશગત અર્થ મર્યાદિત હોય અને સંદર્ભગત વ્યાપક પણ હોય. આમ બંને અર્થ જુદા પડતા હોય. વાચકે મોટે ભાગે સંદર્ભગત અર્થ ઘટાવવો જરૂરી છે. અર્થગ્રહણનો મુખ્ય ઘટક જ શબ્દાર્થગ્રહણ છે. ભાષા વિજ્ઞાન અનુસાર, ભાષાનો લઘુતમ ઘટક શબ્દ છે ને ગુરુતમ ઘટક વાક્ય છે. શબ્દનો અર્થ જાણ્યા પહેલાં વાક્યનો સાચો અર્થ મળી શકતો નથી.

અર્થગ્રહણ પ્રક્રિયાને સમજાવતાં થોર્નડાઇક કહે છે કે, ફકરાને સમજવો એ સંકુલ પ્રક્રિયા છે. અર્થગ્રહણ કરવાની પ્રક્રિયા ગણિતશાસ્ત્રમાં સમસ્યા ઉકેલવા જેવી છે. સમસ્યાઉકેલ માટે હેતુઓ, આપેલ મુદ્દાઓ, આ મુદ્દાઓ વચ્ચેના સંબંધો, તેમની ગોઠવણી વગેરેનું અર્થઘટન કરવામાં આવે છે ત્યારે અર્થગ્રહણ દ્વારા મહત્ત્વના મુદ્દાઓની તારવણી, ગૌણ મુદ્દાઓની વધઘટ અને તેમની યોગ્ય ક્રમમાં ગોઠવણી કરવાની જરૂર રહે છે.

ટૂંકમાં, જેનું વાચન અર્થગ્રહણ સારું હશે તેનાં વર્તનો આ મુજબનાં હશે.

- તે વિચારોને પોતાના શબ્દોમાં અભિવ્યક્ત કરી શકશે.
- અભિવ્યક્તિનાં સમાંતર સ્વરૂપોનો ઉપયોગ કરી શકશે.
- સંજ્ઞાઓ કે પ્રતીકો દ્વારા વિધાનોનું સંક્ષેપીકરણ કરી શકશે.
- શાબ્દિક માહિતીને યોગ્ય આલેખ દ્વારા રજૂ કરી શકશે.
- નિશ્ચિત શબ્દોમાં રજૂ થયેલી માહિતી વિવિધ શબ્દોમાં અભિવ્યક્ત કરી શકશે.
- પ્રતીકાત્મક કે સંજ્ઞાત્મક પરિભાષાને સરળ ભાષામાં સમજાવી શકશે.
- ઉદાહરણો પરથી સિદ્ધાન્ત તારવી શકશે અને સિદ્ધાંતને અનુરૂપ ઉદાહરણ આપી શકશે.
- આવશ્યક અને અનાવશ્યક વચ્ચે તફાવત કરી શકશે.
- પ્રસ્તુત માહિતીને આધારે અનુમાન કરી શકશે.
- ભાવિ પ્રવાહોની આગાહી કરી શકશે.

- નમૂનાના આધારે વ્યાપવિશ્વનું અનુમાન કરી શકશે.
- માહિતીની ખરાઈ ચકાસ્યા પછી નોંધ કરી શકશે.
- ઉપલબ્ધ માહિતી પૂર્ણ છે કે અપૂર્ણ છે, તે નક્કી કરી શકશે.
- ઉપલબ્ધ માહિતી પરથી નવા વિચારો કરી શકશે.
- પ્રસ્તુત માહિતીની ખૂટતી કડીઓ જોડી શકશે.

⇒ **વાચન અર્થગ્રહણ અને જ્ઞાનાત્મક તથા અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા**

વાચન અર્થગ્રહણ એક પ્રકારની માનસિક પ્રક્રિયા છે, તેટલી જ જ્ઞાનાત્મક પ્રક્રિયા છે. જ્ઞાનાત્મક પ્રક્રિયાનું વિશ્લેષણ કરતાં તારવવામાં આવ્યું હતું કે અધ્યેતા પ્રથમ તથ્યાત્મક જ્ઞાન પ્રાપ્ત કરે છે પછી સંકલ્પનાત્મક જ્ઞાન અને છેલ્લે પ્રક્રિયાત્મક જ્ઞાન પ્રાપ્ત કરે છે. પરંતુ અધિબોધાત્મક જ્ઞાન તો તે પરિપક્વતા પ્રાપ્ત કર્યા પછી મેળવે છે. જ્ઞાનપ્રાપ્તિ એ અર્થગ્રહણાત્મક પ્રક્રિયા છે જ્યારે ઉદ્દીપન અંગે તે વિચારે છે ત્યારે જ ઉદ્દીપનના બોધની પ્રક્રિયા શરૂ થાય છે. અર્થગ્રહણનું પ્રથમ સ્તર શાબ્દિક અર્થગ્રહણ એ જ્ઞાનપ્રાપ્તિનું પ્રથમ ચરણ તથ્યાત્મક જ્ઞાન સાથે સંબંધિત છે. આ તબક્કે અધ્યેતા ઉદ્દીપનનો અર્થ જાણે છે. વાચનના ક્ષેત્રમાં ઉદ્દીપન એ પાઠ્યસામગ્રી હોય છે, તેથી તેનો જ્ઞાનાત્મક અર્થ જાણવો એ અર્થગ્રહણ પ્રક્રિયાનું પહેલું સોપાન છે.

અધિબોધાત્મક જ્ઞાન એ જ્ઞાનપ્રાપ્તિનું અંતિમ ચરણ છે, તો અર્થઘટનાત્મક અર્થગ્રહણ અને મૂલ્યાકનાત્મક અર્થગ્રહણ પણ અર્થગ્રહણ પ્રક્રિયાનું અંતિમ ચરણ છે. અધિબોધાત્મક જ્ઞાન ઉચ્ચતર જ્ઞાન છે. જે કોઈ તત્ત્વ, પદ્‌ગળ કે બાબતનું અધિબોધાત્મક જ્ઞાન એટલે એ તત્ત્વ, પુદ્‌ગલ કે બાબતનું તથ્યાત્મક જ્ઞાન, સંકલ્પનાત્મક જ્ઞાન અને પ્રક્રિયાગત જ્ઞાન આ બધાનો સમાવેશ કરીને વિકસેલું જ્ઞાન. અર્થગ્રહણ પ્રક્રિયામાં પણ પાઠ્યસામગ્રીનું અભિધાત્મક જ્ઞાન મળ્યા પછી જ તે પાઠ્યસામગ્રીનું અર્થઘટન થઈ શકે. જ્ઞાનનું સંકલ્પનાત્મક જ્ઞાન સ્તર આ સ્તરના અર્થગ્રહણ સંબંધિત છે. પછી જ્યારે આ બધા જ્યારે આ બધા જ્ઞાન પ્રકારો એકત્ર થઈ નવું જ્ઞાન રચે તે અધિબોધાત્મક જ્ઞાન ગણાય. એ જ પ્રમાણે અર્થગ્રહણ પ્રક્રિયા

શાબ્દિક અર્થગ્રહણથી આગળ વધી અર્થઘટનીય સ્તરના અર્થ ગ્રહણે સ્તરે પહોંચે છે તે પછી પાઠ્યસામગ્રીના મૂલ્યાંકન સ્તરે આવે છે ત્યારે પાઠ્યસામગ્રીનું અધિબોધાત્મક જ્ઞાન પાયારૂપ ભૂમિકા ભજવે છે. પાઠ્યસામગ્રીનું અધિબોધાત્મક જ્ઞાન અર્થગ્રહણના મૂલ્યાંકનાત્મક સ્તરને પોષે છે, સિદ્ધ કરે છે. પાઠ્યસામગ્રીના અધિબોધાત્મક જ્ઞાન વગર પાઠ્યસામગ્રીનું મૂલ્યાંકનાત્મક સ્તરનું અર્થગ્રહણ થઈ શકતું નથી.

3.2.4 વાચન અર્થગ્રહણનાં સ્તરો (Levels)

ઘણા વિદ્વાનોએ વાચન અર્થગ્રહણને સમજવા પ્રતિકૃતિ પ્રતિમાનો રજૂ કરે છે. બેરેટે વાચન અર્થગ્રહણના જ્ઞાનાત્મક અને ભાવાત્મક પાસાંને લગતી ટેક્સોનોમી આપી. તેના અનુસાર શાબ્દિક અર્થગ્રહણ સ્તર. તેને સાહિત્યિક અર્થગ્રહણ સ્તર કહેવામાં આવે છે. તેમાં શાબ્દિક અર્થગ્રહણ કેન્દ્રમાં છે. પાઠ્યાંશનો વાચ્યાર્થ મેળવવો એ શાબ્દિક અર્થગ્રહણ સ્તરનું અર્થગ્રહણ ગણાય તેમાં પ્રત્યભિજ્ઞા અને સ્મરણ જેની માનસિક ક્ષમતાઓનો ઉપયોગ થાય છે. બેરેટ અનુસાર અર્થગ્રહણનું બીજું સ્તર આનુમાનિક અર્થગ્રહણ છે. તેમાં વાચક પાઠ્યાંશમાં રજૂ થયેલ વિચારો અને માહિતીનો ઉપયોગ કરી વાચકે કરેલી પૂર્વધારણાઓને ચકાસે છે. આ માટે તે કેન્દ્રથી દૂર જતા વિચારનો ઉપયોગ કરે છે. બેરેટ અનુસાર વાચન અર્થગ્રહણનું ત્રીજું સ્તર મૂલ્યાંકન સ્તર છે. આ સ્તરે વાચક બર્હિગત માપદંડ સાથે પાઠ્યાંશમાં રજૂ થયેલા વિચારોનું મૂલ્યાંકન કરે છે. આમ બેરેટે વાચન અર્થગ્રહણનાં ત્રણ સ્તરો દર્શાવ્યા હતાં.

આ બધી રજૂઆતોને આધારે વાચન વિજ્ઞાનમાં અર્થગ્રહણનાં ત્રણ સ્તરો સ્વીકાર પામ્યાં છે, તે આ મુજબ છે :

(1) સાહિત્યિક કે શાબ્દિક અર્થગ્રહણ

(2) અર્થઘટનીય સ્તરનું અર્થગ્રહણ

(3) મૂલ્યાંકન સ્તરનું અર્થગ્રહણ

એટલે કે, વાચક શરૂઆતમાં શાબ્દિક અર્થગ્રહણ કરે છે. પછી વાચનાનુભવ વધતાં તે અર્થઘટનીય સ્તરનું અર્થગ્રહણ કરવા સક્ષમ બને છે, અને પછી પુખ્ત વાચક બનતાં તે પાઠ્યસામગ્રીનું મૂલ્યાંકન સ્તરીય તેને બીજા શબ્દોમાં અનુભાવન સ્તરનું અર્થગ્રહણ કરી શકે છે.

(અ) શાબ્દિક કે સાહિત્યિક અર્થગ્રહણ સ્તર :

સાહિત્યશાસ્ત્રના અભ્યાસીઓ શબ્દશક્તિ જાણતા હશે. તેમાં અભિધા શબ્દ શક્તિની વાત આવે છે. અભિધા એટલે શબ્દાર્થ. તેના ઉપરથી શબ્દ બન્યો અભિધાર્થ. વાચન વિજ્ઞાનમાં તેને શબ્દાર્થ અર્થગ્રહણ સ્તર કહે છે. વાચક જે વાંચે છે, જે પાઠ્યસામગ્રી છે, તેના અર્થો તે જાણી શકે છે, સમજી શકે છે, સૂચનાપટલ પર લખેલી સૂચનાઓ વાંચી–સમજી શકે છે, સમાચાર પત્રો વાંચી શકે છે ને સમજી શકે છે. આ અર્થગ્રહણ સ્તરે વાચક વાંચેલી સામગ્રીને વિગતે પોતાના શબ્દોમાં રજૂ કરી શકે છે. વાંચન શીખનાર શિશુ વાચકો કે નિમ્ન પ્રાથમિક કક્ષાના અધ્યેતાઓ પાસે આ સ્તરના અર્થગ્રહણની અપેક્ષા રાખી શકાય છે

જો કે, આ અર્થગ્રહણ સ્તર પાયાનું અર્થગ્રહણ સ્તર છે. બાકીનાં બન્ને સ્તરો – અર્થઘટનીય અર્થગ્રહણ તથા મૂલ્યાંકનાત્મક અર્થગ્રહણ સ્તર – તેની ઉપર આધારિત છે. જો પાયાનું શાબ્દિક અર્થગ્રહણ સ્તર વાચકે પ્રાપ્ત ન કર્યું હોય તો બીજાં બન્ને અર્થગ્રહણ સ્તર તે સિદ્ધ કરી શકતો નથી. એટલે કે, કોઈ વાચક શાબ્દિક અર્થગ્રહણ સ્તરને ટાળીને સીધો અર્થઘટનાત્મક અર્થગ્રહણ સ્તર કે મૂલ્યાંકનાત્મક અર્થગ્રહણ સ્તર સિદ્ધ કરી શકતો નથી.

(બ) અર્થઘટનીય અર્થગ્રહણાત્મક સ્તર

સાહિત્યશાસ્ત્રમાં જેને લક્ષ્યાર્થ કહેવામાં આવે છે, તેને વાચન વિજ્ઞાનમાં અર્થઘટનીય અર્થગ્રહણ કહેવામાં આવે છે. અહીં વાચક શબ્દ કે શબ્દસમૂહનાં લક્ષણને આધારે તેના અર્થગ્રહણ કરે છે. જ્યારે વાચક શબ્દોના સંદર્ભમાં અર્થ શોધી શકે. પાઠ્યસામગ્રીનો મુખ્ય વિચાર જાણી શકે, પાઠ્યસામગ્રીમાં સંકળાયેલા, ગૂંથાયેલ ગૌણ તથ્યો કે બાબતોનું સંકલન કરી શકે. વાંચેલી વિગતોને શીર્ષક આપી શકે. લેખકોના આશ્રય–ઇરાદો જાણી શકે ત્યારે વાચકે અર્થઘટનીય સ્તર સિદ્ધ કર્યું છે, તેમ કહી શકાય. માધ્યમિક કક્ષાના અધ્યેતા

વાચક પાસેથી આ સ્તરના અર્થગ્રહણની અપેક્ષા રાખી શકાય. જો કે આ માટે ભાષા શિક્ષકે સભાનતાપૂર્વકના પ્રયત્નો કરવા જોઈએ. આ માટે તેમને ભાષાંતર કરવાના, સંક્ષેપ કરવાના, પાઠ્યસામગ્રીનો સારાંશ તારવવાના મનોયત્નો કરાવી શકાય.

(ક) મૂલ્યાંકનાત્મક અર્થગ્રહણ સ્તર

આ અર્થગ્રહણનું ઉચ્ચત્તમ સ્તર છે. તે સિદ્ધ કરવા માટે વાચક પાસે ઉચ્ચસ્તરીય માનસિક ક્રિયાની આવશ્યકતા રહે છે. ઉચ્ચ બુદ્ધિઆંક ધરાવતા વાચક આ સ્તરનું અર્થગ્રહણ કરી શકે છે. સરેરાશ બુદ્ધિઆંક ધરાવતા અધ્યેતા વાચક માટે તે સ્તરે પહોંચવા પ્રયત્ન કરવો પડે છે. પરંતુ નિમ્ન બુદ્ધિઆંક છે. કારણ કે આ સ્તરે અધ્યેતા વાચકે પાઠ્યસામગ્રીનું શાબ્દિક અર્થગ્રહણ કરી, તેનું અર્થઘટન પોતાના શબ્દોમાં કર્યા પછી પાઠ્યસામગ્રીનું મૂલ્યાંકન કરવાનું હોય છે. પાઠ્યસામગ્રી કેટલા અંશે યોગ્ય છે ? યથાર્થ છે ? વિશ્વસનીય છે ? તેમાં કઈ કઈ ક્ષતિઓ છે ? તેની લાક્ષણિકતાઓ કઈ કઈ છે ? તેના વડે લેખકે ક્યા કયા નિશાન તાક્યા છે ? પાઠ્યસામગ્રીનો મારા ઉપર શો પ્રભાવ પડ્યો ?...વગેરે પ્રકારના પ્રશ્નો પોતાની જાતને પૂછી વાંચેલ પાઠ્યસામગ્રીનું મૂલ્યાંકન કરવાનું કહે છે. ત્યારબાદ પાઠ્યસામગ્રી અંગે પોતાનો આગવો નિર્ણય કરવાનો હોય છે. જો આ બધા પ્રશ્નોના વાચક પાઠ્યસામગ્રીના સંદર્ભમાં યોગ્ય જવાબ આપી શકે તો ત્યારે તે વાચક મૂલ્યાંકનાત્મક અર્થગ્રહણ સ્તરે પહોંચ્યો છે, તેમ કહી શકાય.

3.2.5 વાચન ઝડપ (Rate of Reading)

❑ **વાચન ઝડપ એટલે શું ?**

ઝડપ એ ગતિસૂચક શબ્દ છે. તે ગતિનું એક લક્ષણ સૂચવે છે. ગતિનું માપ ઝડપ ઉપરથી નીકળતું હોય છે. આમ ઝડપને સમય વડે માપવામાં આવે છે.

વાચન ઝડપનું માપન પણ સમયના પરિણામથી થાય છે. પરંતુ અહીં વાચનઝડપના માપન માટે નિર્ધારિત સમયમાં વાચક કેટલા શબ્દો વાંચ્યા તે માપ છે. એટલે કે, પાઠ્યસામગ્રીમાં રહેલા શબ્દોની સંખ્યામાંથી વાચકે વાંચેલા શબ્દોની સંખ્યા તેની વાચન ઝડપ દર્શાવે છે. અલબત્ત, અત્રે એ ધ્યાન રાખવાનું કે વાચન ઝડપ સાથે અર્થગ્રહણ પણ જરૂરી છે.

અર્થગ્રહણયુક્ત વગરનું ઝડપી વાચન વાચન ગણાતું નથી. વાચનની પાયાની વાત અર્થગ્રહણ અહીં પણ મહત્ત્વની બને જ છે. એટલે કે, અર્થગ્રહણયુક્ત ઓછા સમયમાં વધુ શબ્દોનું વાચન તે વાચન ઝડપ કહેવાય છે. આ રીતે વાચન ઝડપની સંકલ્પનામાં બે ઘટકોનો સમાવેશ થાય છે.

(1) વાચનની ગતિ – વાંચેલ શબ્દોની સંખ્યા

(2) વાચન અર્થગ્રહણ – વાંચેલ શબ્દો પરથી પૂછાયેલ પ્રશ્નોના સાચા ઉત્તરો.

❑ **ઝડપી વાચન ત્રણ ઉદ્દેશો સાથે સંકળાયેલું હોય છે :**

ઝડપી વાચન : (1) **યથાર્થગ્રહણ**

(2) **વધુ ઝડપ**

(3) **વધુ સરળતા**

વાચન ઝડપ એ એક કૌશલ્ય છે. આ કૌશલ્ય પણ બીજાં બધાં કૌશલ્યોની જેમ કેળવી શકાય છે, પ્રાપ્ત કરી શકાય છે. કૌશલ્ય પ્રયત્ન સાધ્ય હોય છે. પરંતુ તેને સાધ્ય કરવા માટે વાચન અંગેના વિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ તથા તેના ઘટકો અંગેની સમજણ હોવી જોઈએ. વાચન દરમિયાન થતી શારીરિક અને માનસિક કાર્યો અંગે જાણકારી હોત તો વાચન ઝડપ કૌશલ હસ્તગત કરવામાં અનુકૂળતા રહે છે. એ ઘટકો પૈકી વાચન રુકાવટ બિંદુ મહત્ત્વનું છે કારણ કે વાચન ઝડપનો આધાર રુકાવટ બિન્દુ પર રહેલો છે. તથા રુકાવટ બિન્દુનો આધાર શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક પર રહેલો છે. જો પ્રત્યભિજ્ઞા ફલક મોટું તેમ રુકાવટ બિંદુ ઓછા ને શબ્દ પ્રત્યભિજ્ઞા ફલક ટૂંકું તેમ રુકાવટ બિંદુની સંખ્યા વધુ. જેમ રુકાવટ બિંદુની સંખ્યા વધુ તેમ વાચન ઝડપ ઓછી, કારણ કે વાચનનો મોટાભાગનો સમય રુકાવટ બિંદુ લઈ લે છે. એક સંશોધન મુજબ, વાચનનો 90 થી 95 ટકા સમય આ રુકાવટ બિંદુઓ લે છે, તેથી રુકાવટ બિંદુની સંખ્યા ઓછી તેમ વાચન ઝડપ વધુ અને જેમ રુકાવટ બિંદુ વધુ તેમ વાચન ઝડપ ઓછી. વાચન ઝડપ (દર) એટલે વાચકે એક મિનિટમાં વાંચેલા શબ્દોની સંખ્યા. જો કોઈ વાચક એક મિનિટમાં 200 શબ્દોનું વાચન કરે તો તેની વાચન ઝડપ 200ની ગણાય.

❑ **વાચન ઝડપ માપવાની પદ્ધતિઓ :**

વાચન ઝડપ માપવાની બે પ્રયુક્તિ છે.

(1) સમયમર્યાદા પદ્ધતિ (2) વાચન-સામગ્રી મર્યાદા પદ્ધતિ

હવે, બન્ને દ્વારા વાચન ઝડપ કેવી રીતે મપાય છે, તે વિશે જાણીએ...

(1) સમયમર્યાદા પદ્ધતિ

વાચન ઝડપ માપવા માટે સૌપ્રથમ વાચન-સામગ્રી પસંદ કરવામાં આવે છે. આ પસંદગી નીચેનાં ત્રણ ધોરણો મુજબ કરવાની રહે છે.

➠ વાચકની કક્ષા – માનસિક કક્ષા અનુસારની હોવી જોઈએ.

➠ વાચકના શબ્દ ભંડોળને અનુકૂળ શબ્દોથી રચાયેલ વાચન-સામગ્રી હોવી જોઈએ.

➠ વાચન-સામગ્રીનો પ્રકાર, વાચકની વય, ધોરણ અનુસાર સામગ્રીનો પ્રકાર હોવો.

આ ધોરણો અનુસાર પસંદ થયેલ વાચન-સામગ્રી વાચકને આપતા સમયે નીચેના જેવી સૂચનાઓ આપવી જોઈએ.

➠ તમને જ્યારે **વાચન શરૂ કરો** તેમ કહેવામાં આવે ત્યારે જ વાંચવાનું શરૂ કરો. અગાઉથી કોઈએ તે સામગ્રી પર નજર પણ ફેંકવાની નથી.

➠ પછી જ્યારે **અટકો**ની સૂચના મળે ત્યારે તમે વાંચતા-વાંચતા જ્યાં પહોંચ્યા હો ત્યાં અટકો અને પેન્સિલ વડે ઊભી લીટી દોરો.

➠ ત્યારબાદ ફરી **વાચન શરૂ**નો આદેશ મળે ત્યારે આગળ વાંચવાનું શરૂ કરો.

➠ ફરી જ્યારે **અટકો**ની સૂચના મળે ત્યારે અટકો. તમે વાંચતા-વાંચતા જ્યાં અટક્યા હો ત્યાં પેન્સિલથી ઊભી લીટો દોરો.

વળી, ત્રીજી વખત ઉપર મુજબની પ્રક્રિયા કરો, ત્યારબાદ નીચે દર્શાવેલ સૂત્ર અનુસાર વાચન ઝડપ (દર) ગણી કાઢો.

$$\text{વાચન ઝડપ} = \frac{\text{વાચન સમયમર્યાદામાં વાંચેલા શબ્દોની સંખ્યા}}{\text{સમય (મિનિટ)માં}}$$

ઉપરોક્ત કિસ્સામાં કોઈ વાચકે ત્રણ મિનિટમાં 400 શબ્દો વાંચ્યા છે, તો 400/3 = 133 એ વિદ્યાર્થીની વાચન ઝડપ 133 ગણાય.

હવે, વાચન દર (ઝડપ) માપવાની બીજી પદ્ધતિ વિશે જાણીએ. તે પદ્ધતિનું નામ છે – 'વાચન-સામગ્રી મર્યાદા પદ્ધતિ.'

(2) વાચન – સામગ્રી મર્યાદા પદ્ધતિ

આ પદ્ધતિએ વાચન ઝડપ માપવા માટે પ્રથમ તો વાચનસામગ્રી પસંદ કરવાની જરૂર રહે છે. આમ તો ઉપર જણાવેલ બાબતો તો ધ્યાનમાં રાખવાની જ છે. ઉપરાંત એક બાબત તેમાં ઉમેરવાની છે. આ પદ્ધતિ માટે વાચન-સામગ્રી પસંદ કરવામાં આ બાબત ધ્યાનમાં રાખશો. નક્કી કરેલ શબ્દ સંખ્યાવાળી વાચનસામગ્રી પસંદ કરવી જોઈએ. દા.ત., ધારો કે, શિક્ષક ધોરણ – 5ના વર્ગના અધ્યેતાઓની વાચંન ઝડપ માપવા ઇચ્છે છે તો એ માટે વાચન-સામગ્રી પસંદ કરવાની થાય તો તે પ્રથમ તો આ કક્ષાના વિદ્યાર્થીઓ પાંચ મિનિટમાં કેટલા શબ્દો વાંચી શકે તેનું અનુમાન કરશે. આ અનુમાનના આધારે તે શબ્દ સંખ્યા નક્કી કરી, લગભગ એટલા શબ્દોવાળી પાઠ્યસામગ્રી પસંદ કરશે. ત્યારબાદ આ પાઠ્યસામગ્રી અધ્યેતાને આપશો. પછી સ્ટૉપવૉચ લઈ વાંચવાનું શરૂ કરવાનું કહેશે. અધ્યેતા સંપૂર્ણ સામગ્રી વાંચી લે ત્યારે તેને કેટલી મિનિટ થઈ તેની નોંધ કરશે. પછી નીચે મુજબના સૂત્ર દ્વારા તે અધ્યેતાની ઝડપ ગણી કાઢશે.

$$\text{વાચન ઝડપ} = \frac{\text{વાચનસામગ્રીના કુલ શબ્દો}}{\text{વાંચવા માટે લીધેલો સમય (મિનિટમાં)}}$$

દા.ત., ધોરણ – 8ના અધ્યેતા માટે શિક્ષકે 250 શબ્દ કે સંખ્યાવાળી વાચન સામગ્રી પસંદ કરી પછી તેને વાંચવા સામગ્રી અધ્યેતાને આખી સામગ્રી વાંચતાં 10 મિનિટ થઈ. હવે તે બન્ને સંખ્યાઓને સૂત્રમાં ગોઠવશે.

વાચન ઝડપ = 250 શબ્દો / 10 મિનિટ = 25 વાચન ઝડપ ગણાય.

વાચન ઝડપ ખૂબ અગત્યની બાબત છે. શિક્ષકનું ધ્યેય અધ્યેતાની વાચન ઝડપ વધારવાનું હોવું જોઈએ. માહિતીના વિસ્ફોટના યુગમાં, ઝડપી વાચક જ મેદાન મારી જશે. મંદ વાચક પાછળ રહી જશે.

3.2.6 વાચનના ભાવ

કાવ્યમાં, વાર્તામાં કે નવલિકા અંશમાં લેખકે કે કવિએ વિવિધ ભાવ રજૂ કર્યા હોય છે. વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન આ ભાવની અનુભૂતિ થવી જોઈએ. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' કાવ્યમાં નિતાંત માતૃપ્રેમનો ભાવ અભિવ્યક્ત થાય છે. વાચક માતૃપ્રેમના ભાવમાં ભિંજાય છે. કવિની આ કુશળતા છે. એવી જ રીતે માનવીની ભવાઈ નવલકથામાં દુષ્કાળના ચિત્રમાં જીવનની કરુણતાના ભાવ વ્યક્ત થાય છે. 'ભૂખ કરતાં ભીખ ભૂંડી છે' લેખકનું આ વાક્ય ઘણું કહી જાય છે. ભૂખ અસહ્ય છે, પરંતુ ભીખ તો તેથી પણ અસહ્ય છે. માટે ભૂખ કરતાં ભીખ ભૂંડી છે. આ રીતે કોઈ હાસ્ય નિબંધમાં હાસ્યના ભાવ અભિવ્યક્ત થાય છે. ઇતિહાસ જેવા પાઠ્યપુસ્તકમાં શૌર્ય અને વીરતાના ભાવ રજૂ થાય છે. આમ, કૃતિના પ્રકાર મુજબ ભાવ અભિવ્યક્ત થાય છે. વાચક આ ભાવથી ભીંજાય છે, ભાવના પ્રવાહમાં ખેંચાય છે. કવિના કે લેખકના ભાવજગતમાં વાચક વિહરે છે. આ જ કવિ કે લેખકની કુશળતા છે. વાચકને તે ભાવમાં ખેંચી જવો એ તેની કુશળતા છે.

આમ, પુસ્તકોમાં કૃતિના પ્રકાર મુજબ કવિ કે લેખક ભાવ અભિવ્યક્ત કરે છે. વાચક આ ભાવ અભિવ્યક્તિ અનુભવે છે.

આ ભાવ એ વાચનના ભાવ છે. આ ભાવ જેટલી કુશળતાથી અભિવ્યક્ત થાય એટલી કૃતિ અસરકારક.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) વાચન અર્થગ્રહણની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) વાચન અર્થગ્રહણના ઘટકો જણાવો.

(3) વાચન અર્થગ્રહણનાં સ્તરો જણાવો.

(4) વાચનમાં રુકાવટ બિંદુનું મહત્ત્વ જણાવો.

(5) વાચનના ભાવની ચર્ચા કરો.

■

પ્રકરણ. 4

પુસ્તકની સંરચના અને અર્થગ્રહણ

4.1 પ્રસ્તાવના

4.2 પાઠ્યપુસ્તકનો અર્થ

4.3 પાઠ્યપુસ્તકની વિશેષતાઓ

4.4 આદર્શ (સારાં) પાઠ્યપુસ્તકનાં લક્ષણો

4.4.1 બાહ્ય લક્ષણો

4.4.2 આંતરિક લક્ષણો (સ્વરૂપ)

4.5 પાઠ્યપુસ્તકની રચના

4.6 પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

4.6.1 અધ્યેતાઓ (વિદ્યાર્થીઓ) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

4.6.2 અધ્યાપક (શિક્ષક) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

4.6.3 અન્ય ઉપયોગિતા

4.7 પાઠ્યપુસ્તક પૃથક્કરણ માટેનાં માપદંડ

4.7.1 બાહ્ય માપદંડો

4.7.2 આંતરિક માપદંડો

4.8 પાઠ્યપુસ્તક પસંદગીના મૂળભૂત સિદ્ધાંતો

4.9 પુસ્તક સંરચના અને અર્થગ્રહણ

❁ સ્વાધ્યાય

4.1 પ્રસ્તાવના

લેખન અને મુદ્રણ કળાની શોધ થઈ તે પહેલાં શિક્ષણકાર્ય શ્રવણ અને સ્મૃતિ પર આધારિત હતું. શિક્ષક પ્રવચન કરતો, વિદ્યાર્થી તેનું શ્રવણ કરતો, તે સાંભળેલા જ્ઞાનનું વારંવાર રટણ કરતો અને કંઠસ્થ કરતો. જ્યારથી લેખનકળાની શોધ થઈ ત્યારથી પુસ્તકોનો ઉદ્‌ભવ થયો, પરંતુ પુસ્તકોનો ખૂબ ઉપયોગ તો મુદ્રણકળાની શોધ પછી જ થયો તેમ કહીએ તો ખોટું નથી. આધુનિક શિક્ષણ પદ્ધતિ સ્વ–અધ્યયન પર વધુ ઝોક મૂકે છે, ત્યારે પાઠ્યપુસ્તક શ્રેષ્ઠ સાધન તરીકે ઉપયોગી બને છે.

પુસ્તકો માનવીના જ્ઞાન અને અનુભવોનો સંગ્રહ કરવામાં અને સાચવી રાખવામાં મહત્ત્વનું સાધન રહ્યાં છે. વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની દૃષ્ટિએ તો પુસ્તકનું ખૂબ મહત્ત્વ રહેલું છે. આજે જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે ત્યારે બધું જ સ્મૃતિમાં રાખી શકાય નહીં; આ માટે પુસ્તકોની જરૂરિયાત ઊભી થઈ છે. આ રીતે વર્ગશિક્ષક માટે પણ જરૂરી પુસ્તકોની માંગ ઊભી થઈ, પરિણામે જે–તે કક્ષાને ધ્યાનમાં રાખી વિવિધ વિષયોનાં પાઠ્યપુસ્તકો તૈયાર થયાં.

એક કરતાં અનેક વિષયો વિદ્યાર્થીઓને એકસાથે શાળામાં શીખવવાના હોય છે. આ પરિસ્થિતિમાં માત્ર સ્મરણ કે શ્રુતિ દ્વારા તે બધું યાદ રાખી શકે નહીં. આ સંજોગોમાં શિક્ષણના એક સાધન તરીકે પાઠ્યપુસ્તક વિદ્યાર્થીને અતિ ઉપયોગી થઈ પડે તેમ છે. નવું જ્ઞાન દરરોજ ઉમેરાય છે, તે બધાંને યાદ રાખવું કઠિન છે. આ સંજોગોમાં પાઠ્યપુસ્તક વિદ્યાર્થી માટે પથદર્શકની ભૂમિકા પૂરી પાડે છે.

આમ, પાઠ્યપુસ્તક એ અભ્યાસક્રમની તલસ્પર્શી સમજ મેળવવા માટે સરળ, હાથવગું અને અસરકારક માધ્યમ છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકનો સવિશેષ અને અનિવાર્યપણે ઉપયોગ કરે છે.

માધ્યમિક શિક્ષણ પંચે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ બતાવતાં જણાવ્યું છે કે, *"A Modern education system without text book is as difficult to imagine as Hamlet without the prince of Denmark."*

પાઠ્યપુસ્તકની રચના નિર્દિષ્ટ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને, યોગ્ય સામગ્રી પસંદ કરીને, આયોજનબદ્ધ અને અનુક્રમિત રીતે કરવામાં આવે છે. પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ જ્ઞાન પ્રદાન કરવાનો છે, પરિણામે પાઠ્યપુસ્તકને એક સુસજ્જ શિક્ષક તરીકે મૂલવવામાં આવે છે.

4.2 પાઠ્યપુસ્તકનો અર્થ

- કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી તેના શૈક્ષણિક હેતુઓ, યોગ્ય વિષય-સામગ્રી તથા સમયની જરૂરિયાત મુજબ તૈયાર કરેલ પુસ્તકને પાઠ્યપુસ્તક કહેવાય છે.
- કોઈ એક કક્ષાને ધ્યાનમાં રાખી તેના શિક્ષણની દૃષ્ટિએ યોગ્ય વિષય-સામગ્રી પસંદ કરી તૈયાર કરેલું પુસ્તક તે કક્ષા માટેનું પાઠ્યપુસ્તક કહેવાય છે.

પાઠ્યપુસ્તક શિક્ષક અને વિદ્યાર્થીની અત્યંત નજીકનું સાધન છે, બધાં જ તેનો ઉપયોગ કરે છે. તે જ્ઞાનપ્રાપ્તિ માટેનું એક ઉત્તમ સાધન છે. શિક્ષક પાઠ્યપુસ્તકને આધારે શું ભણાવશે અને કેવી રીતે ભણાવશે, તે નક્કી કરી શકે છે.

4.3 પાઠ્યપુસ્તકની વિશેષતાઓ

પાઠ્યપુસ્તકની રચના તાર્કિક રીતે અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી, યોગ્ય શૈક્ષણિક સામગ્રીની પસંદગી વડે, આયોજનપૂર્વક અને અનુક્રમિત રીતે કરવામાં આવે છે. **જેમાંથી...**

- પાઠ્યપુસ્તક વડે શૈક્ષણિક કાર્યક્રમો અને હેતુઓ સફળતાપૂર્વક પાર પાડવામાં સરળતા રહે છે.
- પાઠ્યપુસ્તક અધ્યયન–અધ્યાપન માટે સંદર્ભ–સાહિત્ય બની રહે છે.
- પાઠ્યપુસ્તક અમૂલ્ય જ્ઞાન કુંભ સમાન છે. આથી જ પાઠ્યપુસ્તકને એક સુસજ્જ શિક્ષકની ઉપમા આપવામાં આવી છે.

- પાઠ્યપુસ્તક થકી જે જ્ઞાન પ્રત્યક્ષ મેળવી શકાતું નથી, તેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળે છે.
- પાઠ્યપુસ્તક જે–તે વિષયનાં શૈક્ષણિક હેતુઓ પરિપૂર્ણ કરવા માટે અતિ આવશ્યક છે.

4.4 આદર્શ (સારાં) પાઠ્યપુસ્તકનાં લક્ષણો

પાઠ્યપુસ્તકનાં લક્ષણોને બે ભાગમાં વહેંચી શકાય.

આદર્શ પાઠ્યપુસ્તકનાં લક્ષણો

↓

બાહ્ય લક્ષણો | આંતરિક લક્ષણો

4.4.1 બાહ્ય લક્ષણો

બાહ્ય લક્ષણો નીચે મુજબ છે.

(1) **આકૃતિ :** પાઠ્યપુસ્તકની બાહ્ય આકૃતિ સુંદર, આકર્ષક તથા સચિત્ર હોવી જોઈએ.

(2) **મુખપૃષ્ઠ :** પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક તથા વિષયવસ્તુ અંગે સહજ રીતે નિર્દેશ આપે તેવાં સુસંગત, આકર્ષક ચિત્રો અથવા લખાણ હોવાં જોઈએ. કમ્પ્યૂટરના યુગમાં આ કાર્ય ઘણું સરળ બન્યું છે.

(3) **બંધારણ :** પાઠ્યપુસ્તકનું બંધારણ હંમેશા સુદૃઢ હોવું જોઈએ, જેથી તે લાંબો સમય સુધી ટકી શકે.

(4) **કાગળ :** પાઠ્યપુસ્તકમાં કાગળો જાડા, સફેદ અને ચીકણાં હોવા જોઈએ, જેથી લાંબા સમય સુધી ફાટે નહિ. કાગળની સપાટી અતિ ચળકાટવાળી ન હોવી જોઈએ, જેથી આંખોને નુકશાન ન થાય.

(5) **મુદ્રણ :** પાઠ્યપુસ્તકનું મુદ્રણ ક્ષતિરહિત જ હોવું જોઈએ. જો પુસ્તકમાં ક્ષતિ રહી જાય તો પાઠ્યપુસ્તકને અંતે શુદ્ધિપત્રક મૂકવું જોઈએ.

(6) **કદ :** પાઠ્યપુસ્તકનું કદ વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ. સામાન્ય રીતે ડેમી સાઈઝ કે ક્રાઉન સાઈઝમાં પાઠ્યપુસ્તકો અનુકૂળ રહે છે.

(7) **અક્ષર અને વાક્યરચના :** વિદ્યાર્થીઓની શારીરિક વયકક્ષા અને દૃષ્ટિક્ષમતાને ધ્યાનમાં રાખી પાઠ્યપુસ્તકમાંના લખાણના અક્ષરોનું કદ નક્કી કરવામાં આવે છે. મુખ્ય મુદ્દાઓના અક્ષરો થોડા મોટા અને બોલ્ડ કરવા જોઈએ. પાઠ્યપુસ્તકમાં વાક્યરચના કે શબ્દો વાંચન માટે પૂરક બને તેવી રીતે ટાઈપ થયેલા હોવા જોઈએ.

(8) **કિંમત :** પાઠ્યપુસ્તકોની કિંમત સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ – વાલીઓને પોષાય તેટલી જ હોવી જોઈએ.

4.4.2 આંતરિક લક્ષણો (સ્વરૂપ)

પાઠ્યપુસ્તકનું આંતરિક સ્વરૂપ ખૂબ જ અગત્યનું છે. સમગ્ર પાઠ્યપુસ્તકનો આધાર તેના આંતરિક સ્વરૂપ પર રહેલો હોય છે. આંતરિક સ્વરૂપની દૃષ્ટિએ પાઠ્યપુસ્તકમાં નીચેનાં લક્ષણો અપેક્ષિત છે.

(1) **વિષયવસ્તુની રજૂઆત :** પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની રજૂઆત વિદ્યાર્થીઓની વયકક્ષા, રુચિ અને તેના માનસિક વિકાસને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.

(2) **પ્રકરણોની ગોઠવણી :** પાઠ્યપુસ્તકોમાં પ્રકરણોની ગોઠવણી તથા પ્રકરણની રજૂઆત તાર્કિક ક્રમમાં હોવી જોઈએ.

(3) **આકૃતિ, આલેખો અને અનુસૂચિઓની રચના :**

- પાઠ્યપુસ્તકમાં જરૂરિયાત મુજબ અનુસૂચિઓ, આલેખો અને આકૃતિઓ વગેરેની રચના કરવી જોઈએ.
- ચિત્ર, આકૃતિઓ વાસ્તવિક રંગોને મળતા આવે તો અધ્યેતાને વાસ્તવિક પદાર્થોનો સચોટ ખ્યાલ મળી શકે.
- ચિત્ર–આકૃતિ, અનુસૂચિઓનું યોગ્ય નામ–નિર્દેશ હોવું જરૂરી છે.
- આકૃતિ, આલેખ, ચિત્ર અને અનુસૂચિનું કદ યોગ્ય હોવું જોઈએ અને તે વિષયવસ્તુ સાથે સુસંગત હોવી જોઈએ.

(4) **ઉદાહરણોની રચના** : વિષયવસ્તુને અનુરૂપ ઉદાહરણોની રચના યોગ્ય પ્રમાણમાં થવી જોઈએ. આવાં ઉદાહરણો નજીકના સમયનાં હોય તો તે વધુ યોગ્ય ગણાય અને તે સામાજિક જીવન સાથે સંબંધ ધરાવતાં હોવાં જોઈએ.

(5) **શિક્ષણના હેતુઓ અને ધ્યેયો** : પાઠ્યપુસ્તક શિક્ષણના હેતુઓ અને ધ્યેયો સિદ્ધ કરવામાં મદદરૂપ થાય તેવું હોવું જોઈએ.

(6) **આંકડાકીય માહિતી** : પાઠ્યપુસ્તકોમાં રજૂ થયેલા આંકડાઓ, અન્ય માહિતીઓ કે ઘટનાઓ સંપૂર્ણ સાચી હોવી જોઈએ.

(7) **સ્વાધ્યાયો** : વિદ્યાર્થીઓને સ્વ–અધ્યયનની તક મળે તે માટે દરેક પ્રકરણોને અંતે સ્વાધ્યાયો હોવાં જોઈએ.

(8) **સંદર્ભ–પુસ્તકો** : વિદ્યાર્થીઓને વધારે માહિતીની જરૂરિયાત ઊભી થાય તો એ માહિતી ક્યાંથી મેળવવી, તે માટે સંદર્ભ પુસ્તકોની માહિતી પણ પાઠ્યપુસ્તકોમાં આપવી જોઈએ.

(9) **અનુબંધ** : વિષયવસ્તુની રજૂઆતમાં શક્યતા પ્રમાણે વાસ્તવિક જીવન કે અન્ય વિષયો સાથે અનુબંધ બંધાયેલો હોવો જોઈએ.

(10) **પ્રકીર્ણ બાબતો** :

- પાઠ્યપુસ્તકના આમુખ પછી પાઠ્યપુસ્તકના ઉપયોગ અંગે શિક્ષકે ધ્યાનમાં રાખવાના મુદ્દા અને પ્રયોજવાની અધ્યાપન–અધ્યયન પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવું જોઈએ.
- અનુક્રમણિકામાં મુખ્ય એકમ નીચે પેટા એકમો અને વિષયાંગો દર્શાવવા જોઈએ.
- ચિત્ર, આકૃતિ, આલેખ, અનુસૂચિઓ, ફોટોગ્રાફ્સ વગેરેની યાદીનો ઉલ્લેખ અનુક્રમણિકાના ભાગ તરીકે કરવો જોઈએ.
- પુસ્તકના અંતે પારિભાષિક શબ્દોની યાદી, સંદર્ભ પુસ્તકોની સૂચિ હોવી જોઈએ.

4.5 પાઠ્યપુસ્તકની રચના

- તેનું વિષયવસ્તુ વિદ્યાર્થીઓની પરિપક્વતા, રુચિ તથા માનસિક સ્તર પ્રમાણે હોવું જોઈએ.
- પાઠ્યપુસ્તકમાં રજૂ કરવામાં આવેલી સામગ્રી શુદ્ધ તથા ઉપયોગિતાવાળી હોવી જોઈએ. પાઠ્યપુસ્તકોમાં તારીખો તથા આંકડાઓનો સમાવેશ ઉપયોગિતા તથા અનુકૂળતા સહિતનો હોવો જોઈએ.
- પાઠોમાં ક્રમબદ્ધતા હોવી જોઈએ.
- પાઠ્યપુસ્તકની ભાષા તથા શૈલી સરળ અને રુચિકર હોવી જોઈએ.
- પાઠ્યપુસ્તકમાં ઉદાહરણો તથા સંદર્ભોનો ઉચિત ઉપયોગ થવો જોઈએ.
- પાઠ્યપુસ્તકનું પાઠ્યવસ્તુ નક્કી કરેલા અભ્યાસક્રમ અનુસાર પૂર્ણ હોવું જોઈએ.
- પાઠ્યપુસ્તકનું પ્રસ્તુતીકરણ એવી રીતે થવું જોઈએ જેથી વિદ્યાર્થીઓમાં સમસ્યાઓને હલ કરવાનું કૌશલ્ય વિકસે, વળી તેમનામાં સ્વઅધ્યયનની આદત પણ આવે.
- પાઠ્યપુસ્તક શિક્ષણના ઉદ્દેશ્યોની પૂર્તિ માટે સહાયક નીવડતું હોવું જોઈએ.
- પુસ્તકની પ્રસ્તાવના એવી હોવી જોઈએ, જેને જોઈને વાચક પાઠ્યવિષયનું સંક્ષિપ્ત જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

4.6 પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

આજે શિક્ષણમાં પાઠ્યપુસ્તકનું મહત્ત્વ વધ્યું છે. આપણી શાળાઓમાં પાઠ્યપુસ્તક જ શિક્ષણ માટે મુખ્ય આધારનું સાધન બન્યું છે.

પ્રો. બાર અને બર્ટન :

અમેરિકાના સંદર્ભમાં પાઠ્યપુસ્તક અંગે લખે છે કે –

"આ દેશમાં પાઠ્યપુસ્તક એક મહત્ત્વનું સાધન રહ્યું છે."

❁ **શ્રી એચ. આર. ડગ્લાસે :**

"શિક્ષકોની બહુમતીએ સ્વીકાર કર્યું છે કે, પાઠ્યપુસ્તકોએ શું અને કેવી રીતે ભણાવીશું, તેની આધારશિલા છે."

"મને કોઈ પણ દેશનાં પાઠ્યપુસ્તકો બતાવો, હું એ દેશની ભાવિ પ્રજા કેવી હશે, તેની આગાહી કરી શકીશ."

"મને કોઈ પણ દેશનાં પાઠ્યપુસ્તકો રચવા દો, ભલે પછી તે દેશના રાજપુરુષો ગમે તે ગાંડપણ આદરે, પ્રજા ઘડતરનું કાર્ય હું સંભાળી લઈશ. (પ્રજા ઘડતરનું મહત્ત્વનું કાર્ય, પાઠ્યપુસ્તકો કરી શકે છે.)

પાઠ્યપુસ્તકનું મહત્ત્વ (ઉપયોગિતા) નીચે મુજબ દર્શાવી કરી શકાય છે.

(1) અધ્યેતાઓ (વિદ્યાર્થીઓ) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

(2) અધ્યાપક (શિક્ષક) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

(3) અન્ય ઉપયોગિતા

4.6.1 અધ્યેતાઓ (વિદ્યાર્થીઓ) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

(1) **માર્ગદર્શિકા :** પાઠ્યપુસ્તકની રચના અભ્યાસક્રમને આધારિત થતી હોય છે. પાઠ્યપુસ્તક દ્વારા અધ્યેતાને માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. ગામડાંના અધ્યેતા પાઠ્યપુસ્તક પર જ આધાર રાખે છે. ગ્રામ્ય–વિસ્તારમાં પાઠ્યપુસ્તકને ગીતા સમાન જ માનવામાં આવે છે.

(2) **સમજ :** પાઠ્યપુસ્તકમાં સિદ્ધાંતો, નિયમો, સંકલ્પનાઓ, વ્યાખ્યાઓ વગેરે બાબતોનાં ઉદાહરણ આપી સમજૂતી આપેલ હોય છે. અધ્યાપક વર્ગખંડમાં અધ્યાપન કાર્ય કરાવતા હોય ત્યારે અધ્યેતા કોઈ મુદ્દામાં બરાબર સમજણ પડી હોય ત્યારે પાઠ્યપુસ્તક વાંચી તે મુદ્દો સમજી શકે છે.

(3) **સ્વઅધ્યયન :** સારા પાઠ્યપુસ્તક વડે અધ્યેતા પોતાની જાતે વિષયને તૈયાર કરી શકે છે. સારું પાઠ્યપુસ્તક અધ્યાપકની ગરજ સારે છે.

(4) **દૃઢીકરણ :** વર્ગખંડમાં વિષયનો મુદ્દો શીખ્યા પછી અધ્યેતા પાઠ્યપુસ્તકની મદદથી પદ્ધતિસર અને ઝડપથી તે વિષયમુદ્દાનું દૃઢીકરણ કરી શકે છે.

(5) **પુનરાવર્તન :** નવરાશની પળોમાં તથા પરીક્ષાની પૂર્વતૈયારી રૂપ પાઠ્યપુસ્તકની મદદથી શીખેલા મુદ્દાઓનું પુનરાવર્તન સરળતાથી થઈ શકે છે.

(6) **પૂર્વતૈયારી :** વર્ગખંડમાં ચલાવવામાં આવનાર મુદ્દાઓની પૂર્વતૈયારી અધ્યેતા પાઠ્યપુસ્તકની મદદથી કરી શકે છે. વિષયના મુદ્દા અગાઉથી વાંચીને વર્ગખંડમાં સમજાતા મુદ્દાઓ ઝડપથી સમજાઈ જાય છે.

(7) **વિવિધ કૌશલ્યોનો વિકાસ :** પાઠ્યપુસ્તક દ્વારા અધ્યેતાઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે.

(8) **સર્જનશીલતા :** પાઠ્યપુસ્તકના ઉપયોગ દ્વારા અધ્યેતાઓમાં સર્જનશીલતાનો વિકાસ થાય છે. તેઓને નવું સંશોધન કરવાની પ્રેરણા મળે છે.

(9) **પ્રોજેક્ટ :** અધ્યેતાઓને વિવિધ પ્રોજેક્ટ કરવામાં પાઠ્યપુસ્તક ઉપયોગી સાબિત થાય છે.

(10) **સ્વગતિએ અભ્યાસ :** વ્યક્તિગત ભિન્નતા અધ્યેતાઓમાં જોવા મળે છે. દરેક અધ્યેતાઓની અધ્યયન ક્ષમતા અલગ–અલગ હોય છે. પાઠ્યપુસ્તકની મદદથી અધ્યેતાઓ પોતાની ક્ષમતા અનુસાર સ્વગતિએ અભ્યાસ કરી શકે છે.

(11) **સમયનો બચાવ :** પાઠ્યપુસ્તકના મુદ્દાઓને આધારિત મૂલ્યાંકન થતું હોવાથી અધ્યેતાઓના સમયનો બચાવ થાય છે. પાઠ્યપુસ્તકમાંથી પુનરાવર્તન કરવાથી અન્ય સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો પડતો નથી.

4.6.2 અધ્યાપક (શિક્ષક) માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ

(1) **વિષયવસ્તુની તૈયારી :** પાઠ્યપુસ્તકની મદદથી અધ્યાપકને અભ્યાસક્રમના મુદ્દાઓ વિશે જાણકારી મળે છે. નવા અને બિનઅનુભવી અધ્યાપકોને વિષયવસ્તુની તૈયારી કરવા પાઠ્યપુસ્તક ઉપયોગી નીવડે છે. વિષયાભિમુખ, પાઠની રજૂઆત, કા.પા. કાર્ય વગેરેની તૈયારી કરવા અધ્યાપકને પાઠ્યપુસ્તક ઉપયોગી નીવડે છે.

(2) **ઉદાહરણોની પ્રાપ્તિ :** વિષયવસ્તુના મુદ્દાઓને વર્ગખંડમાં સમજાવવા માટે ઉદાહરણોની જરૂર પડે છે. અધ્યાપક પાઠ્યપુસ્તકમાં આપેલ ઉદાહરણો મેળવી શકે છે અને તેનો સંદર્ભ લઈ નવાં ઉદાહરણો અધ્યેતા સમક્ષ મૂકી શકે છે.

(3) **ક્રમિકતાની જાણકારી** : વિષયવસ્તુની ક્રમિકતા જળવાય તે માટે અધ્યાપક પાઠ્યપુસ્તકનો સહારો લઈ શકે છે. પાઠ્યપુસ્તકમાં આપેલ ક્રમ મુજબ વર્ગખંડમાં અધ્યાપન કાર્ય કરાવી શકે છે.

(4) **સમયપત્રકોનું આયોજન** : વિષયનું અધ્યાપન કાર્ય સમયસર પૂર્ણ કરવા માટે પાઠ્યપુસ્તક ઉપયોગી છે. વર્ષ દરમ્યાન કયા વિષયના મુદ્દા, કયા માસમાં ભણાવવા, તેની જાણકારી અધ્યાપકને પાઠ્યપુસ્તકમાંથી મળી શકે છે.

(5) **શૈક્ષણિક ઉપકરણો** : અધ્યાપનકાર્ય દરમિયાન ઉપયોગી શૈક્ષણિક ઉપકરણોની માહિતી અધ્યાપક પાઠ્યપુસ્તક દ્વારા મેળવી શકે છે.

(6) **શૈક્ષણિક પદ્ધતિઓ** : અભ્યાસક્રમના મુદ્દાઓના શિક્ષણને અસરકારક બનાવવા માટે અધ્યાપકને પાઠ્યપુસ્તકમાંથી વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓનું સૂચન મળી રહે છે.

(7) **ગુણવત્તા સુધારણા** : અધ્યાપકનું અધ્યાપન કૌશલ્ય સુધારવા તેઓના જ્ઞાનમાં વધારો કરવા તેમ જ અધ્યાપક ગુણવત્તા સુધારવા પાઠ્યપુસ્તક ઉપયોગી નીવડે છે.

(8) **ગૃહકાર્ય** : અધ્યેતાઓના વ્યક્તિગત તફાવતો ધ્યાનમાં રાખી અધ્યાપક તેઓને ગૃહકાર્ય, સ્વાધ્યાય, પ્રવૃત્તિઓ આપી શકે છે, જેનું માર્ગદર્શન અધ્યાપકને પાઠ્યપુસ્તકમાંથી મળે છે.

(9) **પ્રવૃત્તિ પ્રોજેક્ટ** : વર્ષ દરમ્યાન અધ્યેતાઓ પાસે કરાવવાની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ અંગેની માહિતી અધ્યાપકોને પાઠ્યપુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

(10) **મૂલ્યાંકન** : વર્ષ દરમિયાન કરવામાં આવતા મૂલ્યાંકન માટે પ્રશ્નપત્રોની રચના કરવા માટે અધ્યાપકોને પાઠ્યપુસ્તક ઉપયોગી છે. અધ્યેતાનો સર્વાંગી વિકાસ થયો કે નહીં, તેની ચકાસણી કરવા પાઠ્યપુસ.તક ઉપયોગી છે.

4.6.3 અન્ય ઉપયોગિતા

- શિક્ષણનાં ધ્યેયો અને હેતુઓ સિદ્ધ કરવા પાઠ્યપુસ્તક ખૂબ જ ઉપયોગી સાધન છે.

- અધ્યાપક અને અધ્યેતા બંનેનો આત્મવિશ્વાસ વધારવામાં પાઠ્યપુસ્તકની ભૂમિકા અગત્યની છે.
- આખા રાજ્યમાં એક જ પાઠ્યપુસ્તક હોવાથી અધ્યેતા જો સ્થાનિક કક્ષાએ શાળા બદલે તો તેને અભ્યાસમાં મુશ્કેલી ઊભી થતી નથી.
- પાઠ્યપુસ્તક અધ્યેતાની વયકક્ષા, પૂર્વજ્ઞાન, અગાઉના વર્ષોના પાઠ્યક્રમ સાથે અનુબંધ, મનોવૈજ્ઞાનિક બાબતોને લક્ષમાં લઈને રચાય છે, તેથી સંદર્ભ સાહિત્ય કરતાં તેની ઉપયોગિતા વધુ છે.
- બાળકોને કેટલા શૈક્ષણિક અનુભવો આપવા તેની મર્યાદા બાંધે છે.
- વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં પાઠ્યપુસ્તકનો અમૂલ્ય ફાળો છે.
- વિદ્યાર્થીઓનું ગૃહકાર્ય સરળ બને છે.
- અધ્યાપક, અધ્યેતા ઉપરાંત વાલી, માર્ગદર્શક, પરીક્ષક વગેરે તમામમાં એકવાક્યતા જળવાય તથા શિક્ષણના કોઈપણ પ્રશ્નો ઊભા ન થાય તે માટે પાઠ્યપુસ્તક ઉપયોગી છે.
- પાઠ્યપુસ્તક પ્રમાણમાં સસ્તું હોય છે, જેથી તેનો ઉપયોગ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ કરી શકે છે.

આમ, પાઠ્યપુસ્તક એ શિક્ષણક્ષેત્રે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

- **Dr. Thring ના મતાનુસાર,**

  "A text–book is a teacher of the teachers."

- **Douglas ના મત મુજબ,**

  "The Teacher and the text–book make the School."

4.7 પાઠ્યપુસ્તક પૃથક્કરણ માટેનાં માપદંડ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા ધોરણ–1 થી 12નાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે. પાઠ્યપુસ્તક શૈક્ષણિક હેતુઓની પૂર્તિ કરનારી એક અગત્યની અધ્યયન પ્રવિધિ છે. વિદ્યાર્થીઓ તેનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકે એ માટે તે ઉત્તમ રીતે લખાયું હોવું જોઈએ. ઘણીવાર

'પાઠ્યપુસ્તક યોગ્ય રીતે લખાયું નથી' એવી ફરિયાદ થતી જોવા મળે છે. આવી ફરિયાદમાં કેટલા અંશે સત્ય રહેલું છે, તે ખરેખર તો એક સંશોધન માંગી લે તેવો વિષય છે.

કોઈપણ સંસ્થા વિશે માત્ર ઉત્કલ્પનાઓ કરવાથી તે વિશેનું સત્યભાન થતું હોતું નથી. તે દ્વારા થતું મૂલ્યાંકન સાચું માની શકાય નહિ. પાઠ્યપુસ્તકને લાગેવળગે છે ત્યાં સુધી ઉત્તમ પાઠ્યપુસ્તકનાં લક્ષણો કેટલાક ચોક્કસ માપદંડના આધારે નક્કી કરાય છે. નીચે આ માપદંડની રૂપરેખા આપેલ છે.

4.7.1 બાહ્ય માપદંડ

(1) સામાન્ય બાબતો :

- પુસ્તકનું નામ
- લેખકનું નામ
- પ્રકાશક
- પૃષ્ઠ – સંખ્યા
- કિંમત
- પ્રકાશન – તારીખ.

(2) ભૌતિક બાબતો :

- પુસ્તકનો આકાર
- કદ
- બાંધણી
- કાગળ
- મુદ્રણ
- ટાઈપ
- મુખપૃષ્ઠ

4.7.2 આંતરિક માપદંડ

(1) વિષયવસ્તુની રજૂઆત :

- ભાષા
- શૈલી
- રજૂઆતમાં તટસ્થતા
- કઠિનતામૂલ્ય
- વિષયવસ્તુની પ્રમાણભૂતતા
- એકમ

(2) વસ્તુની ગોઠવણી :

- વિગતોનો વ્યાપ
- વિગતોનો પરસ્પર સંબંધ–ક્રમ
- એકમ વિભાજન
- અનુબંધનું તત્ત્વ
- હેતુ સિદ્ધિની તકો
- વિશિષ્ટ ક્ષેત્રોની આવશ્યકતાઓને પોષક
- સાર્થક અને રોચક પાઠ

(3) દૃષ્ટિગમ્ય સાધનો :

- સંખ્યા
- શુદ્ધતા
- ઉપયોગિતામૂલ્ય
- વિષયવસ્તુની દૃશ્ય થતી ગીચતા
- આકર્ષકતા

(4) સ્વાધ્યાય :

- પાઠ્યવસ્તુ સાથેનો સંબંધ
- સ્વાધ્યાયનો વ્યાપ : પ્રમાણ
- વિવિધતા
- વિશેષ પ્રવૃત્તિઓ

(5) સંદર્ભ યાદી :

(6) અન્ય સામાન્ય માહિતી :

- લેખકનું દૃષ્ટિબિંદુ
- ચિત્રો, આલેખ વગેરેની યાદી
- કક્કાવારી પ્રમાણે શબ્દસૂચિ
- અનુક્રમણિકા
- અભ્યાસક્રમ
- પરિશિષ્ટો
- નમૂનાનું પ્રશ્નપત્ર

આ માપદંડોને આધારે શિક્ષક પાઠ્યપુસ્તકનું પૃથક્કરણ કરે અને તે પરથી કેટલાંક તારણો કાઢી નિષ્કર્ષ સૂચવે તો શિક્ષણ જગતને તે ઉપયોગી થઈ પડે.

4.8 પાઠ્યપુસ્તક પસંદગીના મૂળભૂત સિદ્ધાંતો

પાઠ્યપુસ્તકની પસંદગીમાં શિક્ષકે નીચે દર્શાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) **પાઠ્યવસ્તુની પસંદગી તથા વ્યવસ્થા :**

- પાઠ્યવસ્તુની પસંદગી વિદ્યાર્થીની રુચિ, અવસ્થા, યોગ્યતા, માનસિક સ્તર, પ્રવૃત્તિઓ, અભિરુચિઓ તથા સંવેગાત્મક સ્તરને અનુકૂળ હોવી જોઈએ.
- પાઠ્યવસ્તુની પસંદગી સમાજની દૃષ્ટિએ થવી જોઈએ, જેથી પાઠ્યપુસ્તક સમાજના આર્થિક વિકાસ તથા ઉન્નતિને માટે દેશના નાગરિકોમાં નવજાગરણનો સંચાર કરી શકે.
- પાઠ્યવસ્તુની વ્યવસ્થા સમસ્યાઓ તથા શિક્ષણ વિધિઓને અનુકૂળ હોવી જોઈએ.
- પાઠ્યવસ્તુમાં મનોવૈજ્ઞાનિક ક્રમ સ્થાપિત થવો જોઈએ.

(2) **પાઠ્યપુસ્તકની બાહ્ય આકૃતિ :**

- ટાઇપ, કાગળ, પંક્તિઓની સંખ્યા, શબ્દો વચ્ચેનું અંતર, આકાર, હાંસિયાની પહોળાઈ વગેરેની યોગ્ય વ્યવસ્થા પર ધ્યાન આપવું જોઈએ.

(3) **વિષયસૂચિ :**

- તેની ગ્રાહ્યતા, મહત્ત્વ તથા ક્ષેત્ર.

(4) **શૈક્ષણિક સાધન :**

- અભ્યાસ માટે પ્રશ્ન, નિર્દેશ, સહાયક પુસ્તકોની સૂચિ, અનુક્રમણિકા, પ્રસ્તાવના વગેરેની યોગ્યતા તથા ઉપયોગિતા લક્ષમાં રાખવાં જોઈએ.

(5) **ઉદાહરણ :**

- શાબ્દિક તથા પ્રદર્શનાત્મક ઉદાહરણ, સૂચિપત્ર, ગ્રાફ, રેખાચિત્ર, રેખાકૃતિઓ, માનચિત્ર, આંકડા, ઉદાહરણો તથા સંદર્ભની શુદ્ધતા વગેરે પૂરતી સંખ્યામાં હોવાં જોઈએ.

(6) **પ્રસ્તુતીકરણ :**

- પ્રસ્તુતીકરણ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયનની આદતનું નિર્માણ તથા કુશળતાનો વિકાસ થવો જોઈએ.
- બીજા વિષયોની સાથે સંબંધ સ્થાપિત કરે તેવું પ્રસ્તુતીકરણ હોવું જોઈએ.
- વર્ગ તથા વ્યક્તિગત ભિન્નતાને સંતુષ્ટ રહે તેવું હોવું જોઈએ.
- શીખવવાના નિયમોને અનુકૂળ હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓમાં વિષય પરત્વે રુચિ જાગૃત કરે તેવું હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓના સાંવેગિક તથા માનસિક સ્તરને અનુકૂળ હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓના માનસિક વિકાસમાં સહાયક નીવડે તેવું હોવું જોઈએ.

4.9 પુસ્તક સંરચના અને અર્થગ્રહણ

પુસ્તક વાચક માટે હોય છે એ નિર્વિવાદ છે. પરંતુ જો પુસ્તક વાચકને આકર્ષી ન શકે, વાચકના રસને ટકાવી ન શકે. વાચકને તે સમજાય નહિ તો એ પુસ્તકનું વજૂદ શું ? તેથી જ લેખક લખતાં પહેલાં પોતાના વાચક વિશે વિચાર કરે છે ને પછી કલમ ચલાવે છે. એનો સ્પષ્ટ અર્થ એ થયો કે પુસ્તકની સંરચના અને અર્થગ્રહણ વચ્ચે સીધી લીટીનો સંબંધ છે.

(1) **મૂકવાચન પદ્ધતિ :**

મોટાભાગના વાચકો મૂકવાચન પદ્ધતિએ વાચન કરતા હોય છે. તે વાંચે છે ત્યારે બીજાને ખબર પણ પડતી હોતી નથી કે તે વાંચે છે. વાચક મનોમન વાંચે છે. તેથી મુખવાચનની માફક દૃષ્ટિ ધ્વનિ ફલક રચાતો નથી માટે વાચન અર્થગ્રહણમાં વિલંબ થતો નથી.

મૂકવાચનમાં વાચકની નજર મુદ્રિત સામગ્રી પર ઝડપથી ફરે છે, તેથી મુદ્રિત સંજ્ઞાઓ પણ ઝડપથી નજર સમક્ષ આવે છે. તેથી મૂકવાચનમાં મુખવાચન પદ્ધતિ એ વાચન કરતાં વાચકના અર્થગ્રહણ કરતાં વધુ થાય છે.

(2) **વાચન અર્થગ્રહણ :**

વાચન એ સહેતુક પ્રક્રિયા છે. વાચક દરરોજ સવારે સમાચારપત્ર વાંચે છે. સમાચાર વાચનનો હેતુ આસપાસ બનતા બનાવો વિશે જાણકારી પ્રાપ્ત કરવાનો છે. વિદ્યાર્થી કોઈ કાવ્યનું વાચન કરતો હોય, તો તે કવિનો ભાવ સમજવા પ્રયત્ન કરે છે. આમ, વાચક લખાણનો જે અર્થ કરવા પ્રયાસ કરે છે, તેને વાચન અર્થગ્રહણ કહેવાય છે.

વિદ્યાર્થીકાળમાં પાઠ્યપુસ્તક વાચનનો મુખ્ય હેતુ જ્ઞાનપ્રાપ્તિનો હોય છે.

(3) **જ્ઞાનાત્મક પ્રક્રિયા :**

વિદ્યાર્થી ભાષા, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન જેવાં પાઠ્યપુસ્તકોનું વાચન કરે છે તેની પાછળ જ્ઞાન પ્રાપ્ત કરવાનો હેતુ રહેલો છે. જ્ઞાન પ્રાપ્ત કરવું એટલે નવું જાણવું, સમજવું અને તેનું ચોક્કસ અર્થઘટન કરવું. પાઠ્યપુસ્તક વાચનનો મુખ્ય હેતુ આ જ્ઞાનપ્રાપ્તિનો છે. વિદ્યાર્થી નવી નવી બાબતો જાણે, આ બાબતોને સમજે, વ્યવહારમાં તે આ જ્ઞાનનો ઉપયોગ કરે. જ્ઞાનપ્રાપ્તિને કારણે તે સમસ્યાનો ઉકેલ મેળવે એ હેતુ તેની પાછળ રહેલો હોય છે. વિદ્યાર્થી અવસ્થા એ જ્ઞાનપ્રાપ્તિની અવસ્થા છે. સામાન્ય વાચક પણ જે સામગ્રી વાંચે તેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. ગુણવંતરાય આચાર્યની દરિયાઈ નવલકથાના વાચકને વહાણ સંબંધિત અને દરિયા સંબંધિત ઘણું જ્ઞાન મળે છે. આમ, પ્રત્યેક વાચન વાચકને નવી જાણકારી આપે છે. આમ, વાચન પ્રક્રિયા એ જ્ઞાનાત્મક પ્રક્રિયા છે.

(4) **અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા :**

જ્ઞાનાત્મક પ્રક્રિયાની ઉપર અથવા તેનાથી ચઢિયાતી પ્રક્રિયા છે. અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા એટલે પ્રાપ્ય જ્ઞાનના પોતાના અર્થ તારવવાની પ્રક્રિયા. વાચક પાસે ઘણાં પૂર્વાનુભવ હોય છે. આ પૂર્વાનુભવ મુજબ તે વાચન-સામગ્રીનું અર્થગ્રહણ કરે છે. દા.ત. શ્રીમદ્‌ભગવદ્‌ ગીતાનાં વિવિધ લેખકોએ કરેલાં ભાષ્ય ભિન્ન ભિન્ન છે. આમ એક જ ઘટનાના અનેક અર્થ કાઢી શકાય છે. આ અર્થ પૈકી દરેક અર્થ સાચા છે. ભલે તે ભિન્ન

હોય. અલબત્ત તેમાં ભાષ્યકારનું દૃષ્ટિબિંદુ અવશ્ય ભળે છે. આ પ્રક્રિયા અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા છે, જેમાં વાચક પોતાના પૂર્વાનુભવને આધારે વાચ્ય સામગ્રીનું અર્થઘટન કરે છે. ઘણાં કાવ્યનાં અર્થઘટનો, ફિલસૂફીની ઘટનાઓનાં અર્થઘટનો ભિન્ન હોય છે. આ અધિજ્ઞાનાત્મક પ્રક્રિયા છે. જે જ્ઞાનાત્મક પ્રક્રિયાથી ઉપરની પ્રક્રિયા છે.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ લખો.

(1) પુસ્તક તેના વાચક માટે લખાય છે – ઉક્તિનું અર્થઘટન કરો.

(2) પુસ્તક સંરચના પ્રક્રિયા વર્ણવો.

(3) પુસ્તક સંરચના અને અર્થગ્રહણનો સંબંધ સ્પષ્ટ કરો.

(4) વાચન અર્થગ્રહણમાં જ્ઞાનાત્મક પ્રક્રિયા સમજાવો.

(5) અધિજ્ઞાનાત્મક જ્ઞાન એટલે શું ?

■

પ્રકરણ. 5

ચિંતનાત્મક વિચાર

5.1 પ્રસ્તાવના

5.2 ચિંતનાત્મક શિક્ષણ વિભાવના

5.3 ચિંતનાત્મક વિચાર પ્રક્રિયાનાં સોપાનો

5.4 ચિંતનાત્મક વિચારની જરૂરિયાત / મહત્ત્વ

5.5 ચિંતનાત્મક વિચારનો શિક્ષણમાં વિનિયોગ

✿ સ્વાધ્યાય

5.1 પ્રસ્તાવના

ચિંતનાત્મક વિચાર એ ભારતીય સંસ્કૃતિનું પ્રાણતત્ત્વ છે. ઋગ્વેદ કાલીન સમયથી માનવ ચિંતનશીલ રહ્યો છે. ચિંતનશીલતાનો પાયો પ્રશ્નમાં રહેલો છે. 'દેવતાઓનો જન્મ સૃષ્ટિના સર્જન પછી થયો છે, તો આ સૃષ્ટિ કોણે રચી ? તે પૂર્વે કોણ હતું ?' આ પ્રશ્નના ઉત્તરમાં પરમ ચિંતનનો પ્રારંભ થયેલો છે. વેદાંત પરંપરા પછી પણ દર્શન પરંપરામાં પણ ચિંતનનું મહત્ત્વ દર્શાવાયું છે. માનવને વિચારતો કરવા જગદ્‌ગુરુ શંકરાચાર્યે પણ का ते कान्ता ? कस्ते पुत्रः ? कुतः समायातः તેવા પ્રશ્નો પૂછીને કહ્યું છે કે, त्वम् चिन्तम मनसि भ्रातः । (હે ભાઈ, તું મનથી ચિંતન કર.) આમ ભૌતિક જીવનનાં રહસ્યો પામવા માટે ચિંતનનો માર્ગ પસંદ કર. આમ ભૌતિક જીવનનાં રહસ્યો પામવા માટે ચિંતનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષામાં એક સુભાષિત છે, જે જીવનવ્યવહાર સાથે શિક્ષણ વ્યવહારને પણ એટલું જ સ્પર્શે છે.

"चिन्तनीया विपदाय् आदौ एव प्रतिक्रिया ।

न कि कूपरवननं युक्तं प्रदीप्ते वहिनना ग्राहे ।

અર્થાત્ એક ઘર અગ્નિથી સળગતું હોય ત્યારે કૂવો ખોદવો યોગ્ય નથી. આપત્તિઓની પ્રતિક્રિયા નિવારણનું પહેલેથી જ ચિંતન કરવું જોઈએ. અધ્યાપન અધ્યયનમાં પણ મનનમય ચિંતન અગત્યનો ભાગ ભજવે છે.

દરેક શિક્ષકને પોતાનું આગવું જીવનદર્શન હોય છે. તે મહદ્અંશે પોતાના જીવનદર્શન અનુસાર કાર્ય કરતો હોય છે. ચિંતનાત્મક શિક્ષણ શિક્ષકના પોતાના જીવનદર્શનનો સ્વીકાર કરે છે, પણ સાથો સાથ અધ્યાપન વ્યવહારોની એરણ પર જીવનદર્શનને ચકાસવાની પણ માંગ કરે છે. ચિંતનાત્મક શિક્ષણપ્રક્રિયામાં કાર્ય-વિષયક ચિંતન (Reflection on Action), કાર્ય દરમિયાન ચિંતન (Reflection in Action) અને કાર્ય માટે ચિંતન (Reflection for Action)નો સમાવેશ થાય છે.

ચિંતનાત્મક શિક્ષણ જે પદ્ધતિ અપનાવે છે તે ભારતીય તત્ત્વચિંતકો જે રીતે સત્યાન્વેષણ કરવા જે પદ્ધતિ અપનાવતા હતા તેને મળતી આવે છે. ઉપનિષદોમાં કહ્યું છે કે,

श्रवणं तु गुरोः पूर्वमननं तदनन्तरम् ।

निदिध्यासनमित्येत्पूर्णं बोधस्य कारणम् ।

આમ, અધ્યયન અને અધ્યાપનમાં ચિંતનાત્મક શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે.

5.2 ચિંતનાત્મક શિક્ષણ વિભાવના

સૃષ્ટિ પર મનુષ્યના આવિર્ભાવની સાથે સાથે ચિંતનનો આવિર્ભાવ થયો હશે. ચિંતનાત્મક શિક્ષણની પાયાની ઈંટ અંતઃસ્ફુરણા છે. અંતઃસ્ફૂરણાનો અર્થ વિચારની સમગ્ર પરિપાટીના સંદર્ભમાં સમજવાનો છે. ચિંતનાત્મક શિક્ષણનું મૂળ ગૃહીત "અનુભવ જ વસ્તુ માત્રની કસોટી છે. મનુષ્યના માનસિક અનુભવોમાં શ્રદ્ધા અને ચિંતનનો મૂળ આધાર છે. સમાજરચના પણ મનુષ્યના ચિંતનનો પરિપાક છે. સમાજની રચના માણસની વિચારણા પર આધારિત

છે. સમાજ પરિવર્તનશીલ છે, કારણ કે, મનુષ્યનું મનન–ચિંતન પણ પરિવર્તનશીલ છે. સમાજની રચના – પુનઃરચનોના પાયામાં મનુષ્યનું ચિંતન યા વિચાર રહેલો છે. હવે વિચાર એ શું છે, તે આપણે જોઈશું.

❑ વિચાર એટલે શું ? (What is Thinking ?)

મનોવિજ્ઞાન અનુસાર...

- વિચાર એ સમસ્યાના ઉકેલ માટેની સંશોધનાત્મક પ્રક્રિયા છે.
- વિચાર એ સૂક્ષ્મ, અદૃષ્ટ અને મનોમય વર્તન છે. વિચાર એક પ્રકારનું વર્તન છે. તેને કેટલાક (Line of Action) કાર્ય પ્રણાલી પણ કહે છે. આ વર્તન નરી આંખે જોઈ શકાતું નથી.
- વિચાર પ્રતીકાત્મક હોય છે. વિચારની પ્રક્રિયા દરમિયાન ભાષાનો તો ઉપયોગ થાય છે, પરંતુ ભાષા સિવાયના અન્ય પદાર્થોનાં પ્રતિમાનોનો પણ ઉપયોગ થતો હોય છે.
- વિચાર એ ઉચ્ચ કોટિનો મનોવ્યાપાર છે.

ભારતીય મનોવિજ્ઞાન અનુસાર, ચૈતન્ય એ અંતઃકરણનું એક સ્વરૂપ બુદ્ધિ છે. આ બંનેના સહયોગથી વિચારની પ્રક્રિયા નિષ્પન્ન થાય છે. ભારતીય મનોવિજ્ઞાનમાં વિચારનો ઉપયોગ એક અધ્યાત્મના સાધન તરીકે થયો છે.

વેદાન્ત અનુસાર, અધ્યાત્મનાં આ સાધનો એટલે શ્રવણ, મનન અને નિદિધ્યાસન છે. ઉપનિષદમાં કહ્યું છે,

'श्रवणं तु गुरोः पूर्वमननं तदनन्तरम् ।

निविध्यासनमित्येत्पूर्णं बोधस्य कारणम् ।

ગુરુનું પહેલાં શ્રવણ કર્યા પછી ત્યારબાદ મનન કરવું જોઈએ. મનન કર્યા બાદ નિર્દિધ્યાસનથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. આમ, શ્રવણ એટલે વેદાંતના તત્ત્વોનું ધારણ થાય તે રીતે ગુરુમુખે સાંભળવું.

- મનન એટલે શ્રવણ પર કરેલા વિચાર.
- નિર્દિધ્યાસન એટલે અનાત્મ વિચારનો ત્યાગ કરીને આત્મસાક્ષાત્કારમાં લીન થવું તે.

વિચાર દ્વારા વ્યક્તિને સ્વનિરીક્ષણ – સ્વાનુભૂતિનો સાક્ષાત્કાર.

વેદાંત માર્ગમાં વિચારનું પ્રારંભિક સ્વરૂપ વિચારણા (Thinking) છે. તે વિકસિત રૂપે મનમાં વિચારણા મટીને મનન કે ચિંતનનું સ્વરૂપ ધારણ કરે છે, જે આત્મ સાક્ષાત્કાર તરફ લઈ જાય છે.

❑ **ધ્યાન :**

મનનમય ચિંતનમાં ધ્યાન પણ અગત્યનો ભાગ ભજવે છે. આધુનિક મનોવિજ્ઞાન અનુસાર, અનેક ઉદ્દીપકોમાંથી મન જ્યારે એકાગ્ર થાય ત્યારે તે ઘટનાને ધ્યાન કહે છે. મનનમય ચિંતનમાં મન જ્યારે કોઈ બાબત પર એકાગ્ર થાય છે ત્યારે તે ધ્યાન બને છે. ભારતીય મનોવિજ્ઞાનમાં ધ્યાન એ ધારણાથી થાય છે એટલે કે જેનું શ્રવણ કર્યું છે તે તરફ પાછા ફરવાની વાત હતી. જહૉન ડ્યૂઈના મંતવ્ય પ્રમાણે, સમસ્યાના અનુભવમાંથી મનન યા ચિંતન જન્મે છે. આમ તો અધ્યેતાએ જે કંઈ વાંચ્યું હોય યા જેનું શ્રવણ કર્યું હોય તે સંગૃહિત સ્મૃતિરૂપે સંગ્રહાય છે ત્યારે સમસ્યા ઉદ્ભવે છે. અધ્યેતા શ્રવણ, વાચન, અવલોકન, સ્પર્શ વગેરેના ઇંદ્રિયાનુભવ દ્વારા જે પ્રાપ્ત કરે છે તે સ્મૃતિના પિંડ તરીકે મનમાં સંગૃહિત થાય છે. ત્યારબાદ મનમાં જે સમસ્યા ઉદ્ભવે છે, તેને ઉકેલવાની ગહન વિચારણા એટલે ચિંતન.

❑ **ચિંતનાત્મક વિચારનો અર્થ :**

ચિંતનાત્મક વિચાર એ વિવેચનાત્મક વિચાર અને અંતઃપ્રેરણાથી બનેલ નીપજ છે. (અર્થાત્)

ચિંતનાત્મક વિચાર = વિવેચનાત્મક વિચાર + અંતઃપ્રેરણા

જ્યાં,

વિવેચનાત્મક વિચાર એ....

➠ અનુભવ અંગેનું વિવેચનાત્મક ચિંતન

➠ વિકલ્પોમાંથી પસંદગી

અંતઃપ્રેરણા એ...

➠ અનુભવ ભૂત અને ભાવિ અમૂર્ત પ્રક્રિયા છે.

❑ **વ્યાખ્યાઓ :**

✿ "ચિંતનાત્મક શિક્ષણ એ અનુભવમાંથી શીખવાની પ્રક્રિયા છે. સફળતા કે નિષ્ફળતાના પૂર્વેનું પ્રથમ ચરણ એટલે ચિંતનાત્મક વિચાર."

– સ્કોન ડોનાલ્ડ

✿ "ચિંતનાત્મક વિચાર એ જેનો આધાર વૈજ્ઞાનિક તપાસ છે. તેવી વ્યવસ્થિત, સખત, શિસ્તબદ્ધ રીતે વિચારવાની પ્રક્રિયા છે. ચિંતનાત્મક વિચાર એ અર્થનિર્માણની પ્રક્રિયા છે. **– જહોન ડ્યૂઈ**

✿ "ચિંતનાત્મક વિચાર એટલે વર્ગવ્યવહાર વિશે શિક્ષકની સર્જનાત્મક, કલ્પનાત્મક અને એ જ સમયે સ્વ-વિવેચનાત્મક અભિગમ પ્રધાન વિચાર ક્ષમતા." **– લેસ્લે**

✿ "શૈક્ષણિક વ્યવહારોની અસરો અને શૈક્ષણિક સામગ્રી, બાબતો, શૈક્ષણિક પદ્ધતિઓ વગેરે વિષયક તાલીમબદ્ધ ગવેષણા-તપાસ એટલે ચિંતનાત્મક વિચાર-પ્રક્રિયા" **– નોર્ટન**

✿ "જ્ઞાનના કોઈપણ સ્વરૂપ અથવા માન્યતા-વિષયક સંકલ્પ સહિતનું કાળજીપૂર્વક કરેલું સક્રિય ચિંતન એટલે ચિંતનાત્મક કાર્ય."

– ગ્રેઈરનર અને લિસ્ટોન

✿ "અધ્યાપન અંગેની માન્યતાઓ, પૂર્વધારણાઓ, હેતુઓ, વિષય, પદ્ધતિ, પરિણામ અને સંદર્ભ વગેરેના ઔચિત્ય અંગે અધ્યાપન સ્તર સુધીની ચિંતન યાત્રા એ ચિંતનાત્મક અધ્યાપન." **– ભોગાયતા**

✿ "ચિંતનાત્મક શિક્ષણ એ શિક્ષક માટે અનુભવનો આયનો છે. શિક્ષક તેમાં પોતાના અનુભવ નિહાળી તે વિશે વિવેચનાત્મક દૃષ્ટિકોણથી મનન કરે છે. આને પરિણામે ચિંતનાત્મક શિક્ષણ શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટેનો પ્રેરણાસ્રોત બને છે. તો સામે પક્ષે ચિંતનાત્મક શિક્ષણને વ્યાવસાયિક વિકાસની નીપજ સાથે પણ સંબંધ છે.

❑ **આમ, ચિંતનાત્મક વિચાર એટલે....**

- ચિંતનાત્મક વિચાર વિચારોની કડીબદ્ધ શૃંખલા નથી. તેમાં વિચારોનાં પરિણામોનો સમાવેશ થાય છે.
- ચિંતનાત્મક વિચારોમાં વિચાર એકબીજામાંથી ઉદ્ભવીને એકબીજાના પૂરક બને છે.
- પ્રત્યેક વિચાર અંશ બીજા વિચાર અંશ પર જવાનું સોપાન હોય છે.
- ચિંતનાત્મક વિચારમાં સાંવેગિક નિષ્ઠા ઉપરાંત બૌદ્ધિક નિષ્ઠા પણ ભળેલી હોય છે.
- ચિંતનાત્મક વિચાર સંચય, અવરોધ, આશંકા, વ્યાકુળતા કે માનસિક વ્યગ્રતાની મનોભૂમિમાંથી જન્મે છે.
- એક કે વધુ દ્વિધાવાળી પરિસ્થિતિમાંથી ઉદ્ભવે છે.
- ચિંતનાત્મક વિચારની બે ખાસિયતો હોય છે.

  (1) પરિસ્થિતિનો સંચયાત્મક, ગૂંચવાડાભર્યો અને વિક્ષિપ્ત પ્રારંભ

  (2) તેનો સ્પષ્ટ, ચોક્કસ અને ગૂંચનો અંત

આ બન્નેમાંથી ચિંતનની પૂર્વાવસ્થા – જેમાં નિરાકરણીય સમસ્યા સન્મુખ હોય, જેનો ચિંતનાત્મક વિચારને આધારે ઉકેલ શોધવાનો હોય. બીજી પરિસ્થિતિ એટલે ચિંતનની ઉત્તરાવસ્થા. તેમાં સંશય ખતમ થઈ ગયો હોય છે અને તાણ દૂર થઈ ગઈ હોય છે

આમ, ચિંતનાત્મક વિચાર-પ્રક્રિયા ક્રમશઃ વિકસતી પ્રક્રિયા છે.

5.3 ચિંતનાત્મક વિચાર-પ્રક્રિયાનાં સોપાનો

❑ **ચિંતનાત્મક વિચાર-પ્રક્રિયાનાં સોપાનો નીચે મુજબ છે.**

(1) **સૂચન** : આ પ્રક્રિયામાં વ્યક્તિનું મન સંભવિત ઉકેલ શોધે છે. વ્યક્તિ સંશયગ્રસ્ત હોય છે, તેથી મન તેનો ઉકેલ શોધે છે. સમસ્યાના એકથી વધુ ઉકેલ જણાતા હોય છે, ત્યારે વ્યક્તિ સંશયગ્રસ્ત બને છે.

(2) **પ્રબુદ્ધિકરણ** : સમસ્યાના સ્વરૂપની સમજણ સ્પષ્ટ થતાં ઉકેલની દિશા અને સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. આ અવસ્થામાં સમસ્યાને લગતા વિવેચનાત્મક વિચાર કરવામાં આવે છે. વ્યક્તિ બુદ્ધિપૂર્વક તે ગ્રહણ કરે છે.

(3) **ઉત્કલ્પના સંરચના** : સમસ્યાનું સ્વરૂપ સ્પષ્ટ થયા પછી વ્યક્તિ સંભવિત ઉકેલો શોધે છે. આ સોપાને ચિંતનાત્મક વિચાર કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં અંતઃ પ્રેરણા કે અંતઃ સ્ફૂરણા ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સંભવિત ઉકેલોને પરિણામોની દૃષ્ટિએ વિચારવામાં આવે છે. આ તબક્કે સમસ્યા અને તેના ઉકેલને એકસૂત્રે બાંધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(4) **ઉકેલની તર્કનિષ્ઠ ચકાસણી** : સમસ્યાઉકેલ માટે આગળ રચવામાં આવેલી તમામ ઉત્કલ્પનાઓ આ તબક્કે તર્કનિષ્ઠ ચકાસણી કરવામાં આવે છે. સમસ્યા અને ઉકેલ વચ્ચેના તાર્કિક, મૂલ્યનિષ્ઠ સંબંધો તપાસી સર્વોત્તમ ઉકેલ પસંદ કરવામાં આવે છે.

(5) **ક્રિયાત્મક ઉકેલ** : આ તબક્કે ઉકેલની તર્કનિષ્ઠ ચકાસણી કરવામાં આવ્યા પછી તેને અમલમાં મૂકવામાં આવે છે. અહીં સમસ્યા ઉકેલનો પ્રયોગ હાથ ધરવામાં આવે છે. ઉકેલ સૈદ્ધાંતિક રીતે સાચો ઠરે છે કે નહિ, તેની ચકાસણી કરવામાં આવે છે.

5.4 ચિંતનાત્મક વિચારની જરૂરિયાત / મહત્ત્વ

એકવીસમી સદી એ સામાજિક પરિવર્તનની સદી છે. સામાજિક પરિવર્તનમાં શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે. સમાજનાં તમામ ક્ષેત્રોમાં જ્યારે પરિવર્તનો આવી રહ્યાં છે ત્યારે યુગપરિવર્તન સાથે શિક્ષણમાં પણ શીઘ્ર પરિવર્તનો આવકાર્ય છે. આથી ચિંતનાત્મક શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ છે.

(1) **અધ્યાપન પ્રક્રિયાની સંકુલતા** :

ચિંતનાત્મક શિક્ષણ શિક્ષકને શિક્ષણ પ્રક્રિયા, અધ્યાપન પ્રક્રિયા અંગે વિચારતાં, તેમાં પરિમાર્જન કરતાં શીખવે છે. ચિંતનાત્મક શિક્ષણ અધ્યાપન વિશે વિચારતાં શીખવે છે. અધ્યાપનની લાક્ષણિકતાઓ, અધ્યાપનની જરૂરિયાતો અને અધ્યાપન કૌશલ્યો અંગે શિક્ષકની સમજ વિકસાવવા

ચિંતનાત્મક શિક્ષણ જરૂરી છે, ઉપયોગી થાય છે. પોતાની અધ્યાપન ક્રિયાનું વિશ્લેષણ કરી અધ્યાપન પ્રક્રિયા અંગે યોગ્ય નિર્ણય કરવામાં ચિંતનાત્મક શિક્ષણ જરૂરી બને છે. ચિંતનાત્મક વિચારને પરિણામે શિક્ષક અધ્યયન–અધ્યાપન તરફ પ્રતિબદ્ધ બને છે. તે પોતાની રીતે અધ્યાપન મૉડેલ સ્વતંત્ર તરીકે સર્જી શકે છે.

(2) **અભ્યાસક્રમની દૃષ્ટિએ :**

ચિંતનાત્મક શિક્ષણ અભ્યાસક્રમ સંરચના અને અભ્યાસક્રમના ઉપયોજન બન્ને દૃષ્ટિએ જરૂરી બને છે. ચિંતનાત્મક વિચાર દ્વારા શિક્ષક અભ્યાસક્રમને સારી રીતે સમજી શકે છે. અભ્યાસક્રમ એ અધ્યેતાના ભાવિ વિકાસની બ્લ્યૂ પ્રિન્ટ છે. ચિંતનાત્મક શિક્ષણ એક એવો અભિગમ છે કે જે શિક્ષકને જે તે જરૂરી બાબત વિશે વિચારતાં, વિવેચનાત્મક વિચાર કરતાં અને મનનમય ચિંતનાત્મક વિચાર કરવા સજ્જ કરે છે.

(3) **શાળાની સુધારણા માટે :**

શાળા એક સામાજિક સંસ્થા છે. તે સમાજ તરફ સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. આથી શાળાની પરંપરાઓ, શાળાનાં મૂલ્યો, શાળાની સંસ્કૃતિ વગેરેમાં યોગ્ય પરિવર્તન માટે ચિંતનાત્મક શિક્ષણની આવશ્યકતા છે.

❁ **કોટકેમ્પના શબ્દોમાં,**

"Reflective Practice is a powerful approach to professional development. But it is much more. It is an integrated way of thinking and acting focussed on learning and behavioural change, it is individuals working of improve organisations through improving themselves."

આ ઉપરાંત –

- ચિંતનાત્મક શિક્ષણ શિક્ષકને પરંપરા અને આધુનિકતા વિશે સંતુલન સાધવા પ્રેરશે.
- શિક્ષક વર્ગખંડની અને શાળાની સમસ્યાઓને ચિંતનાત્મક વિચાર દ્વારા હલ કરી શકશે.

- ચિંતનાત્મક વિચારથી શિક્ષક સર્જનશીલ બનશે. શિક્ષક નવીનીકરણો, નૂતન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ વિશે વિચારતાં શીખશે.
- બહુસાંસ્કૃતિક સમાજમાં ચિંતનાત્મક વિચાર દ્વારા શિક્ષક બિનસાંપ્રદાયિકતા, ભાવાત્મક અને રાષ્ટ્રીય એકતા તેમજ આંતરરાષ્ટ્રીય સમજ માટેના શિક્ષણનો હિમાયતી બનશે.
- શિક્ષક અધ્યયનશીલ બનશે. અધ્યયનશીલ શિક્ષક અધ્યયનશીલ સમાજનું નિર્માણ કરવા પ્રેરાશે.
- શિક્ષક ચિંતનાત્મક વિચારથી વિવિધ અધ્યયન કૌશલ્યો આત્મજ્ઞાન કરવા પ્રેરાશે.
- ચિંતનાત્મક વિચારથી શિક્ષક પ્રૌદ્યોગિકી કૌશલ્યો જેવાં કે સંગણન(કમ્પ્યૂટર), ઇન્ટરનેટ વગેરે સાધનોના ઉપયોગનું કૌશલ્ય કેળવી શકશે.
- ચિંતનાત્મક વિચારથી શિક્ષક સમય વ્યવસ્થાપન, સંચાલન, સ્ત્રોત વ્યવસ્થાપન, આપત્તિ વ્યવસ્થાપન વગેરેમાં એક કુશળ સંચાલક, અધ્યયન અનુભવોનો કુશળ સંગઠક, જ્ઞાન કાર્યકર, સારો ટેક્નોક્રેટ બની શકશે.
- ચિંતનાત્મક વિચારથી શિક્ષક એવો સારો શિક્ષક બની શકશે અને શિક્ષકની વિવિધ પ્રકારની ભૂમિકા બજાવવા સક્ષમ બનશે.

5.5 ચિંતનાત્મક વિચારનો શિક્ષણમાં વિનિયોગ

ચિંતનાત્મક શિક્ષણ અભિગમ એટલે અધ્યાપન પ્રક્રિયા માટે વિચારણાને ઉત્તેજિત કરવાનો એક તર્કબદ્ધ વ્યૂહ છે. જે અધ્યાપન પહેલાં, અધ્યાપન દરમિયાન અને પછી શિક્ષક ચિંતન કરે છે, જે ચિંતનાત્મક અધ્યાપન કહેવાય છે. આમાં અધ્યાપનની માન્યતાઓ, પૂર્વધારણાઓ, હેતુઓ, ચિંતન કરવામાં આવે છે. આ ચિંતન સભાનતાપૂર્વકનું, ઇરાદાપૂર્વકનું, વ્યવસ્થિત અને તાર્કિકથી માંડીને નૈતિક એવા ચક્રમાં થાય છે.

શિક્ષક પોતાના અધ્યાપન અંગે પોતે જ નિર્ણય કરે, અભિપ્રાય આપે અને મૂલ્યાંકન કરે તે ચિંતનાત્મક શિક્ષણનો પાયો છે.

વર્ગખંડના અધ્યાપન પહેલાં, અધ્યાપન દરમિયાન અને પછી વિચારવું એ તેની આયોજન પ્રક્રિયાનો એક ભાગ છે. આ ત્રણે સ્તરે શિક્ષક દ્વારા ચિંતન કરવામાં આવે છે. સ્પષ્ટ રીતે ચિંતનાત્મક અધ્યાપન એ અધ્યાપન અંગેનું સતત અને સર્વાંગી મૂલ્યાંકન છે.

અધ્યાપન પહેલાં, દરમિયાન અને પછી વિચારવું એ તેની આયોજન પ્રક્રિયા સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. ચિંતનાત્મક અધ્યાપન એ અધ્યાપન વ્યવહારની સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયા છે. હવે ચિંતનાત્મક શિક્ષણ અભિગમનો વર્ગખંડમાં કઈ રીતે ઉપયોગ થાય છે, તે જોઈશું.

ચિંતનાત્મક અધ્યાપન એટલે અધ્યાપન વ્યવહારની સ્વમૂલ્યાંકન પ્રક્રિયા.

❑ **અધ્યાપન વ્યવહાર પહેલાં –**

અહીં શિક્ષક પોતાના અધ્યાપન અંગે પૂર્વવિચારણા કરે છે. તેમાં તે નીચેની બાબતો પર વિચારણા કરે છે.

(1) શું ભણાવવું ? (વિષયવસ્તુ)

- મારા વિદ્યાર્થીઓને શું શીખવવાનું છે ?
- શીખવવાના હેતુઓ શું છે ?
- તેનાથી વિદ્યાર્થીઓમાં કેવાં પરિવર્તનો આવશે ?
- વિષયવસ્તુના વ્યાપને હું કઈ રીતે સંકલિત કરીશ ?
- વિષયવસ્તુ અંગે વિદ્યાર્થીઓની આવશ્યકતા શું છે ?

(2) કઈ રીતે ભણાવવું ?

- મારા વિદ્યાર્થીઓ માટે કઈ પદ્ધતિઓ–પ્રયુક્તિઓ ઉપયોગી બનશે ?
- વિદ્યાર્થીઓની જૂથરચના હું કઈ રીતે કરીશ ?

(3) કઈ સાધનસામગ્રીની જરૂર પડશે ?

- કઈ કંઈ સાધન–સામગ્રી જે–તે વિષયવસ્તુ શીખવવા જરૂરી બનશે ?
- તેની રજૂઆત માટે કેટલો સમય ફાળવવો ?
- મારે તે અંગે કેટલી જગ્યા જોઈશે ?

(4) વર્ગકાર્યની શરૂઆત

- કયા પૂર્વજ્ઞાનથી વિદ્યાર્થીઓને હું વિષયાભિમુખ કરીશ ?
- વિદ્યાર્થીઓ પાસે કયું અપેક્ષિત પૂર્વજ્ઞાન હોવું જોઈએ ?

❑ **અધ્યાપન વ્યવહાર દરમિયાન :**

અધ્યાપન વ્યવહાર દરમિયાનની પરિસ્થિતિને Reflection on Action કહેવામાં આવે છે. **તેમાં શિક્ષક નીચેની બાબતો અંગે ચિંતન–વિચારણા કરશે.**

- હું વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો ઉપયોગ તેમની રસવૃદ્ધિ અને તેમના ધ્યાનાકર્ષણ માટે કરું છું ?
- હું આ પાઠ સારી રીતે પ્રસ્તુત કરી રહ્યો છું ?
  - શું હું વિદ્યાર્થીઓને યોગ્ય રીતે પ્રતિપોષણ પૂરું પાડી રહ્યો છું ?
  - શું હું મારા વિદ્યાર્થીઓને મુક્ત (open ended) અને વિશ્લેષણાત્મક પ્રશ્નો પૂછી રહ્યો છું ?
  - મારા વિદ્યાર્થીઓ અભ્યાસમાં સક્રિય છે ?
- શું હું મારા વિદ્યાર્થીઓની તાત્કાલિક આવશ્યકતાઓને પોષણ આપી રહ્યો છું ?
- શું હું નૂતન સંકલ્પનાઓ અને માહિતીઓને રજૂ કરી રહ્યો છું ?
- વર્ગમાં રજૂ થતી સમસ્યાઓ ઉકેલવા વિદ્યાર્થીઓને પ્રેરણા અને પડકાર પૂરા પાડી રહ્યો છું ?

➠ વિદ્યાર્થીઓ સાધનો સાથે પોતાનું કાર્ય કરે તે અંગે તકો નિર્માણ કરું છું ?

❑ **અધ્યાપન વ્યવહાર પછી :**

અધ્યાપન પછી શિક્ષક કાર્ય વિષયક વિચારણા (Reflection on Action) કરે છે. તેમાં શિક્ષક પોતે પોતાની જાતની જાત તપાસ કરે છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) **જાત તપાસ અંગે :**

➠ શિક્ષક તરીકે મને શું શીખવા મળ્યું ?

➠ મેં મારા પાઠના હેતુઓ સિદ્ધ કર્યા ?

➠ કઈ બાબત અંગે વિદ્યાર્થીઓએ યોગ્ય ઉત્તર આપ્યો ?

➠ પાઠ દરમિયાન કેવાં પરિવર્તનો જરૂરી બન્યાં ?

➠ શું હું પાઠમાં ઇચ્છિત પરિવર્તનો લાવી શક્યો ?

➠ મને આ પાઠ આપવાની બીજી તક મળે તો હું પાઠ સુધારી શકું ?

(2) **વિદ્યાર્થીઓની સફળતાનું મૂલ્યાંકન :**

સફળતાનું મૂલ્યાંકન કઈ રીતે કર્યું ?

(1) કસોટી દ્વારા (2) કામના નમૂના દ્વારા (3) વર્ગ નિરીક્ષણ દ્વારા (4) કાર્યપૂર્તિ દ્વારા (5) સાથી મિત્રો દ્વારા

(3) **સ્વાધ્યાય :**

(1) એકમને અનુરૂપ (2) અભ્યાસપ્રેરક (3) ક્રિયાત્મક કે સંશોધનાત્મક (4) પાઠ્યપુસ્તક આધારિત

આમ, શિક્ષક મનનમય ચિંતનનો પોતાના શિક્ષણમાં સ્વમૂલ્યાંકન કરીને ઉપયોગ કરી શકે છે.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો.

(1) ચિંતનાત્મક શિક્ષણ એટલે શું ? મનનમય ચિંતનની વિભાવના સમજાવો.

(2) વિચાર એટલે શું ? વિચારની સંકલ્પના સમજાવો.

પ્ર.–2 નીચેના પ્રશ્નોના આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો.

(1) ચિંતનાત્મક શિક્ષણ એટલે શું ? મનનમય ચિંતનમાં ધ્યાન શો ભાગ ભજવે છે ?

(2) ચિંતનાત્મક શિક્ષણપ્રક્રિયાનાં સોપાનો જણાવો.

(3) ચિંતનાત્મક શિક્ષણનો શિક્ષક શિક્ષણમાં ક્યારે અને કેવી રીતે વિનિયોગ કરે છે ?

(4) ચિંતનાત્મક શિક્ષણના શિક્ષણમાં જરૂરિયાત અથવા મહત્ત્વ દર્શાવો.

(5) મનનમય વિચારક્ષમતા વિકસાવવા તમે શું કરશો ?

■

પ્રકરણ. 6

વાચન પ્રતિબિંબ (ચિંતનાત્મક વાચન)

6.1 પ્રસ્તાવના

6.2 વાચન પ્રતિબિંબની દિશાઓ

6.2.1 પૂર્વાલોકન

6.2.2 સંદર્ભીકરણ

6.2.3 સમજ અર્થે પ્રશ્નો, સ્મરણ અર્થે પ્રશ્નો

6.3 પાઠ્યસામગ્રીના પડકારો અને વાચક

6.3.1 વાચકની માન્યતાઓ વિરુદ્ધ લેખકની માન્યતાઓ

6.3.2 વાચકનાં મૂલ્યો વિરુદ્ધ લેખકનાં મૂલ્યો

6.4 વાચક દ્વારા પાઠ્યસામગ્રીનું વિવેચન

✿ સ્વાધ્યાય

6.1 પ્રસ્તાવના

આજના યુગમાં વાચન અનિવાર્ય છે એને લક્ષ્યાંક રાખી પુસ્તક લેખન અને પુસ્તક પ્રકાશનો થાય છે. રોજનાં સેંકડો પુસ્તકો બહાર પડે છે. તે પૈકીનાં કેટલાંક બિનઉપયોગી પુરવાર થાય છે, કેટલાક વંચાય છે ને કેટલાક લાંબા સમય સુધી વંચાતા રહે છે. વાચકને પોતાની માન્યતાઓ હોય છે. એ માન્યતાઓની નજરે લેખકના પ્રતિપાદનોને મૂલવે છે. એ આખીય પ્રક્રિયા છે "રિફલેક્શન ઓન રીડિંગ" કહેવાય છે. વાંચન સામગ્રી અંગે ચિંતન, વાંચન સામગ્રી ઉપર ચિંતન અને વાચન સામગ્રીનું ચિંતન અહીં તેને માટે વાચન પ્રતિબિંબ શબ્દ વાપર્યો છે.

6.2 વાચન પ્રતિબિંબની દિશાઓ

વાચન એ બહુકોણીય અરીસો છે અને વાચક તેમાં વિવિધ ખૂણેથી પોતાનું પ્રતિબિંબ જુએ છે. વાચક પોતાના વિચારો, માન્યતાઓ અને લાગણીઓ સાથે પુસ્તકમાં રજૂ થયેલ વિગતો મૂલવે છે.

6.2.1 પૂર્વાવલોકન

પૂર્વાવલોકન એટલે પૂર્વનું અવલોકન. પૂર્વ એટલે પહેલાનું, અવલોકન એટલે જોવું. વાચક પાઠ્યસામગ્રી વાંચવાની શરૂઆત કરે છે. ત્યારે અનાયાસ તેના પૂર્વાનુભવ સાથે તેને સરખાવે છે. પાઠ્યસામગ્રીમાં રજૂ થયેલ સામગ્રીને લગતા પૂર્વાનુભવ યાદ કરે છે. આ બાબતને પૂર્વાલોકન કહેવાય. એથી બે ફાયદા છે : એક તો પાઠ્યસામગ્રીમાં રજૂ થયેલા વસ્તુ વિશેનો વાચકનો દૃષ્ટિકોણ વ્યાપક બને છે. બીજું પાઠ્યસામગ્રીના અર્થગ્રહણમાં સહાયતા મળે છે. પૂર્વાલોકન એ સહજ થતી પ્રક્રિયા છે. પૂર્વાવલોકન એ વાચકલક્ષી પ્રક્રિયા છે.

6.2.2 સંદર્ભીકરણ

પાઠ્યસામગ્રીમાં પ્રસ્તુત તર્કો, મુદ્દાઓ વગેરેને સમજવા વાચક તેના પર સન્દર્ભીકરણ પ્રક્રિયા કરે છે. તે ચોક્કસ સંદર્ભમાં પાઠ્યસામગ્રીને વાંચે છે. આમેય તે પાઠ્યવસ્તુનું અર્થગ્રહણ કરવા સાંદર્ભિક ચિંતન જરૂરી હોય છે.

ભાષા વિજ્ઞાનીઓ તો કહે છે. વર્ણને કોઈ અર્થ હોતો નથી. પરંતુ તે શબ્દમાં પ્રયોજાય છે, ત્યારે તે વિવિધ સંદર્ભો ઊભા કરે છે. તેને પરિણામે તે અર્થવાન બને છે. અર્થગ્રહણમાં સાંદર્ભિક ચિંતન અગત્યનું છે.

6.2.3 પ્રશ્નોની સમજ અને યાદ રાખવા માટેની જરૂરિયાત

વાંચતાં વાંચતાં વાચંન વસ્તુ અંગે પ્રશ્નો ઊભા કરવાનું વાચકનું વલણ હોય છે. તેના દ્વારા તે વાચ્ય સામગ્રીને સમજવા કોશિશ કરે છે. વિષયવસ્તુ વાંચતાં વાંચતાં વાચક પ્રશ્નો ઊભા કરે છે અને તેના ઉત્તરો મેળવવા તે વાંચનવસ્તુનું વાંચન કરે છે.

આ એક માનસિક પ્રક્રિયા છે. પ્રશ્ન થકી અર્થગ્રહણ વધે છે. અર્થગ્રહણ અને સ્મરણને લોહીની સગાઈ છે. જે બાબત બરોબર સમજાઈ ગઈ હોય, તે લાંબા સમય સુધી યાદ પણ રહે છે.

એટલે વાચકના પ્રશ્ન જેમ અર્થગ્રહણ વધારવામાં ભૂમિકા ભજવે છે તેમ વાચકના પ્રશ્નો સ્મૃતિને પણ વધારવામાં ભાગ ભજવે છે. વાચન-વસ્તુ લાંબા સમય સુધી યાદ રાખવામાં પ્રશ્નો મદદરૂપ થાય છે, તેથી વાચન-વસ્તુને લઈને વાચકના મનમાં ઊઠતા પ્રશ્નો સાચા અર્થમાં વાચકને ઉપયોગી છે.

6.3 પાઠ્યસામગ્રીના પડકારો અને વાચક

પાઠ્યસામગ્રી વાચક જ્યારે હાથમાં લે છે ત્યારે તે ખુદ જ વાચક માટે પડકારરૂપ હોય છે. પાઠ્યસામગ્રી વિશે તેના મનમાં આશંકાઓ હોય છે, તેથી તે પડકારરૂપ બને છે. પરંતુ વાચકની માનસિક શક્તિઓ, અધિજ્ઞાનાત્મક શક્તિઓ, ભાષાકીય શક્તિઓ આ પડકારોને હળવા બનાવી દે છે ને વાચક પાઠ્યસામગ્રીના વાચનમાં આગળ ધપે છે. હવે નવા પડકારો વાચક સમક્ષ આવે છે. આ પડકારો લેખકના પ્રતિપાદનો અને વાચકની માન્યતાઓ તથા મૂલ્યાભિમુખતાને વચ્ચેના ઘર્ષણથી જન્મે છે.

6.3.1 વાચકની માન્યતાઓ વિરુદ્ધ લેખકની માન્યતાઓ

અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ વાચક વિચારશીલ છે. તે જગતને પોતાની નજરે જુએ છે, સમજે છે. તે અન્યોની દૃષ્ટિ વિશે પણ વિચારે છે અને જરૂર જણાય ત્યારે તેને સ્વીકારે છે. પરિણામે તેના મસ્તિષ્કમાં કેટલીક માન્યતાઓ બંધાતી જતી હોય છે. જીવનમાં માન્યતા (Belief)નું અનેરું મહત્ત્વ છે. પછીથી તે જીવનના મોટાભાગના અનુભવોને પોતાની માન્યતાના ત્રાજવે તોળે છે, પછી નિર્ણયો કરે છે.

હવે વાત આવે છે, પાઠ્યસામગ્રીની. લેખક લેખન સહેતુક કરે છે, તથા એ હેતુના સમર્થનમાં કેટલુંક પ્રતિપાદન કરે છે. હેતુની વિરુદ્ધના તર્કોનું ખંડન કરે છે. આ પ્રકારનું ખંડન – મંડન પણ લેખક પોતાની માન્યતા અનુસાર જ કરતો હોય છે. હવે વાચક જ્યારે એ તબક્કે પહોંચે છે, ત્યારે કેટલીક વખત લેખકના પ્રતિપાદનો અને વાચકની માન્યતામાં તફાવત સર્જાય છે. ત્યારે વાચકના ચિત્તમાં સંઘર્ષ સર્જાય છે. સંઘર્ષ તેને માટે પડકારરૂપ બને છે. લેખકનું પ્રતિપાદન સ્વીકારવું કે નહિ. આમ તે અવઢવમાં પડે છે. આમ વાચક દ્વિધાની સ્થિતિમાં મૂકાય. ત્યારે થતું ચિંતન એ પડકારો ઉપરનું પ્રતિબિંબ છે. આ પ્રતિબિંબ વિવેચનાત્મક ચિંતનનું રૂપ ધારણ કરે છે.

6.3.2 વાચકનાં મૂલ્યો વિરૂદ્ધ લેખકનાં મૂલ્યો

મૂલ્ય એ જ્ઞાનાત્મક કરતાં ભાવાત્મક બાબત વધુ છે. માન્યતા તો જ્ઞાનના પાયા ઉપર રચાયેલી ઇમારત છે. તેથી તેનો સંઘર્ષ જ્ઞાનના કુરુક્ષેત્ર પર ખેલાય છે. જ્યારે મૂલ્ય તો ભાવના – લાગણી – ઇરણ વગેરેના પાયા ઉપર રચાયેલ ઇમારત છે. ભાવના, લાગણી વગેરે હાર્દિક પ્રવૃત્તિ છે. તેથી મૂલ્ય સંઘર્ષ તો ભાવના અને લાગણીની રણભૂમિ પર થતો સંઘર્ષ છે.

હવે જ્યારે વાચક પાઠ્યસામગ્રીના એવા તબક્કે પહોંચે છે કે જ્યારે લેખકની મૂલ્યનિષ્ઠા વાચકની મૂલ્યનિષ્ઠાથી જુદી પડે છે. આ સંઘર્ષ પડકાર બને છે.

આમ તો આ પડકારો જ પાઠ્યસામગ્રીને રસિક બનાવે છે. આ પડકારો વાચકના ચિંતનને દિશા બક્ષે છે.

6.4 વાચક દ્વારા પાઠ્યસામગ્રીનું વિવેચન

આગળ દર્શાવેલ વાચક સમક્ષના પડકારો વાચકને પાઠ્યસામગ્રીનું વિવેચન કરવા પ્રેરે છે. તેથી તે પાઠ્યસામગ્રીનું વિવેચન કરી મૂલ્યાંકન કરે છે. આ પ્રક્રિયા ત્રણ સોપાને પૂર્ણ થાય છે. **એ સોપાનો આ મુજબ છે.**

(1) સંકલન

(2) પ્રતિપાદનો વિરુદ્ધ દલીલો

(3) પ્રતિપાદનોની તુલના અને તફાવત

આ ત્રણેય સોપાનોને ચિંતનાત્મક વિચાર સ્તર સૂચવે છે. તે આ મુજબ છે.

(1) યાંત્રિકી ચિંતન

(2) સાંદર્ભિક ચિંતન

(3) તાર્કિક ચિંતન

પાઠ્યસામગ્રીનું સંકલન એ યાંત્રિકી ચિંતન આધારિત થાય છે. પાઠ્યસામગ્રીમાં લેખકના વિચારો, અનુભવો અને દૃષ્ટિકોણ જુદી જુદી જગ્યાએ વ્યક્ત થયા હોય છે. ત્યારે વાચકે પાઠ્યસામગ્રીમાં વ્યક્ત વિચારનાં મૂળતંતુને પકડી તેને આધારે પાઠ્યસામગ્રીનું સંકલન કરવાનું હોય છે. આ માટે વાચકે પાઠ્યસામગ્રીનું એકથી વધુ વખત વાંચન કરવું પડે, સાથોસાથ મુદ્દા નોંધવા જોઈએ, વિચારને સમર્થન કરતી દલીલો તારવવી જોઈએ. ત્યાર બાદ આ બધાને એવી રીતે સંયોજવા જોઈએ કે જેથી મૂળ પાઠ્યસામગ્રીનું સંપૂર્ણ ચિત્ર ઉપસી આવે. આ હેતુસર વાચકે સામગ્રી વિશે તાંત્રિક ચિંતન કરવું જોઈએ. તાંત્રિક ચિંતન એટલે પાઠ્યસામગ્રીમાં રહેલા મૂળ તત્ત્વો તારવવાં, તેમની વચ્ચે સેતુ સ્થાપવો તથા તેને સંબંધિત તર્કોને સાંકળવી જોઈએ. પાઠ્યસામગ્રીના વિવેચનનું આ પ્રથમ સોપાન છે. તેમાં વિવેચનાત્મક વિચારની જરૂર નથી. પરંતુ શક્ય તેટલા વધુ પાઠ્ય તત્ત્વો તારવવાનાં હોય છે. આ આખીય પ્રક્રિયા માટે વાચકે પાઠ્યસામગ્રીને વફાદાર રહેવાનું હોય છે. અહીં વાચકે પોતાની માન્યતા કે મૂલ્યાભિમુખતાને વચ્ચે લાવવાની નથી હોતી.

પરંતુ પાઠ્યસામગ્રીના વિવેચનનાં બીજા સોપાનો એટલે કે લેખકના પ્રતિપાદન વિરુદ્ધ તર્કો રજૂ કરવાના સમયે વિવેચનાત્મક વિચાર અને સાન્દર્ભિક ચિંતનનો ઉપયોગ વધે છે. લેખકે જે પ્રતિપાદનો કર્યા છે તેને વાચક પોતાની માન્યતા કે મૂલ્યાભિમુખતાની ભૂમિકાને એ પડકારે છે. લેખક દ્વારા પ્રતિપાદનો વિરુદ્ધ તર્કો વિચારે છે, દલીલો વિચારે છે. આ રીતે પાઠ્યસામગ્રીનું વિશ્લેષણ કરે છે. પાઠ્યસામગ્રીનું પોસ્ટમોર્ટમ થાય છે, એમ કહેવાય. પાઠ્યસામગ્રીમાંથી જ પ્રતિપાદન વિરુદ્ધના તર્કો શોધવા તે પ્રયાસ કરે છે. બાકી પોતાની માન્યતાઓ અને મૂલ્યનિષ્ઠાનો આધાર લઈ પ્રતિપાદન વિરુદ્ધની દલીલો ઊભી કરે છે.

હવે પાઠ્યસામગ્રી વિશે તાર્કિક ચિંતન શરૂ થાય છે. તેથી લેખક દ્વારા થયેલ પ્રતિપાદનોની અન્ય લેખકોના આ જ વિષયના પ્રતિપાદનો સાથે તુલના – કરવા લાગે છે. ત્યારે સરખામણી અને તફાવત પ્રયુક્તિઓ ખપમાં આવે છે. આ દૃષ્ટિએ પાઠ્યસામગ્રીનું મૂલ્યાંકન થતું હોય છે.

આ પાઠ્યસામગ્રીના વિવેચનનું અંતિમ અને ઉચ્ચસ્તરીય સોપાન છે. હવે પાઠ્યસામગ્રીમાં રહેલા પ્રતિપાદ્યો, તેના સમર્થનના તર્કો અને તેમાં રહેલા તફાવતો તારવવાનું કામ વાચક કરે છે. આ રીતે પાઠ્યસામગ્રીનું વિવેચન કરવામાં આવે છે.

આમ તો આ પાઠ્યસામગ્રીને આત્મસાત્ કરવાની પ્રક્રિયા છે. પાઠ્યસામગ્રીના અર્થગ્રહણને તબક્કે આ સ્થિતિ સર્જાતી હોય છે.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ લખો :

(1) વાચન પ્રતિબિંબ એટલે શું ?

(2) વાચન પ્રતિબિંબની દિશાઓ વર્ણવો.

(3) પાઠ્યસામગ્રી અને વાચકના પડકારો સમજાવો.

(4) પાઠ્યસામગ્રી વિવેચનની પ્રક્રિયા સમજાવો.

■

પ્રકરણ. 7

વાચન અને લેખન

7.1 પ્રસ્તાવના

7.2 વાચન અને લેખનનું સંયોજન

7.3 શ્રોતાઓ અને પ્રયોજન સાથેના અર્થમાં લેખન

7.4 અન્યના વિચારોના સંદર્ભમાં લેખન

✿ સ્વાધ્યાય

7.1 પ્રસ્તાવના

વાચન એ ભાષાકીય કાર્ય છે. ભાષા એ વિચાર-વિનિમયનું સર્વોત્તમ સાધન છે. ભાષા દ્વારા મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, જ્ઞાનનો સંગ્રહ કરી શકે છે, અને જ્ઞાનનું વિતરણ કરી શકે છે. ભાષા દ્વારા વિચાર વિનિમય બે રીતે થઈ શકે છે.



વાચન, લેખન બન્ને ભાષાકીય કાર્યો છે. તેથી બન્નેનું ગોત્ર એક છે. તેને આધારે કહી શકાય કે, બન્ને પરસ્પરને અસર કરે છે. બન્ને પરસ્પરને પૂરક છે જે સારો વાચક છે તેની લેખિત અભિવ્યક્તિ પણ સારી હશે ને જે નબળો વાચક છે તેની લેખિત અભિવ્યક્તિ નબળી હશે. લેખિત અભિવ્યક્તિ માટે વાચન ઊર્જારૂપ સાબિત થાય છે. લેખિત અભિવ્યક્તિનો એક સામાન્ય ઉદ્દેશ અધ્યેતા પોતાના વિચારોને સ્પષ્ટ રીતે લખતાં શીખે એ છે. પરંતુ વિચારો કે જેની અધ્યેતાએ લેખિત અભિવ્યક્તિ કરવાની છે, તે માટે વાચન જોઈએ.

વાચન એ વિચારને સમૃદ્ધ કરનાર પ્રક્રિયા છે. તેથી વાચન એ લેખિત અભિવ્યક્તિની પૂર્વશરત છે. અલબત્ત, આ જગતમાં અભણ લોકોએ પણ ઉત્તમ લખ્યું છે પરંતુ તે અપવાદરૂપ છે. બાકી મોટાભાગની લેખિત અભિવ્યક્તિ વાચનના ખભે ચડીને જ થઈ છે. લાલિત્યપૂર્ણ લેખન માટે લાલિત્યપૂર્ણ વાચન સામગ્રીનું અનુશીલન જરૂરી હોય છે. વાંચતાં વાંચતાં અધ્યેતાનું શબ્દભંડોળ વધે છે તેથી તેના લેખનમાં પણ નવીન શબ્દોનો સમાવેશ થાય છે, પરિણામે લેખન આકર્ષક બને છે. ટૂંકમાં, વાચન અને લેખન બન્ને જોડિયા ભાઈઓ છે.

7.2 વાચન અને લેખનનું સંયોજન

એક ઉત્સાહી શિક્ષકે પોતાના વર્ગખંડમાં લેખન સુધારણા માટે પ્રયોગ કર્યો. વર્ગના બે સમકક્ષા જૂથ પાડ્યા પછી એક જૂથને નિબંધ લખવા કહ્યું. પરંતુ એ પહેલાં નિબંધ અંગે મૌખિક ચર્ચા કરી. બીજા જૂથને પણ એ જ વિષયનો નિબંધ લખવાનો હતો. પરંતુ શિક્ષકે ત્યાં એ વિષય વિશે કોઈ જ મૌખિક ચર્ચા ન કરી. બન્ને જૂથે નિબંધો લખી લીધા પછી નિબંધની તપાસણી કરી તો તારણ મળ્યું કે જે જૂથ સાથે નિબંધના વિષયવસ્તુની ચર્ચા થઈ હતી તેમના નિબંધો બીજા જૂથના નિબંધો કરતાં સારા હતા. એ ઉપરથી તારવ્યું કે, નિબંધ લેખન અગાઉ નિબંધના વિષયવસ્તુની ચર્ચા કરવાથી ફાયદો થાય છે.

એ શિક્ષકે બીજો પ્રયોગ કર્યો. એક જૂથ સાથે નિબંધ લખ્યા પહેલાં વિષયવસ્તુની મૌખિક ચર્ચા કરી બીજા જૂથને લખવાના નિબંધના વિષયના બે થી ત્રણ નિબંધ વાંચવા આપ્યા, પરંતુ એ અંગે પરવર્તી કોઈપણ પ્રકારની મૌખિક ચર્ચા કરી નહીં. પછી બન્ને જૂથને નિબંધ લખવાની સૂચના આપી. નિબંધો લખાયા, તપાસતાં એવું જણાયું કે જે જૂથ સાથે નિબંધના વિષયવસ્તુની ચર્ચા નહોતી કરી, પરંતુ તેમને નિબંધ વાંચવા આપ્યા હતા તેમના નિબંધો અન્ય જૂથના નિબંધો કરતાં વધુ સારા હતા. જૂથના નિબંધો વધુ સારા થવાનાં કારણો શોધવામાં રસ પડ્યો. તેણે પ્રશ્ન કર્યો, 'શું નિબંધોએ અસર કરી ? તો એ અસર ક્યાં ક્યાં થઈ ?'

નિબંધ વાચનાર જૂથના નિબંધો અન્ય કરતાં વધુ સારા હતા તેથી એટલું તો સ્પષ્ટ થઈ ગયું કે, નિબંધ લેખન પર નિબંધોના વાચને હકારાત્મક અસર કરી. હવે એ અસરો ક્યાં ક્યાં થઈ, એ જાણવા તેમણે ફરીથી નિબંધોનું વાચન શરૂ કર્યું, તો નીચેની બાબતો જણાઈ.

(1) **નૂતન શબ્દપ્રયોગ પ્રતિમાન :**

મૉડેલ નિબંધોના વાચનથી અધ્યેતાના નિબંધોમાં નવા નવા શબ્દોનો ઉપયોગ જોવા મળ્યો હતો. આ શબ્દ નિબંધના વિષયને વધુ સ્પષ્ટ અને આકર્ષક બનાવતા હતા. શિક્ષકને ખ્યાલ આવી ગયો કે આ નિબંધો વધુ સારા લાગવાનું કારણ નૂતન અને અનુરૂપ શબ્દનો ઉપયોગ હતું.

(2) **વાક્યાવલિમાં વૈવિધ્ય :**

લેખનમાં વાક્યાવલિનું સ્થાન અગત્યનું છે કારણ કે વાક્ય જ અર્થનો, ભાવનો, વિચારનો વાહક છે. મૉડેલ નિબંધોના વાચનથી અધ્યેતાઓને નમૂનારૂપ વાક્યાવલિઓનો પરિચય થયેલો. તેમણે પરિચયનો લાભ પોતાના નિબંધ લેખનમાં લીધો પરિણામે તેમની વાક્યાવલિઓ વૈવિધ્યપૂર્ણ બની. આ કારણે પણ આ નિબંધો સારા જણાયા હતા.

(3) **વિષય અંગેના દૃષ્ટિકોણમાં વ્યાપકતા :**

નિબંધો વાંચવાને કારણે આપેલ વિષયને સમજવાના દૃષ્ટિકોણમાં વ્યાપકતા આવેલી. એ નિબંધો તો અનુભવી લેખકોએ લખેલા હતા, તેથી તેમનામાં વિષયનું ઊંડાણ હતું. આમ નિબંધ વાંચવાને કારણે અધ્યેતાઓના વિષય અંગેના વિચારોમાં ઊંડાણ આવી શક્યું.

(4) **લાલિત્યસભરતા :**

નિબંધની ભાષા, શૈલી અને વસ્તુ વિચાર લાલિત્યપૂર્ણ હોય તો જ તે નિબંધ રસમય બની શકે. નિબંધ વાંચનાર અધ્યેતાઓની નિબંધલેખન શૈલી પર પણ નિબંધની શૈલીનો પ્રભાવ દેખાતો હતો. ભાષા તથા વસ્તુ વિચાર પર પણ નિબંધનો પ્રભાવ દેખાતો હતો.

આમ જે પરિણામો–તારણો મળ્યાં તે પરથી તેમણે તારવ્યું કે, વાચન અને લેખન પરસ્પર સંયોજિત પ્રક્રિયા છે, એકબીજાને પૂરક છે. વાચન અને લેખન લગોલગ ચાલતી પ્રક્રિયા છે.

7.3 શ્રોતાઓ અને પ્રયોજન સાથેના અર્થમાં લેખન

વાચનનો સંબંધ શ્રોતાઓ સાથે છે ને લેખનનો સંબંધ વાચકો સાથે છે. પરંતુ બન્નેનો સંબંધ પ્રયોજન (Sense of Purpose) સાથે છે. તેથી પ્રયોજન અનુસાર લેખન સ્વરૂપ, લેખન ભાષા અને લેખન વિષય બદલે છે. પરિણામે વાચક માટે પાઠ્યસામગ્રી પણ બદલે છે. તેથી કરીને વાચકે પોતાની સજ્જતા પણ વધારવી પડે છે. મનોરંજનના હેતુસર લેખાયેલી લેખનસામગ્રીના વાચનના શ્રોતા સામાન્ય વાચક હોઈ શકે, પરંતુ ન્યાયના હેતુસર ન્યાયાધીશે લખેલ ચુકાદો એ સામાન્ય વાચક માટેની પાઠ્યસામગ્રી નથી. તે તો અમુક ખાસ વાચક માટે જ હોય છે. તેથી તેનું લેખન સ્વરૂપ, લેખનશૈલી અને લેખનભાષા પણ જુદા પ્રકારની હોય. તેને વાંચવા અને સમજવા માટે જે-તે વાચકે વાચનની એ મુજબની સજ્જતા કેળવવી પડે.

7.4 અન્યના વિચારોના સંદર્ભમાં લેખન

લખવું એ વિચારવા જેવી સહજ, સ્વાભાવિક અને સ્વયંભૂ પ્રક્રિયા નથી બલકે લેખન એ સાયાસ, વિચારપૂર્વકની પ્રક્રિયા છે. એ માટે લેખકની સાંવેદનિક સ્મૃતિ, લેખકની બૌદ્ધિક ક્ષમતા, લેખકની વૈચારિક ક્ષમતા–એમાંય ખાસ કરીને સર્જનાત્મક વિચાર ક્ષમતા, ભાષાનિપુણતા, વગેરેની અપેક્ષા રહે છે. આમ લેખન એ અભિવ્યત્યાત્મક–ભાવ પ્રકાશન અંગેનું કૌશલ છે. લેખનના મુખ્યત્વે બે પ્રકાર છે.



અહીં અન્યના વિચારોના સંદર્ભમાં લેખનનો વિચાર કરવાનો છે તેથી તે વિવેચનાત્મક લેખન પ્રકારનું લેખન ગણાશે. અહીં અન્યના વિચારને પ્રથમ રજૂ કરશે. પછી તેમાં ઊંડા ઊતરી તેની વિવેચનાત્મક તપાસ કરશે. પછી પોતાના અનુભવ ઉમેરી તે વિચારનું પોતાના શબ્દોમાં અર્થઘટન કરશે, પરિણામે આ લેખન મૂલ્યાંકનાત્મક બનશે. ક્યારેક તે માત્ર વિવેચનાત્મક કે ચાખણાત્મક પણ બની શકે છે.

સ્વાધ્યાય

પ્ર.–1 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ લખો.

(1) વાચન અને લેખનને સહોદર કહેવાનાં કારણો આપો.

(2) વાચન લેખનનું સંયોજન શી રીતે શક્ય છે ?

(3) પ્રયોજન લેખનને શી અસર કરે છે ?

(4) વાચક લેખનને કેવી રીતે અસર કરે છે ?

(5) સ્વવિચારનું લેખન અને અન્યના વિચાર વિશેના લેખનમાં શા તફાવતો છે ?

■